Registration of News Paper No. GUJGUJ/2015/65432
Pages: 8 Price : Rs. 3/- Annual Subscription : Rs. 800/-
Posting Licence No. RAJKOT / 678 / 2021-23 VALID UP TO 31-12-2023
posted at rajkot-RMS published & posting dt.-daily (evening)
Web: www.saurashtrakranti.com
Email ; saurashtrakranti@gmail.com

ગોપિ આવે છે, તમારા ઘેર....
ગોપિ ચા
હંમેશા લહેજદાર અને સ્વાદિષ્ટ
Packed & Marketed By
NYARI CORPORATION
Website : www.nyaricorporation.com
Email : info@nyaricorporation.com
Ph. : 02820-282512/Mo. +91 9601466409

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતી
સાંધ્ય દૈનિક
Year: 6, Issue:172 Dt.03-05-2021 (Monday)
તંત્રી, પ્રકાશક, મુદ્રક અને માલિક : ગઢવી અશોક મુળુભા, પ્રકાશન સ્થાન: 125, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ–360001

સુપ્રિમનું સુચન : લોકડાઉન લાદો

વેક્સિનનું નીતિનું પુનઃર્ગઠન કરી જનકલ્યાણને ધ્યાનમાં લેવા કેન્દ્રને તાકીદ, વેક્સિનેશન પ્રાપ્તીની નીતિ જાહેર આરોગ્યના અધિકારનો ભંગ ન બને એ જુઓ, નબળા વર્ગની જરૂરીયાતોની પૂર્તિ સાથે લોકડાઉન લાવવા કેન્દ્ર સરકારને આદેશ, કોઈને હોસ્પિટલમાં દાખલ કરતા રોકી ન શકાય, દવાથી વંચિત ન કરી શકાય, બે સપ્તાહમાં કોરોનાની રાષ્ટ્રીયનીતિ ઘડી કાઢવા જસ્ટીસ ચંદ્રચુડની બેન્ચનો આદેશ

(એજન્સી સમાચાર)

નવી દિલ્હી, તા.૩

વેક્સિન પ્રાપ્તી અને ભાવ અંગેની નીતિનું પુનઃર્ગઠન કરવા, દેશવ્યાપી લોકડાઉન લાદવા અને કોરોના મહામારી સામે જંગની રાષ્ટ્રીય નીતિ ઘડી કાઢવા સુપ્રિમ કોર્ટે કેન્દ્ર સરકારને તાકિદ કરી હતી. પ્રજાના હિતમાં કોરોના વાઇરસની બીજી લહેરને અંકુશમાં લેવા માટે લોકડાઉનની વિચારણા થવી જોઇએ તેવો અનુરોધ કરતા સુપ્રિમે કેન્દ્ર અને રાજયોને જણાવ્યું હતું કે, વેક્સિનની નીતિ જાહેર આરોગ્યના અધિકાર માટે નુકશાન કરતા બની ન રહે એ માટે આ નીતિની પુનઃ વિચારણા થવી જોઇએ. જસ્ટીસ ડી.વાય.ચંદ્રચુડ, જસ્ટીસ નાગેશ્વર રાવ અને જસ્ટીસ રવિન્દ્ર ભાટની બેન્ચ દ્વારા ઉપર મુજબના મહત્વના સુચનો કરવામાં આવ્યા હતા સુપ્રીમે દર્શાવ્યું હતું કે, લોકડાઉનની સામાજિક, આર્થિક અસરોથી અમે વાકેફ છીએ એટલે સમાજના જરૂરીયાત વાળા વર્ગોની તમામ જરૂરીયાતોની આગોતરી તૈયારી કરી લીધા બાદ લોકડાઉન લાવવું જોઇએ. જેથી કરીને આવી નબળી જ્ઞાતીઓ અને સમાજોને લોકડાઉન પહેલા જરૂરી ચીજ-વસ્તુઓ પહોંચાડી શકાય. સુપ્રીમે એવું પણ જણાવ્યું હતું કે, કોઇ દર્દીને હોસ્પિટલમાં દાખલ કરતા રોકી શકાય નહીં કે, સ્થાનિક રહેણાંકના આધાર પુરાવા ન હોય તો દવાથી પણ વંચિત કરી શકાય નહીં. હોસ્પિટલોમાં કોરોના દર્દીઓને દાખલ કરવાની રાષ્ટ્રીય નીતિ બે સપ્તાહમાં ઘડી કાઢવા અદાલતે કેન્દ્રને આદેશ આપ્યો હતો.

તાજેતરમાં કેન્દ્ર સરકારે તેની વેક્સિન નીતિમાં ફેરફારો

(અનુ.પાના નં.૪ ઉપર)

રાજકોટમાં કોરોના કાળઝાળ : વધુ ૭૨નાં મૃત્યુ

છેલ્લા ૪૮ કલાકમાં શહેરમાં ૧૩૭ દર્દીઓએ જાન ગુમાવ્યા, ગુજરાતમાં નવા ૧૩૮૪૭ કેસ નોંધાયા, વધુ ૧૭૨ના મૃત્યુ

મોરબીથી કડી સુધી ફેલાઇ નકલી રેમડેસિવિરની પ્રપંચ જાળ, માસ્ટર માઇન્ડ ઝડપાઇ ગયા હોવાનો પોલીસનો દાવો, કડીમાં ૭૦૦ નકલી ઈન્જેકશન ખરીદનાર મેડિકલ દુકાનદાર ઝડપાયો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૩

રાજકોટ સહિત સૌરાષ્ટ્ર અને ગુજરાતમાં વહીવટી તંત્ર અને લોકોના અસાધારણ પ્રયાસો અને પુરૂષાર્થો છતાં વિકળાર કોરોના મહામારીની બીજી લહેર દિવસેને દિવસે વધુ દર્દીઓના જાન લઇ રહી છે. ઓક્સિજનની તંગી અને ઓછા બેડની રાડા રાડ વચ્ચે રાજકોટમાં વધુ ૭૨ દર્દીઓએ કોવિડ હોસ્પિટલમાં આખરી શ્વાસ લીધા હતા. છેલ્લા ૪૮ કલાકમાં રાજકોટમાં કુલ ૧૩૭ કોરોના દર્દીઓ મૃત્યુ પામ્યા હોવાનું નોંધાયું હતું. રવિવારે ૬૫ દર્દીઓના મોત થયા પરંતુ તેમાં કોરોનાથી માત્ર ૯ દર્દીના મોત થયાનું ડેથ ઓડીટ કમીટિ દ્વારા નોંધવામાં આવ્યું હતું.

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં નવા ૧૩૮૪૭ અને વધુ ૭૨ દર્દીઓ મૃત્યુને ભેટયા છે. રાજયમાં અનેક હોસ્પિટલોમાં આઇસીયુ બેડ ભરચક થઇ ગયા હોવાનું જાહેર થયું છે. ઓક્સિજનની કારમી તંગી આજે પણ ચાલુ રહી હતી. પ્રાણ વાયુ વિના અનેક દર્દીઓ પ્રાણ છોડી રહયા હોવાનું જાહેર થયું હતું. નવી સમસ્યા નકલી રેમડેસિવિર ઇન્જેકશના

(અનુ.પાના નં.૪ ઉપર)

દેશમાં કોરોનાના નવા ૩,૬૮,૦૦૦ કેસ : યુપીમાં સંપુર્ણ લોકડાઉન

વધતા જતાં કેસો વચ્ચે પંજાબ, હરીયાણા, ઓરીસામાં વધુ કડક નિયંત્રણ, છેલ્લા ૨૪ કલાકમાં વધુ ૩૪૭૧ દર્દીઓ મૃત્યુને ભેટયા, કુલ મૃત્યુઆંક ૨ લાખ ૧૮ હજાર, અનેક રાજયોમાં ઓક્સિજન અને વેન્ટિલેટરની તંગીથી દાખલ દર્દીઓની દયાજનક દશા

(એજન્સી સમાચાર)

નવી દિલ્હી, તા.૩

દેશમાં કેન્દ્ર સરકાર અને રાજય સરકારોમાં જબ્બર પ્રયાસો વચ્ચે કોરોનાએ વધુને વધુ આતંક મચાવવાનું ચાલુ રાખતા છેલ્લા ૨૪ કલાકમાં નવા ૩,૬૮,૦૦૦ કોરોના કેસો નોંધાયા દેશની કોવિડ હોસ્પિટલોમાં વધુ ૩૪૧૭ દર્દીઓએ દમ તોડી દીધો હતો. આ રીતે કુલ મૃત્યુઆંક વધીને ૨ લાખ ૧૮ હજારની સપાટીએ પહોંચી ગયો છે. ઉત્તરપ્રદેશમાં પણ અંતે યોગી સરકારે તા.૪ મે સુધી સંપુર્ણ લોકડાઉન લાદવાની ફરજ પડી છે. એઇમ્સના વડા ડો.રણદીપ ગુલેરીયાએ પણ દેશમાં કોરોનાની મહામારીને કાબુમાં લેવા ફરીવાર દેશ વ્યાપી લોકડાઉનની ભલામણ કરી છે.

છેલ્લા ૨૪ કલાકમાં ૧૫ લાખ લોકોનું ટેસ્ટીંગ કરવામાં આવ્યું હતું. પરંતુ રવિવારે સૌથી વધુ વિક્રમી સંખ્યામાં એટલે કે ૩૬૮૯ દર્દીઓના મૃત્યુ થતા પરિસ્થિતિ વધુ ગંભીર બની હતી. હરીયાણા, પંજાબ અને ઓરીસા એ પણ વધુ કડક નિયંત્રણો જાહેર કર્યા છે. સુપ્રિમ કોર્ટે દિલ્હીમાં ઓક્સિજનનો પુરતો પુરવઠો પુરો પાડવા કેન્દ્ર સરકારને આદેશ આપ્યો હતો. સુપ્રિમે એ વાતની નોંધ લીધી છે કે, સોશીયલ મીડિયા પર દુનીયા આખાની હોસ્પિટલોમાંથી ઓક્સિજનની મદદ માટેના સંદેશાઓનો ધોધ વહી રહયો છે. દિલ્હીમાં સામુહિક સામાજીક મેળાવડા અને સુપરસ્પ્રેડર બનતા પ્રસંગો પર પ્રતિબંધ મુકવા પણ સુપ્રિમે અનુરોધ કર્યો હતો. હરીયાણામાં એક સપ્તાહનું અને ઓરીસામાં બે સપ્તાહનું લોકડાઉન જાહેર કરવામાં આવ્યું છે. પંજાબ સરકારે

(અનુ.પાના નં.૪ ઉપર)

લોકડાઉન લાદવાની ફરી ભલામણ કરતા એઇમ્સના વડા ડો.ગુલેરીયા, આરોગ્ય માળખુ ખતરામાં

ટીએમસી સાથે ખરાબ વર્તન કરનાર, ચૂંટણી પંચ વિરૂધ્ધ સુપ્રિમમાં ધા નાખશું : મમતા બેનર્જી

ચૂંટણી પંચને કારણે ભાજપને ૭૫ બેઠકો મળી, કેન્દ્રીય દળોએ ગ્રામ્ય મતદારો પર દમન ગુજારી મતદાન રોકયાનો આક્ષેપ

(એજન્સી સમાચાર)

કોલકત્તા, તા.૩

પશ્ચિમ બંગાળના વિધાનસભા ચૂંટણીઓમાં ટીએમસીને ત્રીજી વખત સફળ અને જોરદાર નેતૃત્વ પુરૂ પાડી બહુમતી અપાવનાર ટીએમસીના વડા મમતા બેનર્જીએ ચૂંટણી પંચ વિરૂધ્ધ સુપ્રિમ કોર્ટમાં જવાની આજે જાહેરાત કરી. ભાજપના પ્રવકતા બનીને ચૂંટણી પંચ અમારી સામે લડયું એવો આક્ષેપ કરતા મમતાએ જણાવ્યું હતું કે, મારી પાર્ટી સાથે સમગ્ર ચૂંટણી દરમ્યાન ખરાબ વર્તન કરવા બદલ અમે ચૂંટણી પંચ સામે સુપ્રિમ કોર્ટમાં ધા નાખશું.

મમતાએ ટકોર કરી હતી કે, ત્રણ નિવૃત અધિકારીઓ સમગ્ર લોકશાહી તંત્રનો કબ્જો લઇ શકે નહીં એ બદલ ચૂંટણી પંચ સામે સુપ્રિમની બંધારણીય બેન્ચ સમક્ષ અરજી કરવામાં આવશે. નંદીગ્રામમાં અને અન્યત્ર ઇવીએમ સાથે પણ છેડછાડ કરવામાં આવી હોવાનો અને નંદીગ્રામમાં મમતાની તરફેણના પોસ્ટલ બેલેટની ખોટી રીતે ગણતરી કરાયાનો પણ એમણે આક્ષેપ કર્યો હતો. મમતાએ જણાવ્યું હતું કે, બંગાળમાં ભાજપ ૭૦થી વધુ બેઠક મેળવી નહીં શકે. જે બેઠકો મળી છે એ ચૂંટણી પંચને આભારી છે. કેન્દ્રીય અર્ધલશ્કરી દળોએ ગામડાઓમાં લોકોમાં દમન કર્યું

(અનુ.પાના નં.૪ ઉપર)

નંદીગ્રામમાં ફેર મતગણતરીની મમતાની માંગણી ચૂંટણી પંચે ફગાવી, સાવ નજીવી સરસાઇથી સુવેંદુ અધિકારીને વિજેતા જાહેર કરાયા

બંગાળ, કેરળ, તામીલનાડુના પરીણામો મોદી-શાહ માટે આંચકા રૂપ

પ્લાસ્ટર મમતા દીદીને... ફ્રેકચર થઇ ગયું ભાજપને!!

કેન્દ્રની તમામ તાકાત કામે લગાડાયા છતાં ભાજપની બેઠકો વધી, સત્તા ન મળી, બંગાળી વાઘણ મમતા એકલા હાથે જાયન્ટ કિલર પુરવાર, ગયા વખતથી વધુ બેઠકો

મમતાએ નંદીગ્રામ ભલે ગુમાવ્યું, મુખ્યમંત્રીની ખુરશી નહીં ગુમાવે, મમતા માટે મુસ્લિમ મતો નિર્ણાયક બન્યા

(એજન્સી સમાચાર)

નવી દિલ્હી, તા.૩

કેન્દ્ર સરકારની તમામ પ્રચંડ તાકાતના ઉપયોગ, વડાપ્રધાન નરેન્દ્ર મોદી તથા કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ સહિતના કેન્દ્રીય પ્રધાનો અને સ્થાનિક ભાજપી નેતાઓના અત્યંત આક્રમક, ઝેરી તથા વિસ્ફોટક પ્રચાર યુધ્ધનું સુનામી ઝીલીને બંગાળની વાઘણ મમતા બેનર્જી વધુ એક વખત જાયન્ટ કિલર પુરવાર થયા છે અને મોદી-શાહની તમામ રાજકીય વ્યૂહ રચનાઓને પરાસ્થ કરી ગયા વખત કરતા પણ વધુ બેઠક મેળવીને અત્યંત શાનદાર દેખાવ કર્યો છે. દીદી ગયા, દીદી ગયાનો પ્રચાર કરી જાહેર સભામાં આવા વાકય બોલનાર વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બંગાળની પ્રજાએ જબર લપડાક મારી છે. અલબત ભાજપે ૨૦૧૬ની ચૂંટણીઓ કરતા ખુબ જ પ્રભાવશાળી દેખાવ કર્યો છે અને ગયા વખત કરતા વધુ બેઠકો પ્રાપ્ત કરી છે પરંતુ બંગાળ જીતવાની તેની મહેચ્છા મનમાં જ રહી ગઇ છે. બંગાળ વધુ એક વખત હથેળી પરનો ચાંદ સાબીત થયું છે.

પ્રશ્ચિમ બંગાળમાં જે આક્રમતા અને જનુન સાથે ચૂંટણી લડાઇ હતી તે ભારતીય ચૂંટણી ઇતિહાસનું અનોખુ પાનું બનીને ઇતિહાસમાં યાદ રાખવામાં આવશે. ભયાનક આક્ષેપબાજી અને કાદવ ઉછાળવાની રમત ચાલતી રહી હતી. મતદાનના એક નહીં બે નહીં પણ આઠ-આઠ તબક્કા નક્કી કરીને લાંબો સમય ચૂંટણી ચલાવવામાં આવી હતી. મોદી સરકારે બંગાળ પર અને ખાસ કરીને મમતા અને તૃણમુલ

(અનુ.પાના નં.૪ ઉપર)

Rangpar Milk Products
PRESENTING
GIR COW'S GHEE
QUALITY IS MORE THAN A Promise
VEG
BUY 1 GET 1 FREE
GIR COW GHEE
100% PURE
9512895125

મોર્કેટીંગ માટે છોકરા તેમજ છોકરી જોઇએ છે
મો.૯૪૦૯૭ ૫૭૦૬૨

OM CATRERS
Best Food For All Occassion
Call: 98251 51818 / 97144 53898
Web: www.omcaterersrajkot.com

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતી
સાંધ્ય દૈનિક

સૌરાષ્ટ્ર ક્રાંતી છેલ્લા છ વર્ષથી આપને અવનવા સમાચારોથી અપડેટ રાખે છે. નિષ્પક્ષ પત્રકારત્વની અલગ ઓળખ ઉભી કરવા કાયમ પ્રયત્નશીલ છે અમારા દ્વારા ડિજીટલ માધ્યમથી આપને સમાચારપત્ર પહોંચાડવામાં આવે છે. એક દિવસના એક રૂપિયાના અનુદાન દ્વારા આપ નિષ્પક્ષ પત્રકારત્વને જીવંત રાખી દેશની ચોથી જાગીર ને મજબુત બનાવવા નિમીત બનશો નીચે આપેલ લીંક પર કલીક કરીને સબસ્ક્રાઈબ કરો
http://www.saurashtrakranti.com/subscribe/

સૌરાષ્ટ્ર તેમજ દક્ષીણ ગુજરાતનાં સમાચારો મેળવવા માટે આજે જ તમારા મોબાઈલમાં અમારી **Sk News** એપ્લિકેશન ઈન્સ્ટોલ કરો.. તેમજ સૌરાષ્ટ્ર ક્રાંતી ન્યૂઝ પેપરની વેબસાઈટ પર જઈને પણ ન્યૂઝ મેળવી શકો છો.

GET IT ON Google Play

SK NEWS

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

સૌરાષ્ટ્ર ક્રાંતી NEWS

www.saurashtrakranti.com

શ્રધ્ધાજંલિ / બેસણું

જાહેર ખબર પ્રકાર	આવૃતિ	સાઈઝ	ભાવ
બેસણું/શ્રધ્ધાજંલિ	રાજકોટ	5x2	200 5% GST

જાહેરાત માટે સંપર્ક કરો:
90333 44426

125, સ્ટાર ચેમ્બર,
હરિહર ચોક,
પંચનાથ પ્લોટ,
રાજકોટ–360001

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

સૌરાષ્ટ્ર ક્રાંતી
સાંધ્ય દૈનિક

WhatsApp કરો

તમારા ન્યુઝને

'સૌરાષ્ટ્ર ક્રાંતિ'માં જર્નાલિસ્ટ બની તમે પણ ગર્વ અનુભ્વો

તમારી આસપાસ બનતી કોઇ પણ ઘટના,સમાચાર,સમસ્યા કે તસ્વીરોને અમારા સુધી પહોંચાડો.

કોઇપણ ઘટના કે સમાચારની વિગત

93276 28571 ઉપર Whats App કરો

email: saurashtrakranti@gmail.com
web: www.saurashtrakranti.com

મોભો એ જ, માધ્યમ નવું

યુ ટ્યુબના માધ્યમથી સૌરાષ્ટ્ર ક્રાંતી આપશે આપની સમસ્યાને વાચા

YouTube
અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતી
NEWS
www.saurashtrakranti.com

આજે જ સૌરાષ્ટ્ર ક્રાંતીની યુ ટ્યુબ ચેનલને સબસ્ક્રાઈબ કરો અને સમાચાર મેળવો

SUBSCRIBE
TO OUR CHANNEL
SAURASHTRA KRANTI

@saurashtrakranti/
saurashtrakrant
SAURASHTRAKRANTI
SAURASHTRAKRANTI

Web: www.saurashtrakranti.com

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવ:ડી

સૌરાષ્ટ્ર ક્રાંતી
સાંધ્ય દૈનિક

ક્લાસિફાઇડ

પ્રોપર્ટી, લગ્ન, નોકરી, શૌક્ષણીક, ઔષધ,યાત્રાપ્રવાસ, ધંધાદારી, વ્યવસાયલક્ષી, વાહનબજાર

જાહેરાત માટે સંપર્ક કરો:
90333 44426

Appointment

આ પેજ પર આપની જાહેરાત નજીવા દરે આપવા માટે 94097 57062 પર ફોન કરો અથવા મેસેજ કરો.

વાવડીની જમીન બાબતે અન્ય વરસાઈની અરજી નામંજુર થયેલીઃ નિખિલભાઈ રાજયગુરૂ

મામલતદાર રાજકોટ તાલુકાની કોર્ટનાં તકરારી કેસમાં ચુકાદો આવ્યા બાદ અન્ય વારસદારોએ ચેલેન્જ પણ નથી કર્યુંઃ એડવોકેટ લખતરીયા

વાવડીની જમીન બાબતે ખોટા નિવેદન તથા જાહેરજનતાને ગુમરાહ કરતા લોકો સામે કાર્યવાહી કરાશેઃ વકીલ લખતરીયા

વાવડીની જમીન બાબતે જમીન વેચનારનાં વકીલ લખતરીયાએ જણાવ્યું હતું કે, અમારા અસીલ વતી આ જમીન બાબતે કેટલાક લોકો જાહેર જનતાને ગુમરાહ કરી ખોટા નિવેદનો કરી અમારા અસીલના માન મોભાને હાની પહોંચે તેવા કૃત્ય કરતા હોય અમારા અસીલ વતી આવા લોકો સામે માનહાની અને કોર્ટ મારફતે જરૂરી કાર્યવાહી કરવા તથા જરૂર પડ્યે પોલીસના ઉચ્ચ અધિકારીએ મળી યોગ્ય લેખિતમાં રજૂઆત કરી આવા લોકો સામે કાર્યવાહી કરવા તજવીજ હાથ ધરવામાં આવશે.

GUJARAT LAW REPORTER

CIVIL REVISION APPLICATION



મામલતદાર રાજકોટ તાલુકાની કોર્ટના તકરારી કેસ નં. ૩૯/૧૨ નો ચુકાદો

રાજકોટ, તા.૩

શહેરની ભાગોળે આવેલા વાવડી ગામના સર્વેનં. ૫ પૈકી ૩ ની જમીન બાબતે કેટલાક લોકો દ્વારા વારસાઈ અંગે ખોટા નિવેદનો કરવામાં આવતા. આ બાબતે એડવોકેટ લલિતભાઈ લખતરીયા અને પ્રતાપરાય રાજગુરૂના વારસાઈ ના વતી નિખિલભાઈ રાજ્યગુરુ દ્વારા ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરવામાં આવી છે. તેઓએ જણાવ્યું છે કે, અગાઉ વાવડીની જમીન બાબતે મામલતદાર રાજકોટ તાલુકાની કોર્ટના તકરારી કેસ નં.૩૯/૧૨ નો ચુકાદો અગાઉ આવી ગયો છે. જેમાં પ્રતાપરાય હરીશંકર રાજ્યગુરુ (રહે.અક્ષરપાર્ક રૈયા સર્કલ ચોકડી પાસે) એ પ્રિયવંદનાબેન મહેશભાઈ મહેતા (રહે. સખીયા નગર એરપોર્ટ રોડ) તથા મુકેશ શાંતિલાલ રાજયગુરુ (રહે. અશોક સોસાયટી એરપોર્ટ રોડ) વિરુધ્ધ તકરાર કરવામાં આવી હતી. જેમાં વાવડી રેવન્યુ સર્વે નં. ૧ પૈકી ૩.હે ૧-૨૩-૯૩ ચો.મી. ની વારસાઈની નોંધ નં.૬૯૭૫ સામેની વાંધા અરજીની તપાસ કરવા અંગે તકરારી કેસ કરવામાં આવ્યો હતો.

બંને પક્ષે સાંભળ્યા બાદ તકરારી કેસ નં. ૩૯/૧૨ અન્વયે હુકમ કરવામાં આવ્યો હતો કે વાવડી ગામે ખેતીની જમીન રેવન્યુ સર્વે નં. ૫ પૈકી રૂ.હે.૧-૨૩-૯૩ ચો.મી ની વારસાઈની ઈ-ધરા કેન્દ્રમાં કાચી નોંધ નં. ૬૯૭૫ નામંજૂર કરવા હુકમ કરવામાં આવ્યો હતો તથા આ કામે રાજકોટની સિવિલ કોર્ટમાં ચાલતા રે.દિ.કેસ.નં. ૮૪/૦૮, ૮૫/૦૮ તથા ૫૯/૧૦ માં જે નિર્ણય આવે તે તમામ પક્ષકારોને બંધ ન કર્તા રહેશે અને થયેલ હુકમ મુજબ અત્રે સમક્ષ નોંધ પડાવવા આવવાનું રહેશે. તેવા ગઈ તા.૨૯/૫/૨૦૧૩ ના રોજ રાજકોટ તાલુકા મામલતદાર દ્વારા હુકમ કરવામાં આવ્યો હતો.



વધુમાં તેઓના વકીલ લલીતભાઈ લખતરીયાએ જણાવ્યું હતું કે આ હુકમ આવ્યા બાદ તેઓએ ચેલેન્જ પણ નહીં કરતા આ હુકમ તેઓએ માન્ય રાખ્યો હતો.

પંચરત્ન પાર્કમાં બંધ મકાનમાંથી રૂ.૨૫.૨૧ લાખની મતાની ચોરી કરનાર ત્રિપુટી સકંજામાં

સુરેન્દ્રનગર પંથકમાં લૌકિક ક્રિયાએ ગયેલા પરિવારનાં બંધ મકાનને તસ્કરોએ નિશાન બનાવ્યું

(તસવીરઃ દિલીપ ગોહેલ)

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૩

કાલાવડ રોડ પર આવેલા કણકોટ ગામ પાસે પંચરત્ન પાર્કમાં બંધ મકાનને તસ્કરોએ નિશાન બનાવી રૂ.૨૫.૨૧ લાખની મતાની ચોરી કરી જતા તાલુકા પોલીસે તપાસ હાથ ધરી ગણતરીની કલાકોમાં ત્રિપુટીને સકંજામાં લઇ વધુ તપાસ હાથ ધરી છે. આ અંગેની વિગત મુજબ ગોલ હાઈટસની પાછળ મવડી હેડ ક્વાર્ટર પાસે આવેલા ગૌતમ પાર્કમાં રહેતા મગનભાઈ ચતુરભાઈ જાદવ (ઉ.વ.૫૪) નામના પ્રોઢે તાલુકા પોલીસમાં ફરિયાદ નોંધાવી છે કે ગઈ તા. ૨૯/૪/૨૧ ના રોજ સવારે તેની પત્ની સાથે સુરેન્દ્રનગરના સુદામડા ગામે મામાનું અવસાન થયું હોય ત્યારે તેની લૌકિક ક્રિયામાં ગયા બાદ મગનભાઈનાં પુત્ર અને પુત્રવધુ તેના નવા મકાન પંચરત્ન પાર્ક કણકોટ પાસે આવેલું હોય ત્યાં સુવા ગયા ત્યારે બંધ મકાનમાં ક્વાર્ટરના તાળા તૂટેલા નજરે પડતા પુત્રએ માતા-પિતાને જાણ કરતા મગનભાઈ અને તેના પત્ની ઘરે આવી પોલીસને જાણ કરતા તાલુકા પોલીસના પી.આઈ જે.વી.ધોળા, પી.એસ.આઈ એન.ડી.ડામોર તથા પી.એસ.આઈ પી.એમ.રાઠવા સહિતનો સ્ટાફ ઘટના સ્થળે દોડી જઈ પ્રાથમિક તપાસ કરતા ક્વાર્ટરમાંથી રોકડા રૂ.૪૩૦૦૦૦ તથા સોના-ચાંદીના દાગીના સહિત કુલ રૂ.૨૫૨૧૦૦૦ લાખની મતાની ચોરી તસ્કરો કરી ગયાનું બહાર આવતા પોલીસે મગનભાઈ જાદવની ફરિયાદ નોંધી તપાસ હાથ ધરતા ગણતરીની કલાકોમાં ત્રિપુટીને સકંજામાં લઇ તપાસ હાથ ધરી છે.

---

૫ લાખ વિદ્યાર્થીઓએ રસી લેવા પોસ્ટકાર્ડ લખી લોકોને જાગૃત કર્યા

(એજન્સી સમાચાર)

જૂનાગઢ,તા.૩

શિક્ષક કભી સાધારણ નહિ હોતા, ચાણક્યની આ વાત જૂનાગઢ જિલ્લાના શિક્ષકોએ આત્મસાત કરી લીધી છે. હાલ કોરોના મહામારીએ ઉપાડો લીધો છે ત્યારે કોરોનાની ચેઇન તોડવા માટે શિક્ષકો મેદાનમાં આવ્યા છે. આ અંગે જિલ્લા શિક્ષણાધિકારી આર.એસ. ઉપાધ્યાયે જણાવ્યું હતું કે, લોકોમાં કોરોના અંગે જનજાગૃત્તિ માટે શિક્ષકોનો વેબીનાર કરવામાં આવ્યો હતો જેમાં જનજાગૃત્તિ અભિયાન શરૂ કરવા જણાવાયું હતું.

દરમિયાન દરરોજ ૧૦,૦૦૦ શિક્ષકો ૫ પરિવારને ફોન કરી તેના ખબર અંતર પૂછવા સાથે કોરોના વેક્સિનનું મહત્વ સમજાવે છે. ખાસ કરીને કોરોનાથી બચવા માસ્ક પહેરવા, સોશ્યલ ડિસ્ટન્સ જાળવવા, સતત હાથ ધોતા રહેવા, સેનેટાઇઝ કરતા રહેવા તેમજ બિનજરૂરી રીતે બહાર ન જવા સમજાવાય છે. આ ઉપરાંત વિદ્યાર્થીઓને પણ લોકોમાં કોરોના જનજાગૃતિ લાવવા પોસ્ટકાર્ડ ઝુંબેશ શરૂ કરવા જણાવાયું હતું જેના ફળસ્વરૂપે અત્યાર સુધીમાં ૫,૦૦,૦૦૦ વિદ્યાર્થીઓએ પોતાના સગા સબંધીને પોસ્ટ કાર્ડ લખી કોરોના અંગે જાગૃત કરી વેક્સિન લઇ કોરોનાની ચેઇન તોડવામાં મહત્વની ભૂમિકા ભજવી છે.

દરમિયાન એક વિદ્યાર્થીએ પોતાના દાદા,દાદીને પોસ્ટકાર્ડ લખ્યો હતો જેમાં જણાવાયું હતું કે, નજીકના દિવસોમાં જ મારો જન્મ દિવસ છે. તમે કોરોના રસી લઇ લ્યો તે જ મારી બર્થડે ગિટ છે.

આમ, કોરોના સામે રસીકરણ અંગે જનજાગૃત્તિ ફેલાવવામાં બાળકો પણ ચોટદાર સંવાદો સાથે પોસ્ટકાર્ડ લખી રહ્યા છે જેથી અનેક પરિવારજનો જાગૃત બની વેક્સિન લઇ રહ્યા છે.

ભગવતીપરા પોલીસ ચોકી પાસે દેશી-વિદેશી દારૂનું ખુલ્લે આમ વેચાણ

બુટલેગરોને છાવરતી, કડક કાર્યવાહી સામે સવાલો ઉઠાવવા પૂર્વ કોર્પોરેટરો રેખાબેન ગજેરા

(સૌરાષ્ટ્ર ક્રાંતી પ્રતિનિધિ-રાજકોટ)

રાજકોટ, તા.૩

શહેરના બી.ડિવીઝન પોલીસ હેઠળ આવતી ભગવતીપરા પોલીસ ચોકીની બાજુમાં દેશી-વિદેશી દારૂ ખુલ્લે આમ વેચાતો હોય, પોલીસ નિષ્ક્રિય બની તમાશો જોતી હોવાના આક્ષેપ સાથે પૂર્વ કોર્પોરેટર રેખાબેન ગજેરાએ ઉતર વિભાગના એ.સી.પી રાઠોડને અણસણતો પત્ર લખ્યો છે. પ્રાપ્ત વિગતો મુજબ રાજયના મા.મુખ્યમંત્રીના હોમટાઉનમાં છેલ્લા ઘણા સમયથી પોલીસની ધાક ઓસરતી હોય અને પોલીસની નિષ્ક્રિયતા તટસ્થતા, નિષ્પક્ષતા, પુર્વકની કામગીરી કરવાના અભાવે શહેરમાં ગુન્હાખોરીનું પ્રમાણ દીનપ્રતિદીન વધી રહ્યુ છે. એક સમયના શાંત ગણાતા રાજકોટ શહેરમાં લુટ, ધાડ, બળાત્કાર, ચીલઝડપ અને પોલીસ ઉપર ગુનહેગારો દ્વારા હુમલાના બનાવો સામાન્ય બની ગયા છે. ત્યારે શહેરના પછાત અને સંવેદનશીલ વિસ્તારની સ્થિતિ ઘણી જ ખરાબ છે. આવા વિસ્તારોમાં સતત પેટ્રોલીંગ કરી ગુન્હાખોરને ડામવામાં પોલીસ તંત્ર સદતર નિષ્ફળ નિવડયુ છે.

ત્યારે શહેરના અતિ સંવેદનશીલ અને પછાત વિસ્તારમાં ગુન્હાખોરી ઘટાડવાં ઉમદા હેતુથી પી.એસ.આઈ.ની પોસ્ટ અને સ્ટાફના સાથેનું પોલીસ સ્ટેશન ચોકી ભગવતીપરા વિસ્તારમાં ઉભી કરવામાં આવી હતી. પરંતુ આ ઉમદા હેતુ પુર્ણ થયા નથી અને આ વિસ્તારમાં ગુનહાઓ અને ગુનેગારો નો ગ્રાફ સતત વધી રહયો છે. મુળમાં આ વિસ્તારમાં ચાલતા દેશી અંગ્રેજી દારૂના ધંધાઓ છે.

આ બધાજ ધંધાઓ ભગવતીપરા પોલીસ ચોકીની ૧૦૦ થી ૨૦૦-૫૦૦ માટેની ત્રીજીયામાં જ ચાલે છે. છતાં પણ પોલીસ કોઈ જ કાર્યવાહી કરતી નથી. ત્યારે શું આ બધી જ બાબતથી સ્થાનિક પોલીસના અધિકારીઓ અજાણ છે કે પછી ઈરાદા પુર્વક આવી પ્રવૃતિ તરફ આંખ આડા કાન કરવામાં આવે છે. સવાર-સાંજ માસના દંડના નામે નકકી કરેલા ટારગેટો પુરા કરવા પોલીસ તંત્ર નિર્દોશ અને સામાન્ય માણસો તેમજ વેપારીઓને હેરાન પરેશાન કરી વસુલાત કરે છે. આવા ગુન્હાની પ્રવૃતિઓ કરવા શા માટે છાવરે છે તે સમજાતું નથી. ત્યારે આ વિસ્તારમાં ચાલતા દારૂના અડાઓ બંધ કરાવવા અને આ બાબતે ફરજ પરના અધિકારીની જવાબદારી ફીકસ કરી કાર્યવાહી કરવા કોંગ્રેસનાં પૂર્વ કોર્પોરેટર રેખાબેન ગજેરાએ માંગ કરી છે. આ રજૂઆતમાં ઠાકરશીભાઈ ગજેરા ઉપપ્રમુખ, રાજકોટ શહેર કોંગ્રેસ યોગરાજસિંહ જાડેજા, મહામંત્રી કોંગ્રેસે વોર્ડ નં-૪ મુકેશભાઈ યાદવ, કોંગ્રેસે વોર્ડ નં-૪ રામભાઈ બોરીચા જોડાયા હતા.

દાઉદી વ્હોરા સમાજના ધર્મગુરૂ હીઝહોલીનેશ ડો.સૈયદના (ત.ઉ.શ)ની ૭૮ મી મિલાદ મુબારક

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૩

ડો.સૈયદના સાહેબ(ત.ઉ.શ)નું ફરમાન : દરેક લોકોએ કોરોનાની રસી મુકાવી

વિશ્વભરના દાઉદી વ્હોરા સમાજના ધર્મગુરૂ હીઝહોલીનેશ ડો.સૈયદના અબુ જાફરૂસ્સાદીક આલીકદર મુફદ્દલ સૈફુદ્દીન સાહેબ(ત.ઉ.શ)ની૭૮ મી મિલાદ મુબારક(જન્મદિવસ) ૨૩ મી રમજાન આજે તા.૩ ને મંગળવારના રોજ છે. હાલ કોરોનાની મહામારી હિસાબે કોઇપણ જાહેર કાર્યક્રમ નહી થાય. સોશીયલ ડિસ્ટન્સ, લોકડાઉન તેમજ સરકારના નિયમોનું ચુસ્તપણે પાલન કરી ઘરે-ઘરે દુઆઓ કરશે અને ઓનલાઈન મજલીસ થશે.

હીઝહોલીનેશ ડો.સૈયદના સાહેબ(ત.ઉ.શ)ને મુબારક પાઠી વોટ્સએપ-ઈમેઈલ દ્વારા દાઉદી વ્હોરા સમાજ પાઠવશે.

રમજાન માસ ચાલતો હોવાથી દાઉદી વ્હોરા સમાજનના લોકો ઘરે રહીને નમાજ ઈબાદત કરે છે અને દુઆઓ કરે છે કે આ કોરોનાની મહામારીથી જલ્દીથી શીફા આપે.

હોલીનેશ ડો.સૈયદના સાહેબ (ત.ઉ.શ) દાઉદી વ્હોરા સમાજના ત્રેપનમાં દાઈ મુત્લક છે.

ડો.સૈયદના સાહેબ (ત.ઉ.શ.)એ વિશ્વભરમાં વસતા દાઉદી વ્હોરા સમાજને ફરમાન કરેલ છે કે, કોરોની રસી દરેક દરેક લઇ લેવી.

ઘરમાં જ ઈબાદત કરો, કામ વગર ઘરની બહાર ન નીકળો, સરકારના નિયમોનું ચુસ્ત રીતે પાલન કરો, સોશિયલ ડીસ્ટન્સ રાખો, માસ્ક વગર બહાર ન નીકળો, ઓન લાઈન મજલીસ, દુઆઓ થાય છે. તો ઘર માં જ રહો. રમજાનની ૨૩મી રાત જાગરણ રાત જાગીને આખી રાત ઈબાદત કરજો કે કોરોનાની બીમારીથી વિશ્વભરનાં લોકોને શિફા થઇ જાય.

હીઝહોલીનેશ ડો.સૈયદના સાહેબ (ત.ઉ.શ) આપણી ૭૮મી મિલાદ મુબારક (જન્મદિવસ) દુઆઓ કરીને ગુજારશે.

સદા રહેજો બાકી સલામતએ મૌલા, હજારો વરસ એમ દોએ છે, હમારી....

પ્રાસંગિક લેખ : શેખ યુસુફઅલી જાહેર કાર્ડસવાળા

તંત્રી સ્થાનેથી...

કોરોનાના નવા સ્ટ્રેનથી બચવા નિયમોનું પાલન કરો

કોરોના વાયરસની સેકન્ડ વેવની વચ્ચે દર્દીઓમાં હવે કોરોનાના નવા અને ખૂબ જ નોખા લક્ષણો જોવા મળી રહ્યા છે. દરેક ઉંમરના લોકો પર આ વાયરસનો સમાન ખતરો છે. વાયરસનો આ નવો સ્ટ્રેન પોતાની સાથે જુદા જુદા પ્રકારના લક્ષણો લઇને આવ્યો છે. પહેલા લોકોને તાવ, ખાંસી, શરદી, નાક વહેવું, શ્વાસ લેવામાં તકલીફ, શરીર દુખાવો અને જીભનો સ્વાદ ગુમાવવો અને સ્મેલ ન કરી શકવું જેવી સમસ્યા હતી. પણ આ વખતે અમુક નવા લક્ષણો સામે આવ્યા છે. નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ હેલ્થની રિપોર્ટ અનુસાર, કોરોના વાયરસના દર્દીમાં આ વખતે એક ઓરલ લક્ષણ જોવા મળી રહ્યા છે. ડૉક્ટર તેને જીરોસ્ટોમિયા(ડ્રાઈ માઉથ) કહી રહ્યા છે, જેમાં મોઢાની અંદરની સેલિવરી ગ્લાન્ડ કામ કરવાનું બંધ કરી દે છે અને વ્યક્તિનું મોઢું સૂકાવવા લાગે છે. આવું ત્યારે બને છે જ્યારે વાયરસ કોઈ વ્યક્તિની ઓરલ લાઇનિંગ અને મસલ ફાઈબર પર એટેક કરે છે. કોવિડ ટંગ પણ એક નવો લક્ષણ છે. જેમાં માણસની જીભનો રંગ સફેદ પડવા લાગે છે. મોઢાની ઉપર હળવા ધબ્બા પડલા લાગે છે. મોઢાની અંદર લાળ બનવાની બંધ થઇ જાય છે, જે તેને હાનિકારક બેક્ટેરિયાથી બચાવવાનું કામ કરે છે. આ લક્ષણ દેખાવા પર માણસને ચાવવા અને થૂકવામાં મોટી તકલીફ પડે છે. જે મોઢાના સેંસેશનને પણ પ્રભાવિત કરે છે. મોઢામાં અલ્સરના કારણે સતત ચાવવાના કારણે માંસપેશીઓમાં દુખાવો ઉપડી શકે છે. કોરોનાના નવા સ્ટ્રેનમાં આંખોથી જોડાયેલો પણ એક લક્ષણ સામે આવ્યો છે. ચીનમાં થયેલી એક નવી સ્ટડી અનુસાર, કોરોના સંક્રમિત દર્દીની આંખો હળવી લાલ જોવા મળે છે. આંખોમાં હળવા સોજા અને સતત પાણી વહેવાની સમસ્યા પણ થઇ રહી છે. નવા લક્ષણોમાં કાનથી જોડાયેલી સમસ્યા પણ જોવા મળી રહી છે. ઘણાં દર્દીઓએ ઓછું સાંભળવું કે કાનોમાં દબાણ મહેસૂસ થવાની વાત કબૂલી છે. અમુક દર્દીઓએ કાનમાં દુખાવાની ફરિયાદ પણ કરી છે. કોઈપણ અસામાન્ય લક્ષણ દેખાવા પર તરત ટેસ્ટ કરાવો. ડાયજેસ્ટિવ સિસ્ટમ જેમાં ગેસ્ટ્રો-ઈંટસટાઇનલ ટ્રૈક સહિત લિવર, પૈંક્રિયાઝ અને ગોલ બ્લેડર પણ સામેલ છે. તેનું વધારે ધ્યાન રાખવાની જરૂર છે. કોરોના ગુર્દાના ફંક્શનને પણ પ્રભાવિત કરી શકે છે. જેનું કામ શરીરથી ઈલેક્ટ્રોલાઇટ્સ અને લૂડને એબ્ઝોર્બ કરવાનું છે. આ ઉપરાંત કોરોનાના લોન્ગ ટર્મ લક્ષણોમાં ઘણી રીતની મુશ્કેલીઓ જોવા મળી છે. નબળાઇ, બ્રેન ફોગ, ચક્કર આવવા, ધ્રૂજારી આવવી, ઈન્સોમેનિયા, ડિપ્રેશન, એક્ઝાઇટી, સાંધામાં દુખાવો અને છાંતીમાં જકડન જેવી ફરિયાદો સામે આવી રહી છે. હેલ્થ ઓથોરેટિસ એવો દાવો કરી રહી છે કે કોરોનાના હળવા લક્ષણવાળા દર્દી આઈસોલેશનમાં વગર કોઇ સ્પેશ્યિલ સારવાર વિના રિકવર થઇ શકે છે. જોકે, ડાયબિટીઝ, ક્રોનિક રેસ્પિરેટરી ડિસીઝ અને કેંસર જેવી ગંભીર બીમારીઓના શિકાર લોકો ગંભીર રીતે બીમાર પડી શકે છે. કોરોના વાયરસના ઘાતક સ્ટ્રેનથી બચવા માટે મોઢા પર વ્યવસ્થિત રીતે માસ્ક પહેરો. હાથોને સારી રીતે સેનેટાઇઝ કરો કે સાબુથી ધુઓ. ભીડમાં જતા બચો. હેલ્થ ઓથોરિટી દ્વારા બહાર પાડવામાં આવી રહેલી ગાઈડલાઇન્સનું પાલન કરો.

દૈનિક રાશીફળ

તા.૦૩-૦૫-૨૦૨૧ સોમવાર(જી.એન.એસ)

મેષ (અ,લ,ઈ) : તમારા વ્યક્તિત્વનો વિકાસ થાય,આગળ વધવાની તક મળે.
વૃષભ (બ,વ,ઉ) : આવક જાવક નો હિસાબ રાખવો પડે,ખર્ચ પર અંકુશ રાખવો.
મિથુન (ક,છ,ઘ) : સગા સ્નેહી મિત્રોથી સારું રહે,પ્રગતિકારક દીવસ રહે.
કર્ક (ડ,હ) : નોકરિયાતવર્ગ ને સારું રહે,સ્ત્રી વર્ગ માટે ઉત્સાહજનક.
સિંહ (મ,ટ) : ભાગ્યની દેવી રીઝતી જણાય,નવીન તક હાથ માં આવે.
કન્યા (પ,ઠ,ણ) : માનસિક વ્યગ્રતા જણાય,મન નું ધાર્યું ના થાય.
તુલા (ર,ત) : જાહેરજીવનમાં સારું રહે,યશ પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી શકો.
વૃશ્ચિક (ન,ય) : તબિયતની કાળજી લેવી,જીવનમાં નિયમિતતાની જરૂર છે.
ધન (ધ,ભ,ફ,ઢ): પ્રણયમાર્ગે આગળ વધી શકો,પ્રિયપાત્ર થી મુલાકાત થાય.
મકર (ખ,જ) : તમામ ભૌતિક સુખ સગવડ પ્રાપ્ત થાય,દિવસ આનંદ માં વીતે.
કુંભ (ગ,સ,શ) : નવા કાર્યમાં આગળ વધી શકો,મિત્રોની મદદ મળી રહે.
મીન (દ,ચ,ઝ,થ): તમે કરેલા કાર્યના સારા પરિણામ મેળવી શકો,દિવસ શુભ રહે.

આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૭, શાલિવાહન શક-૧૯૪૨,વીર સંવત-૨૫૪૭, ઈસ્લામીક સંવત-૨૦૨૦, તા. ૦૨-૦૫-૨૦૨૧, સોમવાર, ચૈત્ર વદ-૭, સૂર્યોદય-૬-૦૭, સૂર્યાસ્ત-૭-૦૩, જૈન નવકારશી-૭-૧૬, આજની રાશિ : ધન (ધ,ભ,ફ,ઢ), નક્ષત્રઃ પૂર્વાષાઢા

સૂર્ય-કુંભ
ચંદ્ર-કર્ક
મંગળ-ધન
બુધ-કુંભ
ગુરૂ-ધન
શુક્ર-મેષ
શનિ-મકર
રાહુ-મિથુન
કેતુ-ધન
હર્ષલ-મેષ
નેપ્ચ્યુન-કુંભ
પ્લુટો-મકર

- શુભ ચોઘડીયા -

અભિજીત ૧૩-૩૯ થી ૧૩-૨૪, ૮-૪૬ થી શુભ ૧૦-૧૧ સુધી, ૧૩-૦૧ થી ચલ-લાભ-અમૃત, ૧૭-૧૬ સુધી, ૧૮-૪૨ થી લાભ-૨૦-૧૬ સુધી, ૨૧-૫૧ થી શુભ-અમૃત-૨૫-૦૧ સુધી

- શુભ હોરા-

૮-૧૮ થી ૯-૧૪ સુધી, ૧૧-૦૮થી ૧૩-૫૮ સુધી, ૧૪-૫૫થી ૧૩-૫૧ સુધી ૧૭-૪૫થી ૨૦-૪૮ સુધી

શહેર ભાજપ કાર્યાલય ખાતેથી આજથી ટોકન વિતરણ કામગીરીનો પ્રારંભ

જરૂરિયાતમંદ દર્દીનો RT-PCR ટેસ્ટ વિનામૂલ્યે કરાવી શકશે

પ્રદેશ બક્ષીપંચ મોરચાના પ્રમુખ ઉદય કાનગડ દ્વારા રૂ.૭ લાખનું અનુદાન : ૧ હજાર જરૂરીયાતમંદ દર્દીઓ નિઃશૂલ્ક ટેસ્ટ કરાવી શકશે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૩

હાલમાં કોરોનાની બીજી લ્હેરમાં સંક્રમિત થયેલા લોકો માટે આર.ટી.પી.સી.આર. ટેસ્ટ કરતી લેબોરેટરીમાં વ્યક્તિદીઠ રૂ. ૭૦૦ જેવો ખર્ચ થાય છે, ત્યારે પ્રદેશ ભાજપ બક્ષીપંચ મોરચાના પ્રમુખ અને શહેરના પૂર્વ મેયર ઉદય કાનગડે સંવેદનશીલ વલણ દાખવી રાજકોટ મહાનગરપાલિકાના સહયોગથી શરૂ થયેલ આરટીપીસી ડ્રાઈવ થ્રૂ ટેસ્ટ દરમિયાન કોઈ જરૂરીયાતમંદ દર્દીને જરૂર પડે તો ડોકટરના પ્રીસ્ક્રીપ્શન ઉપર વિનામુલ્યે ટેસ્ટ લેબોરેટરી કરી આપે તે માટે રૂ. ૭ લાખનું અનુદાન આપેલ છે. જેનાથી ૧૦૦૦ જરૂરીયાતમંદ દર્દીઓ આરટીપીસીઆર ટેસ્ટ વિનામુલ્યે કરાવી શકશે.

ત્યારે આ આરટીપીસીઆર ટેસ્ટ નિઃશુલ્ક કરાવવા માટેના ટોકન મેળવવા માટે જરૂરીયાતમંદ દર્દીઓ સવારના ૧૦ થી ૧૨ અને સાંજે ૫ થી ૭ દરમ્યાન ઓરીજનલ રેશનકાર્ડ સાથે રાખીને રાજકોટ શહેર ભાજપ કાર્યાલય, ૩૦-૩૦ કરણપરા, એસ.ટી. બસ સ્ટેશન પાછળ, ખાતેથી ટોકન મેળવી શકશે તેમ અંતમાં શહેર ભાજપ પ્રમુખ કમલેશ મિરાણી, મહામંત્રી જીતુ કોઠારી, કિશોર રાઠોડની યાદીમાં જણાવેલ છે.

જરૂરીયાતમંદ દર્દીઓ ફ્રી ટેસ્ટ કરાવવા માટે ઓરીજનલ રેશન કાર્ડ સાથે રાખીને કરણપરા ખાતે શહેર ભાજપ કાર્યાલય, ૩૦/૩૯- કરણપરા, એસ.ટી. બસ સ્ટેશન ખાતેથી સવારે ૧૦ થી ૧૨ અને સાંજે ૫ થી ૭ દરમ્યાન ટોકન મેળવી શકશે

વોર્ડ નં.૧, ૮ અને ૧૭માં બ્લડ ડોનેશન કેમ્પ યોજાયા

શહેર યુવા ભાજપ દ્વારા કરાયું હતું આયોજન : કમલેશ મિરાણી, ગોવિંદ પટેલ, પુષ્કર પટેલ સહિતના ઉપસ્થિત રહયા હતા

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ૩ તા.૩

શહેર ભાજપ પ્રમુખ કમલેશ મિરાણીના માર્ગદર્શન હેઠળ શહેર ભાજપ યુવા મોરચા ધ્વારા તમામ વોર્ડમાં બ્લડ ડોનેશન કેમ્પ યોજાઈ રહયા છે તે અંતર્ગત શહેરના વોર્ડ નં.૧, ૮ અને વોર્ડ નં.૧૭ માં યુવા મોરચા દ્વારા બ્લડ ડોનેશન કેમ્પ યોજાયેલ હતા.

આ કેમ્પમાં બહોળી સંખ્યામાં રક્ત એકત્ર કરવામાં આવેલ હતું. આ તકે શહેર ભાજપ પ્રમુખ કમલેશ મિરાણી, ધારાસભ્ય ગોવીંદભાઈ પટેલ, સ્ટેન્ડીંગ ચેરમેન પુષ્કર પટેલ, નિતીન ભુત, કોર્પોરેટર બીપીનભાઈ બેરા, દર્શનાબેન પંડયા,અનીતાબેન ગોસ્વામી, રવજીભાઈ મકવાણા, પરેશ પીપળીયા (પી.પી.),

જેન્તીભાઈ નોંધણવદરા, જગદીશભાઈ વાઘેલા, યોગેશ ભટ્ટ, જેન્તીભાઈ સરધારા, કાથડભાઈ ડાંગર, તેજશ જોષી, ચિંતન ભાલારા, ડો. રીંકલબેન મેઘાણી, નીલેશ ઠાકર, સુરૂભા ઝાલા સહીતના અગ્રણીઓ ઉપસ્થિત રહયા હતા. આ કેમ્પને સફળ બનાવવા યુવા મોરચાના પુર્વેશ ભટ્ટ, દેવકરણ જોગરાણા, ઋષભ દેસાઈ, જસ્મીન મકવાણા, જયપાલ ચાવડા, અમીત કમાણી, ધ્રુવ કાકડીયા, રોહન ચોટલીયા, શક્તિ કાચા, અમીત મેવાડા, ગોપાલનાથ, દીપેશ વાઘેલા સહીતના એ જહેમત ઉઠાવી હતી.

સ્ટર્લિંગ હોસ્પિટલની વિઝિટ કરતા મ્યુ. કમિશનર

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ૩ તા.૩

આજે મ્યુનિ. કમિશનર ઉદિત અગ્રવાલે સ્ટર્લિંગ હોસ્પિટલની વિઝિટ કરી હતી. આ મુલાકાત દરમ્યાન મ્યુનિ. કમિશનરએ I.C.U., હોસ્પિટલ મેનેજમેન્ટ, ઇમરજન્સીમાં બહારનો રસ્તો, ફાયર સેફ્ટી વિગેરેની ચકાસણી કરી હતી.(૧.૭)

ઘાતક કોરોના સામે બચવા વેક્સિનેશન જ માત્ર ઉપાય

પ્રથમ ડોઝ લીધા બાદ બીજો ડોઝ લેવો જરૂરીઃ ધારાસભ્ય ગોવિંદભાઈ પટેલ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૩

કોરોના મહામારીની બીજી લહેર ઘાતક પુરવાર થઇ રહી છે તેની સામે અસરકારક ઇલાજ રસીકરણનો છે. જે રોગ પ્રતિકારક શક્તિ વધારે છે. ઉપરની ઉંમરના લોકોએ પહેલો ડોઝ લીધા પછી બીજો ડોઝ છ થી આઠ અઠવાડિયામાં લેવો જોઈએ. તો જ તેની અસરકારકતા રહે છે. પરંતુ પહેલો ડોઝ લીધા પછી બીજો ડોઝ લેવાના જે આંકડાઓ આવે છે તે ૪૦ ટકા જેટલા જ છે ૬૦ ટકા લોકોએ બીજો ડોઝ લીધો નથી જેથી મારી અર્પી છે કે પહેલો ડોઝ લીધા પછી બીજો ડોઝ પણ સમયસર લઈ લે અને પોતાનું સ્વાથ્ય સુરક્ષિત રાખવામાં સાવચેતી રહે અને સરકારના રસીકરણ અને તેના મારફત કોરોનાથી સંક્રમિત થતા બચાવવાના કાર્યમાં સહભાગી બનીએ અને સમયસર રસીકરણના ડોઝ લેવા ધારાસભ્ય ગોવિંદ પટેલે જણાવ્યું છે.

કોરોના સંક્રમણને જોતા ગીર સફારી પાર્ક અનિશ્ચિત કાળ માટે કરી દેવાયું બંધ

(એજન્સી સમાચાર)

જુનાગઢ,તા.૩

ગુજરાતમાં કોરોનાએ કાળો કેર વર્તાવ્યો છે. તેમજ મૃત્યુઆંક પણ સતત વધી રહ્યો છે. આ બધાની વચ્ચે સાસણ ગીર સફારી પાર્ક અને દેવળીયા પાર્ક આજથી પ્રવાસીઓ માટે બંધ કરી દેવામાં આવ્યું છે. કોરોના મહામારીને લઇ વન વિભાગ દ્વારા આજથી અનિશ્ચિત કાળ માટે બંધ કર્યો છે.

સૌરાષ્ટ્રમાં પર્યટન સ્થળોને બંધ કરાયા છે. જૂનાગઢ સાસણ અભયારણ્ય, દેવળિયા સફારી પાર્ક, ગિરનાર નેચર સફારી પાર્ક, સક્કરબાગ ઝૂ સહિત ધારીનું આંબરડી પાર્ક પણ અચોક્કસ મુદ્દત સુધી બંધ કરી દેવાયું છે. કેન્દ્રની ગાઈડલાઈન મુજબ ચીફ વાઈલ્ડ લાઈફ બોર્ડનો આદેશ હતો. નવી ગાઇડલાઇન ન આવે ત્યાં સુધી તમામ સફારી પાર્કો અને અભ્યારણો બંધ રહેશે.

કર્ણાટકમાં ચામરાજ નગરમાં ઓક્સિજન મોડો પહોંચતા ૨૪ કોરોના દર્દીના મોત

વાચકોએ નોંધ લેવી

કે કોઇપણ જાહેર ખબરમાં જણાવેલી માહિતીની સત્યતા બાબતે અમો કોઇ બાહેંધરી આપતા નથી. વાચકોએ પોતાની રીતે પુરતી ચકાસણી કરીને યોગ્ય નિર્ણય લેવાનો રહેશે.

વ્યવસ્થાપકઃ સૌરાષ્ટ્ર ક્રાંતી

પ્રશાંત કિશોરે સન્યાસ લીધોઃ હવે રાજકીય પક્ષો માટે ઈલેકશન સ્ટ્રેટેજી બનાવવાનું કામ નહીં કરે

(એજન્સી સમાચાર)

ન્યુ દિલ્હી,તા.૩

પશ્ચિમ બંગાળની ચૂંટણીમાં તૃણમુલ કોંગ્રેસના રણનીતિકાર રહી ચુકેલા પ્રશાંત કિશોરે અચાનક આ કામમાંથી સન્યાસ લેવાની જાહેરાત કરી દીધી છે. પ્રશાંત કિશોરે જણાવ્યું હતું કે, હવેથી તેઓ આ કામ નહીં કરે. એટલે કે, ચૂંટણી સ્ટ્રેટજીનું કામ પ્રશાંત કિશોર લાંબા સમયથી કરતા આવી રહ્યાં હતાં તેમાંથી તેઓ હવે સન્યાસ લઈ રહ્યાં છે. પશ્ચિમ બંગાળની ચૂંટણી પહેલા તેમણે પડકાર ફેંક્યો હતો કે, જો પશ્ચિમ બંગાળમાં ભાજપ ૧૦૦નો જાદુઈ આંકડો વટાવી જશે તો તેઓ ચૂંટણી રણનીતિના કામમાંથી સન્યાસ લઈ લેશે. આજે પરિણામો સામે આવી રહ્યાં છે જેમાં ભાજપ ૧૦૦ સીટો કરતા નિચે રહી છે તેમ છતાં પ્રશાંત કિશોરે સન્યાસની જાહેરાત કરતા સૌકોઈને ચોંકાવી દીધા છે. તેમણે એક જાણીતિ હિંદી ટીવી ચેનલ સાથેની લાઈવ ડિબેટમાં આ જાહેરાત કરી હ્તી. પીકેએ જાહેરાત કરી હતી કે, તેમણે સન્યાસ લેવાનો નિર્ણય કેમ કર્યો તો તેમણે જણાવ્યું હતું કે, હું ક્યારેય આ કામ કરવા નહોતો માંગતો પણ હું તેમાં આવી ગયો અને મેં મારા ભાગનું કામ કરી લીધું છે. પીકેએ જણાવ્યું હતું કે, આઈપેકમાં મારાથી પણ વધારે લોકો સક્ષમ છે જેઓ સારૂ કામ કરશે. માટે મને લાગ્યું કે હવે મારે બ્રેક લઈ લેવો જોઈએ. સૌથી મોટો સવાલ એ છે કે, ચૂંટણીની રણનીતિ બનાવવાનું કામ મુકીને હવે પીકે શું કરશે? તેનો જવાબ આપતા તેમણે કહ્યું હતું કે, આ મામલે વિચારવા માટે થોડો સમય આપો. હું કંઈક તો કરીશ જ. આમ તો આ કામ છોડવાનો વિચાર તો હું ઘણા લાંબા સમયથી કરી રહ્યો હતો, પરંતુ યોગ્ય સમયની રાહ જોઈ રહ્યો હતો. હવે બંગાળની ચૂંટણી મારા માટે એક યોગ્ય સમય છે. પીકેએ જણાવ્યું હતું કે, રાજનીતિમાં જવુ હંમેશા તેમના રડાર પર હતુ પણ તેઓ ક્યારેય ગયા નહીં. પીકેએ એમ પણ કહ્યું હતું કે, મેં રાજનીતિ જોઈન કરી હતી પરંતુ હું તેમાં નિષ્ફળ ગયો. હવે જો હું ફરી રાજનીતિમાં જઈશ તો પહેલા એ વિચારીશ કે આખરે શું ખામી રહી ગઈ, ત્યાર બાદ જ કોઈ નિર્ણય લઈશ.

રાજ્યોમાં ફેલાયેલી કોરોના મહામારીને લીધે કેન્દ્ર સરકાર દબાણમાં : અજિત પવાર

(એજન્સી સમાચાર)

મુંબઇ,તા.૩

રાજ્યના નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારે શનિવારે જણાવ્યું હતું કે દેશના ઘણાં રાજ્યોમાં કોરોનાના કેસ વધતા જતા હોવાથી કેન્દ્ર સરકાર ભીંસ અનુભવી રહી છે કારણ કે તેમણે ઑક્સિજન અને અન્ય વસ્તુઓ રાજ્યોને પૂરી પાડવી અઘરી બની ગઈ છે. પુણે ખાતે મહારાષ્ટ્ર દિનના ધ્વજારોહણ બાદ પત્રકારો સાથે વાત કરતા તેમણે જણાવ્યું હતું કે પહેલી લહેર દરમિયાન મહામારીએ મહારાષ્ટ્રને ભારે અસર કરી હતી, પરંતુ બીજી લહેર દરમિયાન દેશના ઘણાં રાજ્યો કોરોનાના સંકજામાં લપેટાયા છે. ચૂંટણી અને કુંભમેળો પણ આનું કારણ છે. કેન્દ્ર સરકારે ઑક્સિજન અને અન્ય વસ્તુઓ રાજ્યોને પૂરી પાડવાની છે અને તેથી તે દબાણ અનુભવી રહી છે. કેન્દ્ર સરકારે વૅક્સિન વિદેશોમાં નિકાસ કરવી જોઈતી ન હતી, તેવો મત પણ તેમણે વ્યક્ત કર્યો હતો અને નિષ્ણાતો ત્રીજી લહેરની આગાહી કરી રહ્યા છે ત્યારે મહારાષ્ટ્ર સરકાર તમામ માળખાકીય સુવિધાઓ માટે તૈયારી કરી રહી છે. વૅક્સિન માટે અમે ભારતની બન્ને કંપની સાથે ચર્ચા કરી

રહ્યા છે, પરંતુ તેઓ આટલી મોટી સંખ્યામાં વૅક્સિન આપવા સક્ષમ નથી. આથી અને આંતરરાષ્ટ્રીય માર્કેટમાંથી પણ વૅક્સિન ખરીદવા અંગે વિચારી રહ્યા છીએ અને લોકોને જેમ બને તેમ જલદી વૅક્સિન મળી રહે તેની તૈયારી કરી રહ્યા છીએ.

જો ફાર્માસિસ્ટ દવાની સંગ્રહખોરી, ઊંચી કિંમતે વેચાણ કરશે તો આજીવન લાઇસન્સ રદ કરાશે

(એજન્સી સમાચાર)

અમદાવાદ,તા.૩

કોરોનાના ગંભીર દર્દીઓની સારવારમાં વપરાતા રેમડેસિવિર ઈન્જેક્શનનો કૌભાંડ સામે આવી રહ્યા છે. સુરતથી લઈને મોરબી સુધીમાં લોકોના જીવ સાથે ચેડાં કરીને નકલી રેમડેસિવિર ઊંચી કિંમતે વેચવાના બનાવો સામે આવી રહ્યા છે. ત્યારે ફાર્મસી કાઉન્સિલે રજીસ્ટર્ડ ફાર્મસીસ્ટ તેમજ સામાન્ય જનતા માટે નોટિસ જાહેર કરી છે. જેમાં મજબૂર લોકો સામે ઈન્જેક્શનના નામે વધુ રૂપિયા પડાવનારા લેભાગુ તત્વો સામે કાર્યવાહી કરવામાં આવશે.

તાજેતરમાં જ સુરત, અમદાવાદ, આણંદ, વડોદરા તથા મોરબીમાં નકલી રેમડેસિવિર ઊંચી કિંમતે વેચવાના મામલા સામે આવ્યા છે. એવામાં ફાર્મસી કાઉન્સિલે રજીસ્ટર્ડ ફાર્મસીસ્ટ તેમજ સામાન્ય જનતા માટે નોટિસ જાહેર કરીને જણાવ્યું હતું કે, મજબૂર લોકો પાસે ઈન્જેક્શનના વધુ રૂપિયા પડાવનારાઓ સામે મોટી કાર્યવાહી થશે. ઈન્જેકશનની કાળાબજારી, ડુપ્લીકેટ દવા, ઈન્જેકશનનું વેચાણ, એમ.આર.પી કરતા વધારે કિંમતની વસુલાત, દવા અને ઈન્જેક્શનની સંગ્રહખોરી કરતા પકડાશે તો તે વ્યક્તિ સામે કડક પગલાં લેવાશે. સરકારી તેમજ કોમ્યુનિટી ફાર્મસીસ્ટ કાળા બજાર કરતા પકડાશે તો આજીવન માટે તેમનું લાઇસન્સ રદ થશે. ઉપરાંત ફાર્મસી એક્ટ ૧૯૪૮ અને ૨૦૧૫ મૂજબ છ મહિના જેલની સજા પણ થશે.

ગુજરાત રાજ્ય ફાર્મસી કાઉન્સિલ પ્રતીક નોટિસ જારી કરવામાં આવી છે, જેમાં જો કોઈ ફાર્માસિસ્ટ રેમડિસીવીર ઈન્જેકશનની કાળાબજારીમાં સીધી અથવા તો આડકતરી રીતે શામેલ હોવાનું સામે આવશે તો તેને પોતાના ધંધાથી હાથ ધોઈ બેસવાનો વારો આવશે, એટલે કે તે ફાર્મસીસ્ટનું લાઇસન્સ આજીવન માટે રદ કરવામાં આવશે. રેમડેસિવિર ઈન્જેક્શનની માંગ મોટા પ્રમાણમાં વધી છે, જે દર્દીનું ઓક્સિજન લેવલ નીચું હોય તેવા દર્દીઓ માટે આ દવા ખૂબ ઉપયોગી સાબિત થઈ છે, આ પરિસ્થિતિનો ગેરલાભ લઇ કેટલાક લોકો ઇન્જેકશનનો સ્ટોક કરી બ્લેકમાં કિંમતથી અનેક ગણા ભાવ વસુલી રહ્યા છે. દર્દીના પરિજનો પણ નિસહાય બની પોતાના પરિજનોના જીવની ચિંતા કરી ઇન્જેક્શન ખરીદવા સિવાય કોઈ વિકલ્પ નથી. જેને લઈ કાઉન્સિલે મોટો નિર્ણય લીધો છે.

‘મરવું સહેલું નથી, પણ મજબુરી છે’ નો સ્યુસાઈડ નોટમાં ઉલ્લેખ

શિવમ પાર્કના વિપ્ર પરિવારનો આપઘાતનો પ્રયાસ

પિતા-પુત્રી-પુત્ર હોસ્પિટલમાં જુના મકાનના વેચાણ બાબતે વકીલ આર.ડી.વોરા તથા દિલીપ કોરાટે રૂ.૬૦ લાખની છેતરપીંડી કરી, અગાઉ રૂ.૨ કરોડ અને ૧૨ લાખની હિતેશ સોની અને ભાવીન સોનીએ ઠગાઈ કર્યાનો સુસાઈડનોટમાં ઉલ્લેખ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૩

મરવું સહેલું નથી પણ મજબુરી છે, અમારી સાથે વકીલ સહિત ચાર શખ્સોએ પૈસાની લેતી-દેતી બાબતે છેતરપીંડી કરી હોવાથી આર્થિક સંકડામણમાં મુકાયા છીએ નો સુસાઇડ નોટમાં ઉલ્લેખ કરીને નાનામવા મેઈન રોડ પર વિપ્ર પરિવારના ત્રણ શખ્સોએ ઝેરી દવા પી આપઘાતનો પ્રયાસ કરતા ખડભળાટ મચી જવા પામ્યો છે. તાલુકા પોલીસે સુસાઇડ નોટ કબજે કરી તપાસનો ધમધમાટ શરુ કર્યો છે.

પ્રાપ્ત વિગતો મુજબ નાનામવા મેઈન રોડ પર શિવમ પાર્કમાં રહેતા કર્મકાંડનું કામ કરતા કમલેશ રામકૃષ્ણ લીંબાડીયા (ઉ.વ.૪૦) એ તેની પુત્રી કૃપાલી લીંબાડીયા (ઉ.વ.૨૨), પુત્ર અંકિત કમલેશ લીંબાડીયા (ઉ.વ.૨૧) સાથે રાત્રીના સમયે સુસાઇડ નોટ લખી ઝેરી દવા પી આપઘાતનો પ્રયાસ કર્યો હતો. બનાવ અંગે પત્ની જયશ્રીબેનને જાણ થતા તાકિદે ત્રણેય પરિવારનાં સભ્યોને ૧૦૮ મારફતે સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડ્યા હતા. આપઘાતના પ્રયાસના બનાવ અંગે સિવિલના સ્ટાફે તાલુકા પોલીસને જાણ કરતા પી.આઈ વી.જે.ધોળા સહિતનો સ્ટાફ ઘટના સ્થળે દોડી ગયો અને વિપ્ર પરિવારના ત્રણેય શખ્સોની પૂછપરછ હાથ ધરી સુસાઇડ નોટ કબ્જે કરી છે.

સુસાઈડ નોટમાં કમલેશ લીંબાડીયાએ લખ્યું છે કે, મારે મરવાનું કારણ વકીલ આર.ડી.વોરા તથા દિલીપ કોરાટ છે.

મારા મકાનના દસ્તાવેજ કરાવી લઇ રૂ.૬૫ લાખના ખોટા આરોપો મુક્યા છે. મારી પાસે અત્યારે પાંચ હજાર રૂપિયા પણ નથી, કાર-મકાનનાં રૂપિયા ચડી ગયા છે. ૨ કરોડ ૧૨ લાખ મારા હિતેશ સોની તથા ભાવીન સોની લઈને પલાયન થઇ ગયા છે. હાલ મારી મુજવણ વધી ગઈ છે, મે નરેન્દ્ર પુજારાને સાતાખત પેટે ભરેલા છે. મરવું સહેલું નથી પણ મજબૂરી છે. નો ઉલ્લેખ કરાયો છે.

૩૫૦૦ સી.સી. રકત રાજકોટ સિવિલ હોસ્પિટલ ફિલ્ડ માર્શલ બ્લડ બેંકને સહાય કરી

રકતદાન શિબિરમાં ૧૦૦ લોકોએ રકતદાન કર્યું

સ્વામિનારાયણ ગુરૂકુલ સંસ્થાન અને રાજકોટ સ્વનિર્ભર શાળા સંચાલક મંડળ દ્વારા કરાયુ હતું આયોજન

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૩

સ્વામિનારાયણ ગુરુકુલ સંસ્થાન રાજકોટ અને રાજકોટ સ્વનિર્ભર શાળા સંચાલક મંડળ દ્વારા સ્વામિનારાયણ ગુરુકુલ સંસ્થાન ખાતે આયોજીત બ્લડ ડોનેશન કેમ્પમાં ૧૦૦ લોકોએ ૩૫૦૦ સી.સી રકત એકત્ર કરીને રાજકોટની સિવિલ હોસ્પિટલ અને ફિલ્ડ માર્શલ બ્લડ બેંકને સહાય કરી હતી.

આ કેમ્પમાં અતિથિ વિશેષ તરીકે ભાજપના રાજ્યસભાના સાંસદ શ્રી રામભાઈ મોકરિયા અને ધારાસભ્ય ગોવિંદભાઈ પટેલ, એફ.આર.સી. કમીટીના સભ્ય અજયભાઈ પટેલ, ભાજપના નેતા ચેતનભાઈ રામાણી તેમજ સ્વામિનારાયણ ગુરુકુલના સંતોમાં પૂ. સંતવલ્લભદાસજી સ્વામી, પૂ. પ્રભુચરણદાસજી સ્વામી, પૂ. હરિપ્રિયદાસજી સ્વામી, પૂ. પૂર્ણપ્રકાશદાસજી સ્વામી, પૂ. શ્રુતિપ્રકાશદાસજી સ્વામી અને મહાનુભાવોની પ્રેરણાત્મક ઉપસ્થિતી રહી હતી. સ્વામિનારાયણ ગુરુકુલ ખાતે હાલમાં કાર્યરત કોવિડ કેર એન્ડ આઇસોલેશન સેન્ટરની પણ મુલાકાત લીધી હતી. આ રક્તદાન શિબિરના સફળ આયોજનમાં સ્વામિનારાયણ ગુરુકુલના સંતો, શાળાના એડવાઈઝર શ્રીકાંત તન્ના અને હરેશભાઈ ખોખાણીના માર્ગદર્શનમાં સર્વે કાર્યકરોએ જાહેમત ઉઠાવી હતી.

પાંજરાપોળ ગૌશાળાઓને છ માસ માટે સબસીડીની જાહેરાત કરવા માંગ

અખિલ ગૌશાળા પાંજરાપોળ કચ્છ યુવા સંઘ દ્વારા પશુધન માટે મુખ્યમંત્રી તાત્કાલિક નિર્ણય લે તેવી માંગ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૩

કોરોના મહામારીની બીજી લહેરથી સમગ્ર ભારતમાં હાહાકાર મચી ગયેલ છે. ત્યારે ગુજરાત અને મહારાષ્ટ્રના જીવદયા પ્રેમીઓના દાનથી પાંજરાપોળ ગૌશાળાઓનો નિભાવ થતો હોઈ છે.ગુજરાતમાં સૌથી વધુ પાંજરાપોળ ગૌશાળાઓ કચ્છ જિલ્લામાં આવેલ છે. જેથી પાંજરાપોળ ગૌશાળાઓ પ્રતિદિન પશુધનની સંખ્યા વધતી જતી હોય છે. કચ્છ જિલ્લાની પાંજરાપોળ અને ગૌશાળાઓ મુખ્યત્વે જૈન મહાજનો અને જીવદયા પ્રેમીજનોના દાન પર નભે છે. મુખ્યમંત્રીની જીવદયા પ્રત્યેની સંવેદનાના કારણે ગત વર્ષ-૨૦૨૦માં એપ્રિલ/મે અને ઓકટોબર થી ડીસેમ્બર સુધી પશુ દિઠ ૨૫ રૂપિયા સહાય સબસીડી આપવામાં આવેલ ત્યારે જ પશુધન ભરણ પોષણ કરી શકયા છીએ. હાલ ફરી કોરોના મહામારીની બીજી લહેરમાં એની એજ ગંભીર પરિસ્થિતિનું નિર્માણ થયુ છે. હાલ પાંજરાપોળ ગૌશાળાઓમાં એક પણ રૂપિયો ડોનેશન ક્યાંયથી આવતું નથી ત્યારે પાંજરાપોળ ગૌશાળાઓ મોંઘા ભાવે ઘાસચારો ખરીદી કરી ખવડાવી શકે એવી હાલ પરિસ્થિતિ નથી ત્યારે પશુધનને મોતના મુખમાં ધકેલવાની શકયતા છવાયેલ છે. ગેરકાયદે કતલ માટે હેરાફેરીમાં પકડાતા પશુઓ, રસ્તે રઝરતા રખડતા બિન ઉપજાવ પશુઓ નગરપાલિકા, ગ્રામપંચાયતો દ્વારા મુકવામાં આવેલ પશુધન પણ પાંજરાપોળ ગૌશાળાઓ સાચવે છે પાંજરાપોળ ગૌશાળાઓ જો આવા પશુઓને સ્વીકારવાની સંભાળવાનીના પાડી દે તો આ પશુઓ કતલખાને જશે અથવા તો રસ્તે રખડતા રહેશે આવા પશુઓ તરફ અનુકંપા રાખી દરેક પાંજરાપોળ ગૌશાળાઓ વર્ષોથી પશુધનને સાચવતી આવે છે. કચ્છ જિલ્લાની પાંજરાપોળ ગૌશાળાઓ કોઈપણ પ્રકારનો બોજો ઉઠાવી શકે એવી પરિસ્થિતિ નથી ગુજરાતના અબોલ નિરાધાર પશુધન માટે ફરી સંવેદનશીલ નિર્ણય લઈ ૬-મહિના માટે સબસીડીની જાહેરાત કરે તેવી વિનંતી છે.

ગુજરાતના મુખ્યમંત્રી તત્કાળ નિર્ણય લઈ રાજ્યની તમામ પાંજરાપોળ ગૌશાળાઓને દૈનિક પ્રતિપશુ દિઠ સહાય સબસીડી આપવામાં આવે તો એ પાંજરાપોળ ગૌશાળાઓ માટે સંજીવની પુરવાર થશે. અબોલ પશુઓ માટે આવી જાહેરાતમાં વાત્સલ્ય યોજના પુરવાર થશે.(૧૪.૩)

જોધપુર એઈમ્સમાં કોરોનાની સારવાર લઈ રહ્યા હતા

મોરારદાન વણસુર (ગઢવી) નું અવસાન



અખિલ ભારતીય ચારણ (ગઢવી) મહાસભાના રાષ્ટ્રીય યુવા પ્રમુખ હિગલાજદાનનાં પિતાનું અવસાન

રાજસ્થાન: કોરોના મહામારી સમગ્ર દેશમાં હાહાકાર મચાવી રહી છે. બાગુડા જીલ્લાના નાંદિયા તાલુકાના જાલોર ગામના વતની કરણીભગત મોરારદાન આઈદાન વણસુર કોરોના સામેની જંગમાં હારી જતા ચારણ સમાજને મોટી ખોટ પડી છે. જોધપુર ખાતે એઈમ્સમાં કોરોનાની સારવાર લઇ રહ્યા હતા. અખિલ ભારતીય ચારણ (ગઢવી) મહાસભાના રાષ્ટ્રીય યુવા પ્રમુખ હિંગલાજદાનનાં પિતા મોરારદાનનું અવસાન થતા સમગ્ર ગઢવી સમાજમાં ઘેરા શોકની લાગણી પ્રસરી છે. સ્વ.મોરારદાનનાં આત્માને ઈશ્વર શાંતિ આપે એ જ પ્રાર્થના...

વિશ્વાસઘાતી ટ્રક ચાલક

દાડમની પેટીઓ બારોબાર વેંચી આશરે નવ લાખની છેતરપીંડી કરી

હળવદ પોલીસ સ્ટેશન
ગુજરાત રાજય

હળવદ પોલીસે આરોપી સામે ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી

(અમારા પ્રતિનિધિ દ્વારા)

હળવદ,તા.૩

બનાવની પ્રાપ્ત વિગતો અનુસાર ફરિયાદી સીકન્દરભાઇ અબ્દુલ્લાભાઇ મેવાતી (ઉ.વ.૪૨ ધંધો-ટ્રાન્સપોર્ટ રહે.અમદાવાદ દાણીલીમડા) એ આરોપી ઈર્ષાદભાઇ અબ્દુલઅજીજ (રહે. ૯૨૩ ગઢીવાલા મહોલ્લા. પીલખુઆ હાપુર જી.ગાજીયાબાદ, યુ.પી.) સામે ફરિયાદ નોંધાવી છે કે, તા.૧૨ માર્ચ થી તા.૧૮ માર્ચ સુધીમાં આરોપીએ ફરીયાદીના ટ્રાન્સપોર્ટના દાડમની પેટીઓ હળવદથી બનારસ ખાતે પહોંચાડવા માટે ભાડાથી આરોપીની ગાડી રાખેલ હતી અને આરોપીએ દાડમની પેટીઓ બનારસ ખાતે પહોંચાડવાના બદલે બારોબાર બદદાનતથી વેચી નાખી ફરીયાદી સાથે આશરે નવેક લાખ રૂપિયાનું ગુન્હાહીત વિશ્વાસઘાત કરી છેતરપીંડી કરી હતી. બનાવ અંગે ફરિયાદ નોંધાતા હળવદ પોલીસે આરોપી સામે આઇ.પી.સી કલમ ૪૦૭,૪૨૦ મુજબ ગુન્હો નોંધી આગળની વધુ તપાસ હાથ ધરી છે.(૧૪.૪)

અવસાન નોંધ

રાજકોટ: મૂળ બાધી, હાલ રાજકોટ નિવાસી ક્ષત્રિય કારડીયા રાજપૂત સમાજ અગ્રણી, રામકૃપા ડ્રીલીંગ વાળા બેચરભા પાંચાભા પરમાર (ઉ.વ.૭૩) તે ચંદુભા પરમાર રાષ્ટ્રીય રાજપૂત કરણી સેનાના રાજય ઉપાધ્યક્ષ, બેડીપરા ક્ષત્રિય કારડીયા રાજપૂત સમાજના ઉપપ્રમુખ, સહિયર કલબ તથા પુરૂષાર્થ યુવક મંડળના વાઈસ પ્રેસીડેન્ટ તથા હરીશસિંહના પિતા તેમજ દર્શનસિંહના દાદાનું તા.૨ ને રવિવારના રોજ અવસાન થયેલ છે. વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને લૌકીકક્રિયા (કાણ તથા બેસણું) બંધ રાખેલ છે. ટેલીફોનીક બેસણું તા.૩ ને સોમવારે, સાંજે ૪ થી ૬ કલાકે રાખેલ છે. ચંદુભા પરમાર મો.૯૮૨૫૦૭૬૮૮૮, હરીશસિંહ મો.૯૩૨૮૬૭૫૮૮૮

પડધરી: સારસ્વત બ્રાહ્મણ સ્વ.શંકરલાલ પોપટલાલના સાતાના પુત્ર કનુઅદા (ઉ.વ.૭૮) નું તા.૩૦/૪ ના રોજ અવસાન થયેલ છે. તે કિશોરલાલ, સ્વ.શશીકાંતભાઈ, જનકભાઈ, ધીરુભાઈ, મનુભાઈ, પ્રદ્યુમનભાઈ, અરવિંદભાઈના ભાઈ તથા દુર્ગેશભાઈ, જયેશભાઈ તથા દક્ષાબેનનાં પિતા થાય છે. ટેલીફોનીક ઉઠમણું તા.૩ ને સોમવાર સાંજે ૪ થી ૬ રાખેલ છે. દુર્ગેશભાઈ-૯૮૯૮૨૩૩૩૮૧, જયેશભાઈ- ૯૮૯૮૦૧૪૬૯૦, પ્રદ્યુમનભાઈ-૯૪૨૮૨૧૩૨૦૫

રાજકોટ: વજેસિંગભાઈ મગનભાઈ પરમાર (ઉ.વ.૬૪) નું તા.૧ ને શનિવાર ના રોજ અવસાન થયું છે. ટેલીફોનીક બેસણું તા.૩ સોમવાર, સાંજે ૪ થી ૬ કલાકે રાખેલ છે. રાજેશભાઈ પરમાર મો. ૬૩૫૫૫૪૦૯૬૬, નિલેષભાઈ પરમાર-૯૧૦૪૭૮૦૮૦૨

રાજકોટ: અગતરાય નિવાસી શ્રીગોડ મેડતવાડ બ્રાહ્મણ સ્વ. ધીરજલાલ ગૌરીશંકર ત્રિવેદીના પત્ની જયાબેન(ઉ.વ.૯૫) તે અરવિંદભાઈ(જામનગર), ભરતભાઈ(કેશોદ), પ્રમોદભાઈ(જૂનાગઢ), અનિલભાઈ, અનિરૂધ્ધભાઈ, યોગેશભાઈના માતાનું તા.૩૦ ના રોજ અવસાન થયું છે. ટેલિફોનિક બેસણું તા.૩ ના રોજ સાંજે ૪ થી ૬, રાખેલ છે. અરવિંદભાઈ - ૯૩૧૬૬ ૪૫૧૦૪ ભરતભાઈ - ૯૯૭૯૨ ૫૭૬૪૫ પ્રમોદભાઈ - ૬૩૫૨૧ ૦૮૯૯૧

રાજકોટ: મહેશભાઈ નરભેરામભાઈ અનડકટ તે જ્યોતિબેનના પતિ, ચેતનભાઈ, અમિતભાઈ, કવિતાબેન વિપુલકુમાર હિંડોચાના પિતા તથા જીતદેવના દાદા તથા રૂદ્રનાં નાના તથા ડીમ્પલબેન, મેઘાબેનના સસરા અને સ્વ. જયંતીલાલ મોરારજી રાજપોપટના જમાઈનું તા.૩૦/૪ ના રોજ અવસાન થયેલ છે. ટેલીફોનીક બેસણું તથા પિયર પક્ષની સાદડી તા.૩ ને સોમવારે સાંજે ૫ થી ૬ રાખેલ છે. ચેતનભાઈ અનડકટ મો.૯૮૨૪૪૮૧૧૨૭, અમિતભાઈ અનડકટ, ૯૨૨૭૨૫૯૫૯૬, વિપુલકુમાર હિંડોચા, ૮૮૬૬૪૧૧૫૭૬, ભુપેન્દ્રભાઈ કારીયા, ૯૪૨૮૦૫૪૯૪૧

રાજકોટ: સ્વ.કમલેશભાઈ મકનજીભાઈ કારીયા તે મકનજીભાઈ જદુભાઈ કારીયા, શેરગઢ વાળાના પુત્ર, બીપીનભાઈના નાનાભાઈ તે રાજેશભાઈના મોટાભાઈ, શ્રધ્ધા તથા સાક્ષીના પિતા તે દામોદરદાસ કલ્યાણજી તન્ના ચોરવાડ વાળાના જમાઈ તથા રાજુભાઈ તથા રૂપેશભાઈ ચોરવાડવાળા, કિશોરભાઈ ગાંધીધામવાળાનાં બનેવીનું અવસાન થયેલ છે. ટેલીફોનીક બેસણું તા.૩ ને સોમવારનાં સાંજે ૪ થી ૬ રાખેલ છે. બીપીનભાઈ મો.૯૮૨૪૪૨૪૭૯૬, રાજેશભાઈ-૯૮૨૫૩૮૫૨૩૨, શ્રધ્ધાબેન-૮૪૬૦૯૪૫૨૬૫

રાજકોટ: નપાણિયા ખીજડિયાના વતની (હાલ રાજકોટ) જેઠાલાલ માવજીભાઇ ફળદુ (ઉ.વ. ૭૦) તે દયાબેનના પતિ, કાનજીભાઇના નાના ભાઈ, ગોપાલભાઈના મોટાભાઇ તેમજ ડો. નીલકંઠ (પ્રભુમયભાઈ - આત્મીય યુનિ.) અને પ્રભુદર્શનસ્વામી (હરિધામ-સોખડા)ના પૂર્વાશ્રમના પિતા તથા હરિકૃષ્ણભાઈ (ગાંધીનગર)ના મોટા બાપુનું તા.૩ ના રોજ અવસાન થયું છે. વર્તમાન સંજોગોમાં લૌકિક ક્રિયા બંધ રાખેલ છે.

રાજકોટ: સ્વ. મનસુખલાલ માનસંગભાઇ મહેતા તથા સ્વ. તારાબેનના પુત્રવધુ, ધનરાજભાઇ મહેતાના પત્ની ડો. ચેતનાબેન (ઉ.વ. ૫૮), તે હરીશભાઇ, જ્યોતીન્દ્રભાઇ, હંસિકાબેન મણીઆર અને રશ્મીબેન ગાંધીના ભાભી, સ્વ. તનસુખલાલ પ્રાણલાલ પારેખ તથા સ્વ. મુક્તાબેનના પુત્રી, નિતીનભાઇના બહેન, શિલ્પાબેનના નણંદ, નૈતિક તથા નિયતિના ફૈબાનું તા.૨ ને રવિવારના રોજ અવસાન થયું છે. ટેલિફોનીક બેસણું તા.૬ ને ગુરૂવારે સાંજે ૪ થી ૬ રાખેલ છે. ધનરાજભાઇ, મો. ૯૦૩૩૯૦૧૧૮૭, જ્યોતીન્દ્રભાઇ, મો. ૯૪૨૭૬૧૩૭૦૧, હંસિકાબેન, મો. ૯૬૬૪૬૮૪૨૯૪, નિતીનભાઇ, મો. ૯૪૨૮૨૫૪૫૧૩, શિલ્પાબેન, મો. ૯૪૦૯૦૧૭૯૨૬

(અનુ.છેલ્લા પાનાનુ ચાલુ)

રાજકોટમાં રેમડેસિવિર ઈન્જેકશન પુરતા હોવાના દાવા છતાં દર્દીના પરિજનોની હાડમારી યથાવત

વ્યવસ્થા ગોઠવવામાં આવે એ જરૂરી છે આજે ઝડપી, આધુનીક, યાત્રીક સાધનોની કોઇ કમી નથી. આવા સમયમાં પણ જો બાવા આદમની પધ્ધતીથી કામગીરી થશે તો અણીને સમયે ઇન્જેકશન લેવા આવેલા દર્દીને કેવું ભોગવવું પડશે તેનો અંદાજ કલેકટર તંત્રને હોવો જોઇએ. કોઇ પણ દર્દીની હાલત બગડી હોય અને એ સમયે રેમડેસિવિર લેવા આવેલા દર્દીના પરીજનોને કતારમાં લાંબો સમય કાઢવો પડે અને બારીએ પહોંચી ગયા પછી અંદરથી ડીંગો બતાવી દેવાય તો એ દર્દી અને પરિજનની જે હાલત થાય તે લોકો તો સમજી શકે છે. રેમડેસિવિર ઇન્જેકશનનો જથ્થો દરરોજ રાજકોટને કેટલો ફાળવવામાં આવે છે તે અંગે કલેકટર તંત્ર દ્વારા જાહેર કરવું જોઇએ તેવું લોકોનું કહેવું છે.

ગુંદા ગામના અનુ.જાતિ સમાજની પોલીસને રજૂઆત

પાછો ખેંચી લેજો નહીતર તમને મારી નાખીશ અને ટાટીયા ભાંગી નાખીશ અત્યારે અમારી સરકાર છે અરવિંદભાઈને વિકાસના કામ કરવા જોઈએ. આ ભેદભાવ ન રાખવા જોઈએ અને તમે આટલું તો સમજી ગયા હશો તમારું મંદીર તોડાવી નાખ્યું આટલું જ નહીં પણ સરપંચના પણ ટાટીયા ભાંગી નાખીશ સરપંચના પતિ ઉપર જોખમ છે. આ અરજી તાત્કાલીક ધ્યાનમાં લેશો. તેવી ગુંદા ગામના અનુ.જાતિ સમાજના લોકોએ પોલીસને રજૂઆત કરી છે.

કોરોના સામે જંગ આમ જીતાય : નાનકડું જસવંતપુરા રાહ ચિંધે છે

આ રીતે ગામના સામુહિક પ્રયાસોએ કોરોના જેવી મહામારીને પણ ગામમાં પ્રવેસ આપતા અટકાવી દીધી છે એ માટે આ આખુ ગામ સૌરાષ્ટ્રમાં જ ફકત નહીં બલકે સમગ્ર ગુજરાત માટે દિવાદાંડી રૂપ બન્યું છે. કોઇ વ્યકિત જરૂરર વિના ઘરની બહાર નીકળતી નથી. ગામના ચોરે અને ઓટે વડીલો ભેગા થતા નથી, સામાજીક અંતરનો ખુબ જ ખ્યાલ રાખવમાં આવે છે. આ રીતે જસવંતપુર સહુ માટે માર્ગદર્શક બની રહયું છે અને સાથે સાથે આ ગામમાંથી બધા નિરાસાવાદીઓ માટે એવો પ્રેરક સંદેશો પણ મળ્યો છે કે, જો સહુ સાથે મળીને લડીએ તો કોરોનાને પણ હરાવી શકાય છે.

ગુંદા ગામના મહિલા સરપંચના પરિવાર પર જોખમ

છે અને જે રજુઆત કરી તે રજુઆત અમે ગાંમ ના સરપંચ લખી છે અને અમને પણ ધાક ધમકી આપે છે કે તમે દલીત સમાજ સાથે રહેશો તો તારા પતિના ટાટયા માંગી નાખીશ તારા છોકરા રમતા હશે તો તેના ઉપર ગાડી એકસીડન કરાવી નાખીશ તો અમારા પરીવાર ઉપર બોવ મોટું જોખમ છે. કહેશે કે અમારી પાસે સરકાર છે. એમ.એલ.એ. અરવિંદભાઈ રૈયાણી અમારા છે એટલે અમે ગમે તે કરીશું.

(અનુ.પ્રથમ પાનાનુ ચાલુ)

કોરોના કાબુમાં લેવા લોકડાઉન લાદો, સુપ્રિમનું સુચન

કર્યા હતા ઉત્પાદકો પાસેથી કેન્દ્ર ૫૦ ટકા જથ્થો ઉપાડ છે. બાકીનો ૫૦ ટકા જથ્થો વેક્સિન કંપનીઓ ઉંચા ભાવે રાજયો અને ખાનગી હોસ્પિટલોને વહેંચી શકશે. ૩ જજની સુપ્રિમની બેન્ચે સુચવ્યું હતું કે, વેક્સિન ખરીદીનું કેન્દ્રીકરણ હોવું જોઇએ અને રાજયો તથા કેન્દ્ર શાસિત પ્રદેશોમાં વિતરણનું વિકેન્દ્રીકરણ થવું જોઇએ. બંધારણની કલમ-૨૧ એટલે કે જીવન જીવવાના અધિકાર મુજબ ઉત્પાદકો પાસેથી રાહત ભાવે વેક્સિન મેળવી અને તમામ જથ્થો ખરીદવાની પહેલી જવાબદારી કેન્દ્ર સરકારની રહે છે એજ આપણી રાષ્ટ્રીય પ્રક્રિયા હોવી જોઇએ. એકવાર કેન્દ્ર સરકાર તમામ સ્ટોક ઉપાડી લે એ પછી રાજયોને આપી શકાય રાજયો જરૂરીયાત મુજબ સ્ટોક ઉપાડીને વિતરણ કરી શકે છે. પરંતુ વેક્સિન ઉત્પાદકો સાથે ભાવ અને સ્ટોક અંગે વાટાઘાટો કરવાની રાજયોને ફરજ પાડવી તેનાથી ૧૮ થી ૪૪ વર્ષની વચ્ચેની વયના નાગરીકો માટે આ નીતિ હાનીકારક સાબીત થશે. અન્ય નબળા અને ઓછી આવક ધરાવતા વર્ગો પણ વેક્સિનના ભાવ આપી શકશે નહીં. એટલે આવા નબળા વર્ગોને કાં તો વિનામુલ્યે અથવા તો રાહત ભાવે વેક્સિન આપવી પડે. રાજયોની નાણાકીય સ્થિતિ ઉપર આ નિર્ણયનો આધાર રહે છે. વેક્સિનેશન કરવામાં દેશના નાગરીકોના અલગ-અલગ વર્ગો વચ્ચે કોઇ ભેદભાવ કે તફાવત રાખી શકાય નહીં. સુપ્રિમ કોર્ટે આગામી ૬ માસ માટે કેટલો વેક્સિનનો જથ્થો પ્રાપ્ય છે અને ૧૮ થી ૪૪ વર્ષની વચ્ચેના ૫૯ કરોડ લાભાર્થીઓને કેટલા સમયમાં રસી આપી શકાશે એ જાહેર કરવા પણ કેન્દ્રને આદેશ આપ્યો હતો. ઓક્સિજનના મુદ્દા પર સુપ્રિમે ટકોર કરી હતી કે, દિલ્હીમાં હદય દ્રાવક સ્થિતિ છે. કેન્દ્ર સરકાર અને દિલ્હી સરકાર વચ્ચે સંકલન ન હોવાથી અને વિવાદો થતા હોવાથી દિલ્હી સરકાર તેના ભાગનો જથ્થો ઉપાડી શકી નથી તેના કારણે નાગરીકોને રાહત મળી શકી નથી. ઓક્સિજનનો મામલો તંગ દોર પર ચાલી રહયો છે. કેન્દ્ર સરકાર તાત્કાલીક મેડિકલ ઓક્સિજનનો બફર સ્ટોક ઉભો કરે. વેક્સિન અને રેમડેસિવિર જેવી દવાઓનું વધુ ઉત્પાદન થાય એ માટે વધુ ઉત્પાદકોને લાઇસન્સ અપાશે કે કેમ એ અંગે સુપ્રિમે કેન્દ્રને સવાલ કર્યો હતો. અસાધારણ મહામારી અને કટોકટી હોવાથી અસાધારણ સંજોગો સર્જાયા છે આથી ભાવ બાંધણુ એવું હોવું જોઇએ કે, સમાજના નબળામાં નબળા વર્ગ સુધી આવી દવાઓ પહોંચી શકે.

પ્લાસ્ટર મમતા દીદીને... ફેકચર થઇ ગયું ભાજપને!!

કોંગ્રેસ પર ચારેય તરફથી આક્રમણ કરવાની કોઇ કસર છોડી ન હોતી. મોદી સહિત ટોચના ભાજપી નેતાઓ અને અન્ય રાજયોમાંથી બોલાવવામાં આવેલા ભાજપના નેતાઓ પણ આક્રમક રીતે પ્રચાર કરતા રહયા હતા. પરંતુ આ તમામનો એકલા હાથે સામનો કરીને મમતાએ ભાજપની ટોચની નેતાગીરીને વાસ્તવીકતાની ધરતી પર ફરી પછડાટ ખાવા મજબુર કરી દીધી છે. સતત ત્રીજી વખત તૃણમુલ કોંગ્રેસે પશ્ચિમ બંગાળમાં સત્તા મેળવી છે અને દાગી જાળવી રાખી છે. આ રીતે અનોખો ઇતિહાસ રચી દીધો છે. મમતા એ એટલા માટે વિજય પછી કહયું કે, બંગાળ એ દેશને બચાવી લીધો છે. આ વિજય બંગાળનો છે અને બંગાળની પ્રજા માટે છે. નંદીગ્રામની બેઠક પર મમતા પોતે હારી ગયા છે પરંતુ એમણે ભાજપની પ્રચાર આંધી સામે પક્ષને સફળ નેતૃત્વ આપી બંગાળ જાળવી રાખવાનો વિક્રમ સ્થાપી દીધો છે. આ રીતે મમતાનું પ્લાસ્ટર ભાજપની વ્યૂહ રચનાનું ફ્રેકચર કરવામાં સફળ નીવળ્યું છે. જો કે મુખ્યમંત્રી મમતા જ બનશે તેમાં કોઇ શંકા નથી. ૬ મહિનામાં તેઓ વિધાન સભાની અન્ય કોઇ બેઠક પરથી ચૂંટણી લડીને જીતી શકે છે. અત્યારે તેઓ શપથ લીધા બાદ છ મહિનામાં ધારાસભ્ય બને તો વાંધો આવશે નહીં. એ માટે કોઇ સલામત શીટ ખાલી કરવામાં આવશે. રાજકીય પક્ષોતો મમતાના વિજયથી ઓળઘોળ થઇ ગયા છે. શીવસેનાએ મમતાને બંગાળના વાઘણ ગણાવ્યા છે અને કહયું છે કે, મમતાએ દેખાડી દીધુ છે કે, મોદી અને શાહ અપરાજીત નથી. મમતાનો વિજય વધુ સર્વતમ એટલા માટે છે કે, સુવેંદુ અધિકારી જેવા અનેક ટોચના સાથીઓ અણીના સમયે મમતાનો સાથ છોડી ગયા હતા અને બળવો કરીને ભાજપના કાફલામાં જોડાઇ ગયા હતા છતાં વિચલીત થયા વિના મમતાએ ભાજપને જબ્બર લડત આપી અને તેની કુચને અટકાવી દીધી છે. આ રીતે મમતા ભલે સુવેંદુ સામે એક બેઠક પર પરાજીત થયા છે પણ આખુ યુધ્ધ એમણે જીતી લીધુ છે. મમતાએ હાલ તુરંત વિજય ઉત્સવ મનાવવાનું મોકુફ રાખ્યું છે અને કોવિડ કામોમાં લેવાની કામગીરીને પ્રાધાન્ય આપવાનું નક્કી કર્યુ છે. બંગાળનો આ પ્રભાવ શાળી વિજય અને મહાકાય પડકારો વચ્ચે ત્રીજી વખત અગાઉ કરતા વધુ બેઠકો જીતવાની સીધ્ધીથી મમતાએ રાષ્ટ્રીયનેતાઓની હરોળમાં માન ભર્યુ સ્થાન મેળવ્યું છે.

રાજકોટમાં કોરોના કાળઝાળ : વધુ ૭૨નાં મૃત્યુ

કૌભાંડ અંગેની છે. મોરબીથી એક આખી ફેકટરી ઝડપાયા બાદ ગુજરાતના આઠ શહેરો સુધી કૌભાંડનો રેલો પહોંચી ગયો છે. મોરબીમાંથી ૭૦૦ નકલી રેમડેસિવિર ઇન્જેકશન ખરીદનાર કડી શહેરના અમન મેડિકલના માલીક યુસુફની પોલીસે ધરપકડ કરી લીધી હતી. અમદાવાદના રામોલમાંથી નકલી ઇન્જેકશનના ગોરખ ધંધા બદલ ચાર આરોપી ઝડપાયા હતા. હજુ આ કૌભાંડનો વ્યાપ કેટલો છે એ જાણવા મળ્યું નથી તપાસ માટે પોલીસે અલગ-અલગ ટીમો બનાવી છે અને રાજયભરમાં ફેલાતા જતા નકલી ઇન્જેકશનના કારોબારને ઝડપી લેવા અને ખતમ કરવા પોલીસ આકાશ પાતાળ એક કરી રહી છે. દરમ્યાન અમદાવાદમાં યુવાનોએ રસીકરણ કરાવવા લાઇનો લગાડી છે ૨૧૧ કેન્દ્રો પર રસીકરણ ચાલી રહયું છે. અમદાવાદમાં વધુ એક સ્થળે ડ્રાઇવ-થ્રુ આરટીપીસીઆર સેન્ટર શરૂ કરવામાં આવ્યું છે બોપલના મેદાનમાં આ સેન્ટર શરૂ કરાયું છે. હવે મહાનગરમાં સાથે સાથે કિવક આરટીપીસીઆર વેબસાઇટ લોન્ચ કરવામાં આવી છે તેનાથી ઝડપથી પરીણામ મળશે. અમદાવાદમાં કોરોનાથી થયેલા મૃત્યુનો કુલ આંક વધીને ૭૫૦૮ થઇ ગયો છે છેલ્લા ૨૪ કલાકમાં ૪૭૩૪ કેસ નોંધાયા હતા અને ૨૭ના મોત થયા હતા. સુરતમાં નવા ૧૮૮૩, વડોદરામાં ૭૩૫, રાજકોટમાં ૫૨૮, જામનગરમાં ૭૦૭, ભાવનગરમાં ૬૫૮, જૂનાગઢમાં ૨૮૩, કચ્છમાં ૧૭૯, અમરેલીમાં ૧૧૧, સુરેન્દ્રનગરમાં ૯૨ નવા કેસો નોંધાયા હતા. ભાવનગરમાં કોરોનાથી વધુ ૧૧ મોત થયા હતા અને ૬૫૮ નવા કેસો નોંધાયા હતા.

દેશમાં કોરોનાના નવા ૩,૬૮,૦૦૦ કેસ : યુપીમાં સંપુર્ણ લોકડાઉન

રાજયમાં પ્રવેશતા તમામ માટે નેગેટીવ રીપોર્ટ ફરજીયાત બતાવવાનો આદેશ આપ્યો છે. તમામ સીનેમા ઘર, દારૂના બાર, જીમ અને રેસટોરા બંધ કરી દેવામાં આવ્યા છે. કેન્દ્ર સરકારે હવે કોવિડ ડયુટી માટે એમબીબીએસના અંતિમ વર્ષના વિદ્યાર્થીઓને ફરજ સોંપવાનું નક્કી કર્યુ છે. કેન્દ્ર સરકારે ઓક્સિજન અને અન્ય આવશ્યક વસ્તુઓનો સંગ્રહ ન કરવા વિદેશી દુતાવાસોને પણ અનુરોધ કર્યો છે. ન્યુઝીલેન્ડની એલચી કચેરીએ કોંગ્રેસ પક્ષ પાસેથી ઓક્સિજનનો જથ્થો મેળવ્યા બાદ કેન્દ્ર સરકારે આ આદેશ બહાર પાડયો છે. એઇમ્સના વડા ડો.રણદીપ ગુલેરીયાએ લોકડાઉનની આગ્રહભરી ભલામણ કરતા જણાવ્યું હતું કે, દેશના આરોગ્ય માળખાની ક્ષમતા પુરી થવામાં છે. ૧૦ ટકાથી વધુ પોઝિટિવીટી રેઇટ જયાં હોય ત્યાં ગયા વર્ષના માર્ચ જેવું સજ્જડ લોકડાઉન જાહેર કરવું જોઇએ.

સમગ્ર ચૂંટણી દરમ્યાન ટીએમસી સાથે ખરાબ વર્તન કરનાર, ચૂંટણી પંચ વિરૂધ્ધ સુપ્રિમમાં ધા નાખશે : મમતા બેનર્જી

હતુ અને એમને મુકત પણે મતદાન કરવા દીધુ ન હોતું. ચૂંટણી પંચે મરજી મુજબના અધિકારીઓ ગોઠવ્યા જેમણે ગુન્ડાગીરી જ આચરી હતી. ચૂંટણી પંચે અમારી સામે ભાજપના પ્રવકતા બનીને ચૂંટણી લડી હતી. મમતાના આક્ષેપો અંગે ચૂંટણી પંચે હજુ કોઇ પ્રતિક્રિયા આપી નથી. બંગાળમાં ટીએમસીના સફળ ચૂંટણી વ્યૂહ બાજ પ્રશાંત કિશોરે જણાવ્યું હતું કે, પશ્ચિમ બંગાળમાં પ્રચાર દરમ્યાન ચૂંટણી પંચે ભાજપના એક હિસ્સા તરીકે કામ કર્યુ હોય તેમ લાગે છે. લાંબા તબક્કા, વિપક્ષી નેતાઓ પર પ્રચાર બંધી, જેવા પગલા ચૂંટણી પંચે લઇને વિવાદો જ ઉભા કર્યા હતા.

જય માતાજી અબોલ જીવ માનવ સેવા ચેરી. ટ્રસ્ટ દ્વારા

કોરોના સદ્ગતોની શ્રધ્ધાંજલિ માટે ગૌમાતાઓને લાડવા અર્પણ કરાશે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૩

જય માતાજી અબોલ જીવ માનવ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા કોરોનામાં સ્વર્ગવાસ પામેલા સ્વજનો માટે માત્ર રૂા. ૨૦૦૦ માં ૪ મણ એટલે કે ૮૦ કીલો ઘઉંના લોટના લાડવા ગૌમાતાઓને અર્પણ કરવામાં આવશે સાથોસાથ શ્વાનોને દુધ તથા રોટલી ખવડાવવાનું અભિયાન પણ ચાલી રહયું છે જેમાં દર રોજનાં ૨૦૦ જેટલા શ્વાનોને માત્ર અને માત્ર રૂા.૧૫૦૦ માં દુધ અને રોટલીનો ભાવતો ખોરાક અર્પણ કરવામાં આવી રહયો છે. સગાવ્હાલાઓને શ્રધ્ધાંજલી અર્પણ કરવાનાં હેતુસર સેવાકીય કાર્ય કરાવાની ઈચ્છા હોય તેઓએ દોલતસિંહ ચૌહાણ, મીતલભાઈ ખેતાણી, ચંદુભાઈ ગોળવાળા અને મનુભાઈ બલદેવ ૯૮૨૪૮૧૫૭૬૭ ઉપર સંપર્ક કરવો.

સ્વ.અભયભાઈ ભારદ્વાજની પાંચમી પુણ્યતિથિ નિમિતે વેક્સિનેશન કેમ્પ યોજાયો

૫૦૦ થી વધુ લોકોએ વેક્સિન મુકાવી, ભાજપનાં સાંસદ, ધારાસભ્યો, પદાધિકારીઓ, પ્રદેશ અગ્રણીઓ, શહેર ભાજપ પ્રમુખ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૩

ગુજરાત રાજયના જાણીતા ધારાશાસ્ત્રી અને સાંસદ સ્વ.અભય ભારદ્વાજની પાંચમી માસીક પુણ્યતીથી નિમીતે રવિવારે રાજકોટના જાણીતા એરકન્ડીશન મોહનભાઈ હોલમાં ૪૫ વર્ષથી ઉપરની ઉમરના લોકો માટે કોરોના વેકસીન કેમ્પનું ભવ્ય આયોજન કરવામાં આવેલ હતો. પ્રદેશ ભાજપના આગેવાન નીતીનભાઈ ભારદ્વાજ, ભાજપ શહેર પ્રમુખ કમલેશ મીરાણી, ધારાસભ્યો ગોવિંદભાઈ પટેલ, અરવિંદભાઈ રૈયાણી, જીલ્લા પંચાયતના પ્રમુખ ભુપતભાઈ બોદર, સાંસદ રામભાઈ મોકરીયા, માજી ધારાસભ્ય ભાનુબેન બાબરીયા, માજી મેયર બીનાબેન આચાર્ય, સ્ટેન્ડીંગ કમીટી ચેરમેન પુષ્કરભાઈ પટેલ સહીતના આગેવાનોએ આ વેકસીન કેમ્પ દીપ પ્રાગટય કરી ખુલ્લો મુકેલ હતો.

આ વેકસીન કેમ્પમાં પહેલો અને બીજો ડોઝ વેકસીન લેવા માટે મોટી સંખ્યામાં ભાઈઓ અને બહેનો આવેલ હતા અને ૫૦૦ થી વધુ લોકોએ કોરોના વેકસીન મુકાવેલ હતી અને કેમ્પને સફળ બનાવેલ હતો. વેકસીન લેનાર પ્રત્યેકને અભયભાઈની સ્મૃતી શીલ્ડ - બાન લેબ્સ વાળા મૌલેશભાઈ ઉકાણી દ્વારા વેકસીન લેનારની ઈમ્યુનીટી પાવર વધે તે માટે બે-બે ગોલ્ડન મીકના બોકસ તેમજ શીવ શકિત ડેરી વાળા જગદીશભાઈ તરફથી તમામને દુધ કોલ્ડ્રીંગ આપવામાં આવેલ હતુ.

આ વેકસીન કેમ્પમાં વેકસીન લેનારને સેનેટાઈજર તથા બાબુ ચુના માલીક ગોરધનભાઈ તરફથી એન-૯૫ માસ્ક આપવામાં આવેલ હતા. રાજકોટ બાર એસો. ના પ્રમુખ બકુલભાઈ રાજાણી, ધારાશાસ્ત્રી અંશભાઈ ભારદ્વાજ તથા બજરંગવાડી વેપારી એસો. ના પ્રમુખ હરેશ પરસોડા, બ્રમ્હ સમાજના આગેવાન સમીર ખીરા વગેરેની અપીલ ધ્યાને લઈ મોટી સંખ્યામાં લોકો વેકિસન લેવા આપેલ હતા.

આ કેમ્પમા મીડીયા કર્મી નયનભાઈ વ્યાસ, અબતક વાળા હરપાલસિંહ, આજકાલ વાળા સુધીરભાઈ ભટ્ટ વિગેરે પણ વેકિસન લીધેલ હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે અભય ભારદ્વાજ એસો. તથા કેયુર કેરાળીયા, રક્ષીત રૈયાણી, અમૃતા ભારદ્વાજ, બીનલ રવેસીયા તેમજ બાર કાઉન્સીલ ઓફ ઈન્ડીયાના મેમ્બર દીલીપભાઈ પટેલ દ્વારા આયોજનને સફળ બનાવવા જહેમત ઉઠાવેલ હતી.(૧.૯)

SGVP ગુરુકુલ પરિવાર દ્વારા સુરતમાં

પતજંલિ વિદ્યાલયમાં કોવિડ આઈસોલેશન સેન્ટરનો પ્રારંભ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

સુરત, તા.૩

કોરોના મહારામારી સમગ્ર દેશ અને દુનિયાને દઝાડી રહી છે. ચારેબાજુ હાહાકાર મચ્યો છે. ત્યારે સેવાભાવી સંસ્થાઓ અને લોકોએ સેવાના અનેક કેન્દ્રો ખોલી લોકોની વહારે પણ આવ્યા છે. ખાસ કરીને ગુજરાતમાં સુરત જેવા શહેરમાં કોરોના રોગચાળો ખૂબ વકર્યો છે. ત્યારે દર્દીઓને મદદરૂપ થવાના હેતુથી SGVP ગુરુકુલ અમદાવાદના અધ્યક્ષ સ્વામી માધવપ્રિયદાસજી સ્વામીની પ્રેરણાથી SGVP ગુરુકુલ પરિવાર દ્વારા આ આઈસોલેશનનો પ્રારંભ કરાયો છે. આ સેવાકાર્યમાં કામરેજ તાલુકા આરોગ્ય વિભાગ, પતંજલિ વિદ્યાલય, દેવભૂમિ ચેરિટેબલ ટ્રસ્ટ, કર્તવ્ય ચેરિટેબલ ટ્રસ્ટ વગેરેનો સહયોગ પ્રાપ્ત થયો છે.

સુરતના કામરેજ તાલુકાના વલણ ગામે આવેલ પતંજલિ વિદ્યાલયમાં હાલ ૧૦૦ દર્દીઓની સારવાર થાય તેવી વ્યવસ્થા કરવામાં આવેલ છે. આગામી સમયમાં જરૂર પડશે તો ૩૦૦ જેટલા દર્દીઓ સારવાર કરાવી શકે તેવી પણ વ્યવસ્થા કરવામાં આવશે. સારવાર લઈ રહેલા દર્દીઓની તથા તેમના સંબંધીઓ માટે પણ રહેવા-જમવાની તમામ વ્યવસ્થા વિનામૂલ્યે કરવામાં આવી છે.

આ આઈશોલેશન સેન્ટરના ઉદઘાટનમાં કામરેજ તાલુકા પંચાયતના પ્રમુખ અજીતભાઈ આહીર, ઉપપ્રમુખ ભૂમિકાબેન મૌલિકભાઈ પટેલ, તદુપરાંત દેવભૂમિ ચેરિટેબલ ટ્રસ્ટના પ્રમુખ મૌલિકભાઈ પટેલ, કામરેજ તાલુકા આરોગ્ય અધિકારી શાંતાદેવી, એસ.એમ.સી.ના પૂર્વ કોર્પોરેટર સોનલબેન દેસાઈ, કર્તવ્ય ચેરિટેબલ ટ્રસ્ટના દિનેશભાઈ દેસાઈ, કામરેજ તાલુકા સંગઠન મહામંત્રી કૌશલભાઈ પટેલ, SGVP ગુરુકુલ પરિવારના સભ્ય મનીષભાઈ ગોધાણી તથા પ્રકાશભાઈ લહેરી ઉપસ્થિત રહ્યા હતા.

લોકોના દુઃખમાં સહભાગી બનતા થરાદના ધારાસભ્ય ગુલાબસિંહ રાજપૂત

લોકફાળો કરીને ઓકિસજનના ૧૦૦ બાટલા દર્દીઓને આપી પ્રાણ બચાવ્યા

(અમારા પ્રતિનિધિ દ્વારા)

થરાદ,તા.૩

થરાદના ધારાસભ્ય ગુલાબસિંહ રાજપુત વર્તમાન રાજકારણથી એકદમ વિપરિત એક સાચા લોક સેવક બની લોકોની સેવા કરી રહ્યા છે.*

તેઓ ધારાસભ્ય બન્યા પછીની એમની જીવનચર્યામા આમુલચૂલ બદલાવ આવી ગયેલ છે. તેમણે તેમનુ તમામ જીવન જાણે લોક સેવામા જ અર્પણ કર્યું હોય તેમ તેઓ સતત લોકોના કાર્યો કરતા જોવા મળે છે. ખેડુતોના પ્રશ્નો હોય કે મોંઘવારી દરેક બાબતો પર તેમણે સરકારનુ ધ્યાન ખેંચ્યો છે અને નિરાકરણ લાવવા મહેનત કરી છે.

સિવિલની અસુવિધાઓ સામે પણ એમણે મોરચો માંડી તેમા લોકોને સારી સેવા આપવા તંત્રને મજબુર કરેલ છે. ગત વર્ષના કોરોના કાળમા પણ તેમણે નોંધપાત્ર સેવાઓ આપી રહ્યા છે.

કોરોનાની આ બીજી લહેરના આગમન પર જ વાવ, થરાદ વિસ્તારમા દવાઓ તેમજ રેમડેસિવિર ઈંજેકશનનો જથ્થો પુરો તેમણે સર્વ પ્રથમ માંગ કરી હતી.

કોરોનાની પ્રબળતાને કારણે થરાદ વિસ્તારમા બહુજ સંક્રમણ વધ્યુ, આ દરમિયાન હોસ્પિટલોમા ઓકિસ્જનની બહુ તંગી થઈ ગઈ. જિલ્લાભરમા ઓકિસજનની ઘણી ઉણપ વર્તાતી હતી તે સમયે તેમણે અગમચેતી વાપરીને લોકફાળો કરીને ઓકિસજનના એકસો નવા બાટલા લાવીને લોકોના પ્રાણ બચાવ્યા છે.

બે દિવસ પહેલા થરાદમા એક હોસ્પિટલમાં ઈમર્જન્સી ઓકિસજનની જરુર પડેલી તે સમયે ગુલાબસિંહ ખુદ જાતે જ પોતાની ગાડીમા ઓકિસજન લઈ આવ્યા હતા.

અને જરુરિયાત વાળી હોસ્પિટલમાં ઓકિસજનની ઉણપથી જીવન મરણ વચ્ચે ઝઝુમી રહેલા દર્દીને નવજીવન આપ્યુ હતું.

આજે વિશ્વ પ્રેસ સ્વતંત્રતા દિવસ

સરકારે પત્રકારોની સુરક્ષા સુનિશ્ચિત કરવી જોઈએ

વિશ્વભરમાં ૩ મેના રોજ વિશ્વ પ્રેસ સ્વતંત્રતા દિવસ મનાવવામાં આવે છે. આ દિવસ ઉજવવાનો હેતુ પ્રેસની સ્વતંત્રતા વિષે લોકોમાં જાગૃતિ ફેલાવવાનો છે. આ સાથે જ આ દિવસ વિશ્વભરની સરકારને ૧૯૪૮ના માનવ અધિકારોના સાર્વભૌમત્વ અનુચ્છેદ ૧૯ હેઠળ અભિવ્યક્તિની સ્વતંત્રતાના અધિકારનું સન્માન કરવા અને તેને જાળવી રાખવા માટે પોતાના કર્તવ્યની યાદ અપાવે છે. યૂનેસ્કોની જનરલ એસેમ્બલીની ભલામણ બાદ ડિસેમ્બર ૧૯૯૩માં સંયુક્ત રાષ્ટ્ર મહાસભાએ ૩જી મેના રોજ પ્રેસ સ્વતંત્રતા દિવસ મનાવવાનું જાહેર કર્યુ હતુ ત્યારથી દર વર્ષે ૧ મે ના રોજ પ્રેસ સ્વતંત્રતા દિવસ મનાવવામાં આવે છે. આ દિવસ અભિવ્યક્તિની સ્વતંત્રતા જાળવી રાખવા અને તેના સન્માન કરવાની પ્રતિબદ્ધતાની વાત કરે છે. પ્રેસની આઝાદીનું મહત્વ ધરાવતો આ દિવસ જણાવે છે કે લોકશાહીના મૂલ્યોની સુરક્ષા અને તેને પુનર્સ્થાપિત કરવામાં મીડિયા મહત્વની ભૂમિકા નિભાવે છે. તેથી સરકારએ પણ પત્રકારોની સુરક્ષા સુનિશ્ચિત કરવી જોઈએ. પ્રેસ દિવસ ઉજવવાનો પાછળનો ઈતિહાસ એવો છે કે ઈ.સ ૧૯૯૧માં આફ્રીકાના પત્રકારોએ પ્રેસની આઝાદી માટે પહેલ કરી હતી ત્યારે તે પત્રકારોએ ૩ મેના રોજ પ્રેસની આઝાદીના સિદ્ધાંતોને સંબંધિત એક નિવેદન જાહેર કર્યું હતું, જેને 'ડિકલેરેશન ઓફ વિન્ડોક' ના નામથી ઓળખવામાં આવે છે. એ વખતે પહેલીવાર ૧૯૯૩માં સંયુક્ત રાષ્ટ્ર દ્વારા આ દિવસ ઉજવવાની જાહેરાત કરવામાં આવી હતી. દુનિયામાં નિડર પત્રકારો કેટલીય પરેશાનીમાંથી પસાર થતા હોય છે. સાઉદી પત્રકાર જમાલ ખશોગી, ભારતીય પત્રકારો ગૌરી લંકેશ, નવીન નિશ્ચલ, સુજ્જ્ત બુખારી, ચંદન તિવારી,રાકેશ સિંહ અને ઉત્તર આર્યલેન્ડના પત્રકાર લાયરા મક્કીની હત્યાએ પ્રેસની સુરક્ષા પર સવાલ ઉભા કરી દીધા છે. વિશ્વભરમાં પત્રકારો અને પ્રેસને કેટલાય પ્રકારની પરેશાનીઓનો સામનો કરવો પડે છે. આ તમામ બાબતોને ધ્યાનમાં રાખીને વિશ્વભરમાં પ્રેસ ફ્રીડમ ડે મનાવવામાં આવે છે.

- મિત્તલ ખેતાણી

મોટાદડવાના આહિર યુવાનોએ કોરોના દર્દી માટે ફંડ એકત્ર કર્યું

કોરોનામુકત ગામ બનાવવા રૂા.૩.૨૫ લાખ ફંડ ભેગુ કરી ઉમદા કાર્ય કર્યું

(અમારા પ્રતિનિધિ દ્વારા)

મોટાદડવા, તા.૩

મોટાદડવા આહીર સમાજ દ્વારા ૩,૨૫૦૦૦ નું ફંડ એકત્ર કરી મોટા દડવા કોવિડ સેન્ટરના સંચાલન તેમજ અનોખી સેવા આપતાં સરપંચ ભુપતભાઈ વાળા મનુભાઈ લાવડિયા તાલુકા પંચાયતના સભ્ય વજુભાઈ ચાવડા ગીરધરભાઈ વેકરીયા રઘુભાઈ વસાણી વગેરેને મોટા દડવા આહિર યુવા ગ્રુપ દ્વારા તેમજ આહીર સમાજના આગેવાનો દ્વારા ૩,૨૫૦૦૦ રકમ અર્પણ કરાઈ વર્તમાન સ્થિતી પહોંચી વળવા મોટાદડવા ખાતે હમીરપરા સ્થિત કોવિડ કેર સેન્ટર ખોલવામાં આવ્યુ છે. જેમા ઓક્સીજનથી માંડી દવા સહિત અન્ય વસ્તુ ખર્ચ ખૂબ વધારે હોઈ જેમનો ખ્યાલ મોટાદડવા આહીર સમાજના ભાઈઓને થતા આહીર સમાજનાં આગેવાનો આગળ આવ્યાં જોમ સાથે આ નવયુવાનોએ ગામમા તેમજ વાડી વિસ્તારમાં રહેતાં આહીર સમાજ પાસેથી ફાળો એકત્ર કરી કોવિડ કેર સેન્ટર સેવા અર્પણ કરાયો હતો જેમા અવિરત સેવા આપતાં મનુભાઈ લાવડિયા સરપંચ ભૂપતભાઈ વાળા તેમજ તાલુકાપંચાયત સભ્ય વજુભાઈ ચાવડાને ફાળાની રકમ સોંપવામાં આવી હતી.

જો કે આહીર સમાજ દ્વારા કહેવાયું જેઓ આ કોરોના દર્દ સામે વિકટ પરિસ્થિતિમા હોઈ તેવા લોકોને યોગ્ય સારવાર તેમજ કોઈ પ્રકારના ખર્ચ વગર તેમજ કોઈ પાસે હાથ લાંબો કર્યા વગર વિનામૂલ્યે કોવિડ સેન્ટર સારી સારવાર મળી રહે તેવા હેતુ સાથે ગુજરાત સ્થાપન દિન નિમિતે મારા ગામને કોરોના મુક્ત ગામ કરવા યુવાનો એ ઝુંબેશ ચલાવી હતી. તેમજ દર્દી માટે સતત સેવામાં અડગ રહેવા અનુરોધ કર્યો હતો. હાલ કોવિડ સેન્ટરમાં ૨૫ બેડ તેમજ ઘેર ઘેર ઓક્સીજનની સવલત દવા સહીત અન્ય વસ્તુઓ કોઈપણ પ્રકારના રૂપિયા વગર કેર સેન્ટર સતત ચાલતું જ હતુ.પરતું આહીર સમાજનાં આ ફાળાથી વધું સારી સવલત સાથે મોટાદડવા કોવિડ કેર સેન્ટર જોવા મળશે.(૧૪.૬)

૧૫ હજારની વસ્તી ધરાવતું ગામ મોટાદડવામાં

૧૫ દિવસમાં ૧૨ થી વધુના મોત!

મોટાદડવામાં કોરોનાના કેસો વધી રહ્યા છે

(અમારા પ્રતિનિધિ દ્વારા)

મોટાદડવા,તા.૩

ગોંડલ તાલુકા નું મોટાદડવા ગામ કોરોના હોટસ્પોટ બન્યું છે. મોટાદડવામા જેટગતિએ કોરોનાના કેસો વધી રહ્યા છે. ત્યારે માત્ર ૧૫૦૦૦ ની વસ્તી ધરાવતા ગામ મોટાદડવામાં ૧૫ દિવસમાં ૧૨ થી વધુ વ્યક્તિના મોત થયા છે.

એપ્રિલ માસના છેલ્લા પંદર દિવસમાં ટોટલ મરણ પંચાયત ચોપડે ૧૦ થી વધુ નામ નોંધાયાની યાદી જાહેર કરી હતી.જયારે રાજકોટ ખાતે હોસ્પિટલમાં તેમજ મોક્ષધામ ખાતે અગ્નિસંસ્કાર થયાંના તેમજ પંચાયત ચોપડે ન નોંધાયેલા કેસ સહિત ટોટલ ૧૩ થી વધુ મોતનો આંકડો બહાર આવ્યો હતો. સરપંચ ભૂપતભાઈ વાળા, મનુભાઈ લાવડિયા, વજુભાઈ ચાવડા, રઘુભાઈ વસાણી, ગિરધરભાઈ વેકરિયા, અન્નાભાઈ સુંસરા તેમજ ગામનો સેવાભાવી યુવા વર્ગ સતત દોડધામ કરી ઓક્સિજનથી માંડી રેમડિસિવિર તથા દવા સહિત અનેક સુવિધાની પૂર્તિ કરી રહ્યા છે. ભુપતભાઈ વાળા તેમજ ડો. ચંદ્રેશ બેલડિયા કહે છે કે અહીં ૨૦ બેડમાંથી ૨૫ બેડ સુધીની સવલત, ઓક્સીજન સિલિન્ડરની સુવિધા ઊભી કરાઈ છે. બળધોઈના ગિરીશભાઈ વાળા જણાવે છે કે અહીં પણ ૧૫ દિવસમાં ૧૫ થી વધુ વ્યક્તિના મોત થતા ગામ શોકમગ્ન બન્યુ હતું.

જોટવા પરિવારના લાડકવાયા શિવનો આજે જન્મદિવસ

વડિયાના પ્રેસ પ્રતિનિધિ ડો.કિરીટ જોટવાના લાડકવાયા દીકરા શિવનો આજે જન્મદિવસ છે. આજે આ લાડકવાયો દિકરો ૫વર્ષ પૂર્ણ કરી છઠ્ઠા વર્ષમાં પ્રવેશ કરે છે ત્યારે પરમાત્મા તેમને હર્ષોલ્લાસ સાથે ખુશીયોથી ભરપૂર જીવનની અભ્યર્થના સાથેની સૌરાષ્ટ્ર ક્રાંતિ સાંધ્ય દૈનિક પરિવાર વતી જન્મદિવસની હાર્દીક શુભકામના.

આજે રાત્રે રમજાનની ૨૩મી રાત લયલતુલ કદર (જાગરણરાત)

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૩

દાઉદી વ્હોરા સમાજનાં મીસરી રમજાન ૨૩મી રાત લપલતુલ (જાગરણ) રાત છે. આજે આખી રાત નમાજ પઢીને ઈબાદત કરશે. કોરોનાની મહામારીના લઈને ઘરે રહીને આખી રાત જાગશે અને દુઆઓ કરશે કેઆ કોરોનાની બિમારીથી જલ્દીથી અમારા દેશવાસીઓને શિફા થઇ જાય, આજે રાત્રે વસીલાઓનું ઓનલાઈન ઘરે-ઘરે પ્રસારણ કરવામાં આવશે. દાઉદી વ્હોરા સમાજનાં ભાઈઓ-બહેનો ઉપરાંત નાના-નાના બાળકો પણ આજે રાત જાગીને દુઆઓ કરશે. તેમ શેખ યુસુફભાઈ જોહર કાર્ડ વાળાએ જણાવ્યું હતું કે આજે રાત્રે અમારા ધર્મગુરુ હીઝહોલીનેશ ડો.સૈયદનાં આલી કદર મુફદલ સૈફુદ્દીન સાહેબ (ત.ઉ.શ) ની ૭૮મી મિલાદ મુબારક (જન્મદિવસ)ની રાત પણ છે.

તેમની ઉમર શરીફ દીર્ધ આયુષ્ય માટે સમાજના લોકો દુઆઓ પણ કરશે.

દામનગરની લાંબા રૂટની એસ.ટી. સેવા બંધ

શહેરીજનોએ લેખિત રજૂઆત કરી ફરી રૂટ શરૂ કરવા માંગ

દામનગર - DAMNAGAR બસસ્ટેશન
G.S.R.T.C.
ગુજરાત રાજય માર્ગ વાહન વ્યવહાર નિગમ - અમરેલી

(અમારા પ્રતિનિધિ દ્વારા)

દામનગર,તા.૩

દામનગર શહેરને લાંબા રૂટની એસ.ટી સેવા સહિત અનેકો સુવિધા અપાશેનું સરકારનું વચન ભંગ થયું દામનગર શહેર ને પરિવહન સેવા માં દિન પ્રતિદિન અન્યાય કરતું પરિવહન નિગમ વારંવાર મહત્વની એસ.ટી સેવાઓ ઝૂંટવી રહ્યું છે વર્ષો જુના એસ.ટી પરિવહન દ્વારા અનેકો મહત્વમાં રૂટ બંધ કર્યા તાજેતરમાં અમરેલી જિલ્લા મથકે અવર જવર કરતી કર્મચારી વિદ્યાર્થી દવાખાના સરકારી કામકાજ માટે સવારના ૯ કલાકે અમરેલીથી આવતી જતી સતાધાર રૂટની સેવા એકાએક બંધ થતાં ભારે હાલાકીમાં મુકાયેલ શહેરીજનોએ ધારાસભ્ય સાંસદ સહિતનાઓને લેખિત રજુઆત કરી ડીસીને તાકીદે આ રૂટ પૂર્વવત રીતે શરૂ કરવા માંગ કરાય હતી જિલ્લા મથકો જતી આવતી સતાધાર રૂટની એસ.ટી સેવા બંધ થતા શહેરીજનો અને અનેકો ગ્રામ્યના મુસાફરોને નિલ્લા મથકે અવર જવર કરવામાં મુશ્કેલી પડી રહી છે.

સવારના ૯ કલાકે જિલ્લા મથકે જઈ સરકારી કચેરીઓના કામકાજ સમયે પહોંચી શકાય અને બપોરના ૧-૩૦ કલાકે પરત પહોચી જતા મુસાફરો માટે રાહત રૂપ રૂટ બંધ થતાં મુસાફરોમાં ભારે નારાજગી જોવા મળી.(૧૪.૫)

વાડીયામાં મિથિલિન બ્લુનું વિનામૂલ્યે વિતરણ

ગ્રામ પંચાયત દ્વારા કુટુંબ દીઠ એક બોટલનું વિતરણ

(અમારા પ્રતિનિધિ દ્વારા)

વડિયા,તા.૩

સુરતના એક દાતા દ્વારા વડિયાના સરપંચ છગનભાઇ ઢોલરીયાને મિથિલિન બ્લુનો જથ્થો લોકોને વિનામૂલ્યે આપવાની જવાબદારી સોંપવામાં આવતા તમામ પરિવાર સુધી આ જથ્થો ઉપયોગી થાય તે માટે સરપંચ ગ્રામ પંચાયત દ્વારા એક રેશનકાર્ડ દીઠ એક બોટલ આપવામાં આવી રહી છે. વિવિધ સંસ્થાઓ, દાતાઓ સામે આવીને કોરોના સંક્રમણ અટકાવવા વહીવટી તંત્ર ની મદદમાં આવતા જોવા મળી રહ્યા છે.

અમરાપુર ગામના ખેડૂતોના પાક પર કોરોનાનું ગ્રહણ લાગ્યું

બાગાયતી જાંબુના પાકને નુકશાન થતા ખેડૂતની હાલત કફોડી બની

(અમારા પ્રતિનિધિ દ્વારા)

માળીયાહાટીના,તા.૩

માળીયા હાટીના અમરાપુર ગામે મોટાભાગના ખેડૂતો બાગાયતી ખેતી કરે છે ત્યારે હાલ ખેડૂતોના બાગાયતી પાકને કોરોનાનું ગ્રહણ લાગ્યું. અમરાપુર ગામના ખેડૂત કમરૂદ્દીન ભાઈ જારીયાએ પોતાના ૧૦ વીઘા જમીનમાં બાગાયતી પાક કેસર કેરી નાળિયેરી તેમજ જાંબુનુ વાવેતર કરેલ છે જેમાં નાળીયેરીનો પાક નિષ્ફળ ગયો છે પરંતુ દર વર્ષની જેમ આ વર્ષે જાંબુનો પાક સારો આવ્યો છે. પરંતુ કોરોના મહામારીના કારણે જાંબુનો પાક લેવા કોઇ તૈયાર નથી તેમજ ખેડૂતના જણાવ્યા પ્રમાણે જાંબુનો પાક પાકી જવાના કારણે જમીન ઉપર ખરી પડે છે જેના કારણે ભારે નુકસાન થયું છે દર વર્ષે દરરોજના જાંબુના પાકમાં ત્રણ હજાર રૂપિયા જેવી કમાણી કરતા હતા પરંતુ આ વર્ષે જાંબુનો પાક માણસોને મફતમાં આપવા છતાં પણ કોઈ લેતું નથી અને પશુઓને ખવડાવવો પડે છે કાળઝાળ મોંઘવારીમાં ખેતી મોંઘી બની છે ત્યારે બાગાયતી પાક પણ નિષ્ફળ જતા ખેડૂતની હાલત કફોડી બની ગઈ છે.(૧૪.૪)

કોરોના જંગ હારી ગયેલા શિક્ષકોના

પરિવારને નોકરી-પેન્શન આપવાની માંગ

બિહાર સરકારના નિર્ણયોને ગુજરાત સરકાર અનુસરેઃ મુખ્યમંત્રીને રજૂઆત કરતું ગુજરાત રાજય નગર પ્રા. શિક્ષણ સંઘ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૩

કોરોનાની બીજી લહેર દરમ્યાન અંદાજિત ૨૦૦ થી વધુ પ્રાથમિક શિક્ષકો તેમજ ૫૦૦ જેટલા સરકારી કર્મચારીઓ કોરોના સંક્રમિત થઈ મૃત્યુ પામ્યા છે. ત્યારે આ કર્મચારીઓના પરિવારજનોને સહાયરૂપ બનવા ગુજરાત રાજય નગર પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા મુખ્યમંત્રી તથા નાયબ મુખ્યમંત્રી સમક્ષ લેખીત રજૂઆત કરાઈ છે. ગુજરાત રાજય નગર પ્રાથમિક શિક્ષક સંઘની મુખ્ય માંગણીઓમાં કોરોના સંક્રમિત થઈ મૃત્યુ પામનાર પ્રાથમિક શિક્ષકના પરિવારજનો પૈકી એક સભ્યને રહેમરાહે નોકરી આપવામાં આવે. કર્મચારીના પરિવારને ગુજરાન થઈ શકે તે માટે નવી પેન્શન સ્કીમના કર્મચારીને પણ જુની પેન્શન યોજનાના લાભો આપવા. પ્રાથમિક શિક્ષણથી માંડીને ઉચ્ચ શિક્ષણ વિનામૂલ્ય મળે તે પ્રકારની જોગવાઈ કરવામાં આવે. મેડિકલ અને એન્જિનીયરીંગમાં પ્રવેશ માટે કેન્દ્ર સરકારે આપેલ અગ્રતાનો લાભ ગુજરાત સરકાર પણ આપે. આશ્રિતોના પરિવારજનોને માં અમૃતમ કાર્ડ, આયુષ્યમાન ભારત યોજનાનો લાભ આપે કે કામયમી લાભ મળે તેવી વિમા પોલીસી આપવામાં આવે. ચાલુ ફરજ દરમ્યાન સંક્રમિત મૃત્યુ પામનાર શિક્ષકોના વારસદારને રૂા.૨૫ લાખની સહાય સમયમર્યાદામાં મળે તે કાર્યવાહી ઝડપી કરવાની પણ માંગ કરવામાં આવી છે. તાજેતરમાં બિહાર સરકારની કેબીનેટ મીટીંગમાં આ પ્રકારના નિર્ણયો લેવાયા છે. ત્યારે ગુજરાતની સંવેદનશીલ સરકાર પણ આ પ્રકારના નિર્ણય લે તેવી રજૂઆત ગુજરાત રાજય નગર પ્રાથમિક શિક્ષક સંઘે તા. ૨૬/૪ પત્રથી સરકાર સમક્ષક કરી છે.(૧૪.૧)

ભગવતીપરા-માર્કેટ યાર્ડમાં જુગાર રમતા ૯ ઝડપાયા

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૩

ભગવતીપરા અને માર્કેટ યાર્ડમાં જાહેરમાં તીનપતિનો જુગાર રમતા નવ શખ્સોને પોલીસે દબોચી લઇ કાર્યવાહી હાથ ધરી છે. આ અંગેની વિગત મુજબ બી.ડિવીઝન પોલીસે ચોક્કસ બાતમીના આધારે ભગવતીપરામાં જાહેરમાં તીનપતિનો જુગાર રમતા વિજય નાગજણ બોરીચા, હુશેન હમીદ જોખીયા, ચિરાગ ઉર્ફે ભાણો સાજન જોષી, યાસીન ઉમર જોસડીયા, મુકેશ સવશી માલકીયા સહિત પાંચ શખ્સોની ધરપકડ કરી રૂ.૫૧૦૦ કબજે કર્યા છે.

જયારે માર્કેટિંગ યાર્ડમાં ખુલ્લી જગ્યામાં તીનપતિનો જુગાર રમતા નવઘણ મશરૂ ઝાપડા, ઉકા સામંત ઝાપડા, વનરાજ છગન પરમાર, વિનુ બીજલ સાબડીયા સહિત ચાર શખ્સોની પોલીસે ધરપકડ કરી રોકડા રૂ.૧૧૪૦૦ કબજે કર્યા છે.

તંત્રની મંજૂરી વિના લગ્નનું આયોજન કરશો તો ભારે પડશે

વિસાવદરના લીમધરા ગામમાં પોલીસે લગ્ન અટકાવ્યા

વીડિયોગ્રાફર સહિત આઠ સામે પોલીસે ગુનો નોંધ્યો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

વિસાવદર,તા.૩

તંત્રની મજૂરી વિના લગ્નનું આયોજન કરશો તો ભારે પડશે, મંજૂરી વિનાના લગ્નમાં પોલીસ કાર્યવાહી કરી શકે છે,આવું જ કાંઈક બન્યું વિસાવદર તાલુકાના લીમધરા ગામે જ્યા લગ્ન પ્રસંગ યોજાયો હતો પરંતુ પરિવારે લગ્ન પ્રસંગ યોજવા માટે તંત્ર ની મંજૂરી નતી લીધી. વિસાવદરના લીમધ્રા ગામે બાબુભાઇ મોરબીયા પોતાની દીકરીના લગ્ન કોઈપણ જાતની સરકારી મંજૂરી લીધા વગર કરતા હોય તેવી વિસાવદર પોલીસને જૂનાગઢ કંટ્રોલરૂમમાંથી ફોન આવેલ ત્યારે વિસાવદર પોલીસના હે.કો. અખેડ તથા પોલીસ સ્ટાફના પી બી હુણ તથા હે.કો. હેમતભાઈ તથા પી.સી નરેન્દ્રભાઈ તથા વિસાવદર પોલીસ ના હે.કો. આર જે સિસોદયા કંટ્રોલરૂમના મેસેજ મુજબ લીમધ્રા ગામે જતા ચકુભાઇ બાબુભાઇ મોરબીયાના મકાને લગ્ન વિધી ચાલુ હોય તેમાં આશરે ૬૦-૭૦ માણસો લગ્ન મા હાજર હોય ત્યારે પોલીસ દ્વારા લગ્ન આમ રેડ કરવામાં આવી અને કોઈ પાસ પરમીટ હોય તો બતાવા નુ કહેતા કોઈ પણ સરકારી નીયમ મુજબ પાસ પરમીટ ન હોય ત્યારે હાલ મા કોવીડ ૧૯ જેવી મહામારી ચાલુ હોય જે બીમારી જીવલેણ હોય તેમજ એક બીજા ને સંક્રમિત કરતી હોય તે જાણતા હોવા છતાં આ લગ્ન ગોઠવેલ હોય તેથી વિસાવદર પોલીસ દ્વારા લગ્ન યોજનાર ૮ ઈસમો વિરુદ્ધ જુદી - જુદી કલમો હેઠળ તથા ડિઝાસ્ટ મેનેજમેન્ટ એકટ કલમ ૫૧બ મુજબ ગુનો દાખલ કરીને આરોપી ચકુભાઇ બાબુભાઇ મોરબીયા રે. લીમધ્રા, અનિલભાઈ સુરેશભાઈ ગુજરાતી રે. પાટલા તાલુકો ભેસાણ, પરેશભાઈ કેશુભાઈ ગુજરાતી રે. પાટલા તાલુકો ભેસાણ, હરેશભાઇ રમેશભાઈ ભટ્ટ રે. લીમધ્રા, અશોકભાઈ નરશીભાઈ વસોયા વિડિઓ ગ્રાફર રે. જૂનાગઢ, આશિસ કાંતિલાલ ચુડાસમા ફોટો ગ્રાફર રે. ગોંડલ, પ્રવીણભાઈ રામભાઈ ગુજરાતી રે. લીમધ્રા, હરસુખભાઇ મનસુખભાઇ ગુજરાતી રે. લીમધ્રા એમ ટોટલ ૮ ઈસમો વિરુદ્ધ વિસાવદર પોલીસ દ્વારા કાયદેસરની કાર્યવાહી કરી જુદી- જુદી કલમો નીચે ગુનો દાખલ કરીને અટક કરેલ હોય આ કેશ ની વધુ તપાસ વિસાવદરના હે.કો. આર જે સિસોદયા તેમજ હે.કો. એમ જી અખેડ ચલાવી રહ્યા છે.

જવાબદારો સામે પગલા લેવા માંગ

સિવિલમાં મહિલા પર દુષ્કર્મ માટે તંત્ર જવાબદાર ?

સમાજ એકતા એજયુ.એન્ડ ચેરી.ટ્રસ્ટના મહિલા અગ્રણીઓનો આક્ષેપ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૩

રાજકોટની સિવિલ હોસ્પિટલના કોવિડ વોર્ડમાં ૫૫ વર્ષની મહિલા પર એટેન્ડન્ટ દ્વારા આચરવામાં આવેલા દુષ્કર્મના ઘેરા પડઘા પડયા છે. આ સંદર્ભે સમાજ એકતા સમિતિના દક્ષાબેન ભેંસાણીયા, જયશ્રીબેન સોજીત્રા અને ચાંદનીબેન લીંબાસીયાએ જણાવ્યું છે કે હોસ્પિટલમાં ડોકટરો, નર્સીંગ સ્ટાફ અને અન્ય દર્દી હાજર હોવા છતા આવી ઘટના બને તે રાજકોટના સરકારી તંત્ર માટે શરમજનક બાબત છે. આ અંગે તેઓએ જણાવ્યું કે આ દુષ્કર્મની ઘટના પાછળ સિવિલ હોસ્પિટલના અધિકારીઓની ગુનાહીત ફરજની લાપરવાહી જ જવાબદાર છે. તેવો આક્ષેપ કર્યો છે. આવી ઘટનાની જડમૂળતી તપાસ કરી જે કર્મચારીએ દુષ્કર્મ આચર્યું છે તેને તો કડક સજા કરવામાં આવે પણ તેની સાથે અન્ય તંત્રના જવાબદારો સામે પણ કડક પગલાં ભરી સજા કરવામાં આવે.(૧.૫)

સરસ્વતી શિશુમંદિર દ્વારા ઓનલાઈન સમર કેમ્પનું આયોજન

બાળકોને ઘરબેઠા આર્ટ એન્ડ ડ્રાફટ,ચિત્ર, યોગાસન, વાંચન, ગાયન સહિત વિકાસની પ્રવૃતિઓ શીખડાવાશે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૩

વિદ્યાભારતી ગુજરાત પ્રદેશ સંલગ્ન તેમજ સૌરાષ્ટ્ર શિક્ષણ અને સેવા સમાજ ટ્રસ્ટ સંચાલિત સરસ્વતી વિદ્યામંદિર સંકુલની મારુતિનગર, રણછોડનગર તથા નવા થોરાળામાં આવેલી ત્રણેય શાળાઓ દ્વારા ઓનલાઈન સમર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. ઉનાળુ વેકેશનમાં વિદ્યાર્થીઓ ઘરે રહીને મોજમજા, ગમ્મત સાથે વ્યવહારુ જ્ઞાન મેળવે અને સમયનો સદુપયોગ થાય એ હેતુસર સરસ્વતી શિશુમંદિર પ્રાથમિક વિભાગ દ્વારા નિઃશુલ્ક ઓનલાઈન સમર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ ઓનલાઈન સમર કેમ્પમાં બાળકોને ઘર બેઠા આર્ટ એન્ડ ક્રાફટ, ચિત્ર, યોગાસન, વાંચન, વકૃત્વ, ગાયન, નૃત્ય તેમજ અન્ય વ્યક્તિત્વ વિકાસની પ્રવૃત્તિઓ શીખવવામાં આવશે એવું સંસ્થાનાં ચેરમેન અપૂર્વભાઈ મણીઆરે જણાવ્યું છે.

સરસ્વતી વિદ્યામંદિર સંકુલનાં ચેરમેન અપૂર્વભાઈ મણીઆરે વધુમાં જણાવ્યું હતું કે, બાળકો ઘરમાં રહી આનંદિત, પ્રફુલ્લિત અને કુશળ બની શકે તે માટે સરસ્વતી શિશુમંદિરનાં પ્રધાનચાર્યો-આચાર્યો દ્વારા વિદ્યાર્થીઓનાં વ્યક્તિત્વ વિકાસમાં વધારો કરતી પ્રવૃત્તિ માટે તા.૩ થી ૬/૬ સુધી ઓનલાઈન સમર કેમ્પનું આયોજન કર્યું છે.

''ઝરૂખો''

આપણને ''લોકો શું કહેશે'' નો ભય

આપણે આપણી લાઈફમાં રોજ આપણા દ્વારા અથવા આપણા માટે લેવાતા નિર્ણયોમાં તર્કની જગ્યાએ ભયનો માનસિક વિકાસ મહત્વનો ભાગ ભજવે છે. આ ભયનું સાચું કારણ શું છે આ નથી વિશ્વાસમાં અભાવનો ભય છે કે પછી નિષ્ફળતાનો ભય આ તો એક અલગ પ્રકારનો ભય છે જે આપણા ભારતીય સમાજમાં જોવા મળે છે.

જાગૃતિ દવે મિશ્રા
(બરોડા)

આપણે આપણા જીવનના વિવિધ તબક્કા જેવા કે બાળકના જન્મથી લઈને તેનું ભણતર, નોકરી, લગ્નને તેનાં બાળકોના જન્મ સુધીનું પ્લાનીંગ આ ભયનાં અથવા તો ભયના કારણે જ કરીએ છે અને આ ભયનું નામ છે લોકો શું કહેશે? આ એક જબરદસ્તને રસ્કાદ ભય છે. આ ભય વિદેશીઓ અને એશિયાની બહારનાં વિદેશીઓને પ્રાપ્ત નથી. અહીં આપણને વિચાર આવે કે લોકો શું કહેશે એ પ્રશ્નમાં આ લોકો કોણ છે તે આપણા વિશે જે કહેવાના છે તેમાં તેમની આવડત શું છે, તેમનુ તમારા જીવનમાં યોગદાન શું છે અને શું કહેશે! આમ એક પણ સવાલનો જવાબ નક્કી નથી છતાં પણ આ લોકો શું કહેશે નામનો ભય આપણા જીવનમાં વિવિધ તબક્કામાં નિર્ણયો લેવામાં દાટ વાળે છે. દરેક વ્યક્તિની એક પસંદ હોય છે અને જીવનના નિર્ણયોમાં પસંદગીનો સમાવેશ કરવો જરૂરી છે. કારણ કે, પોતાની પસંદગી વગરનાં વ્યક્તિ અથવા કારકિર્દી અપનાવનાર માણસને જીવનભર વસવસો રહી જાય છે અને એ કંકત સમાધાનની દિશામાં જ જીવન વ્યતિત કરી નાખે છે. આ ભય અહીં કેવી રીતે અસર કરે છે. દા:ત તમને જીવનસાથી તરીકે કોઈ પસંદ કરે છે. પણ તમારા ધર્મ અને સામાજીક દરજ્જો, તમારા પ્રદેશથી તે ભિન્ન છે. હવે આ નિર્ણયમાં માતા-પિતા તરીકે આપણે જે તે પાત્રની યોગ્યતા બાજુ ઉપર રાખીને લોકો શું કહેશે વાળા મહત્વ આપીએ છે. એક તેજસ્વી વિદ્યાર્થી એન્જીનીયર કે મેડીકલ ફિલ્ડની જગ્યાએ ડીઝાઈનર કે પછી શેફ તરીકેની કારકીર્દી અપનાવવા માંગે તેમાં પણ વાલીઓ પોતાના સંતાનોની ટેલેન્ટ તેની મરજીના બદલે લોકો શું કહેશે વાળા ભયના કારણો પોતાના સંતાનોની ઈચ્છાને ક્ષમતાઓ બાજુ પર મૂકી દે છે. આમ, આપણા જીવનના દરેક ખૂણા ઉપરએ ભયની અસર છે,

આપણા સમાજમાં છોકરીઓના પહેરવેશથી લઈને રસોડામાં બનતા ભોજન સુધી લગ્નમાં મહેમાનોની સંખ્યાથી લઈને કપલે કેટલા વર્ષનું ફેમીલી પ્લાનીંગ કરવું ત્યાં સુધી આ ભયના પડઘા સંભળાય છે. આમ, દરેક સમાજ, ધર્મ અને જાતિનું એક સેગમેન્ટ હોય છે તે નક્કી કરે છે કે કેવી રીતે વર્તવું જોઈએ. આ સમૂહો વર્ષોથી આપણા માટે કઈ વસ્તુની ગૌરવગાથા છે અને કઈ વસ્તુ ધ્રુણાસ્પદ છે તેનું કિડિંગ કર્યું છે. તમારી પસંદગી કે તમારા તર્ક તેમને નક્કી કરેલા અથવા કરવાના કામમાં ફીટ થવા જોઈએ તો જ તમે તે સમાજના સન્માનિત માણસની ગણતરીમાં આવો છો. આજે નવી પેઢી આ ચક્રવ્યુમાં બહાર આવવા માંથી રહી છે અને મહદઅંશે લોકો શું કહેશે ને નાથવામાં સફળ પણ થઇ રહ્યા છે કારણ કે, નવી પેઢીનાં યુવાઓને લોકો શું કહેશે ના સવાલમાં જ લોકોનું અસ્તિત્વ જ નથી. તે સમજી ગયા છે.

અમરેલીમાં સંવેદન ગૃપ દ્વારા રકતદાન કેમ્પ યોજાયો

(અમારા પ્રતિનિધિ દ્વારા)

અમરેલી તા.૩

કોરોનાના કપરાં કાળમાં લોહીની અછતને કારણે અમરેલી જીલ્લાના ૧૭૫ થી વધુ થેલેસેમીયા ગ્રસ્ત માસૂમ બાળકો, પ્રસુતા મહિલાઓ, અકસ્માતનો ભોગ બનેલાં તેમજ લોહીની ઉણપવાળા દર્દીઓ ખૂબ હેરાન છે, આવી પરિસ્થિતિમાં મૂરઝાતી માનવ જીંદગીને બચાવવા હેતુ શ્રીમતિ શાંતાબા મેડિકલ કોલેજ અને જનરલ હોસ્પિટલ અમરેલીનાઉપક્રમે સંવેદન ગૃપ દ્વારા રક્તતદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું.

ધોરાજીમાં મહિલા પર બે શખ્સોનો હુમલો

મહિલાના માતાનું પડતર મકાનની ચાવી માંગતા બંને શખ્સોએ હુમલો કર્યો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૩

ધોરાજીમાં આવેલા રાધાનગરમાં રહેતી મહિલા પર બે શખ્સોએ હુમલો કરી માર મારતા પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે. આ અંગેની વિગત મુજબ ધોરાજીમાં આવેલા રાધાનગરમાં રહેતી સુનેરાબેન મકબુલભાઈ વડગામા (ઉ.વ.૩૭) નામની મહિલાએ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે કે ધોરાજીમાં રહેતા સલીમ ગફાર લુલાણીયાની ચકી પાસે સુનેરાબેનનાં માતાનું પડતર મકાન આવેલું હોય આ મકાનની ચાવી માંગતા સલીમ તથા તેના પુત્ર તોફીકએ ઝઘડો કરી લોખંડનાં પાઈપ વડે હુમલો કરી મારમારી મહિલાને ઈજા કરી નાસી જતા પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

મોરારિબાપુના આર્શિવાદથી સાવરકુંડલામાં

લલલુભાઈ શેઠ આરોગ્ય કેન્દ્ર ખાતે કોવિડ કેર શરૂ

(અમારા પ્રતિનિધિ દ્વારા)

અમરેલી તા.૩

પૂ. મોરારીબાપુના આશીર્વાદથી સાવરકુંડલામાં વિદ્યાગુરુ ફાઉન્ડેશન દ્વારા સંચાલિત શ્રી લલ્લુબાપા આરોગ્ય મંદિર ખાતે કોવિડ૧૯ના દર્દી માટે ફ્રિમાં સારવાર ચાલુ કરી ઉષામૈયાના હાથે રીબીન કાપી કોવિડ૧૯ના દર્દીની સારવાર ચાલુ કરાવી અને આ સમયે ધારાસભ્ય પ્રતાપ દુધાતે પણ હાજરી આપી હતી.

આ ટ્રસ્ટ દ્વારા સાવરકુંડલામાં નિ:શુલ્ક દર્દીઓને સેવા આપે છે. જેથી સાવરકુંડલા તથા અમરેલી જીલ્લાના લોકો મોટી સંખ્યામાં સારવાર માટે આવે છે પણ આ મહારીમાં કોવિડ૧૯ કેર સેન્ટર કન્યા છાત્રાલય સાવરકુંડલા ખાતે આજથી ચાલુ કરવામાં આવ્યું છે. જેથી કોરોનાના દર્દીઓ સારવાર લઇ શકે છે. ટુંક સમય પહેલા મોરારી બાપુએ જાહેરાત કરી હતી અને બાપુના આશીર્વાદના કારણે હવે પ્રાઈવેટ જેવી સુવિધા તેમજ એમ.ડી. ડોકટર સાથે નિ:શુલ્ક સારવાર કોરોનાની આ હોસ્પીટલમાં મળશે.

આસમયે ઉષામૈયા દ્વારા રીબીન કાપી અને હોસ્પીટલમાં સારવાર ચાલુ કરી હતી. આ સમયે ધારાસભ્ય પ્રતાપ દુધાત, પૂર્વ જીલ્લા પંચાયતના ઉપપ્રમુખ હાર્દિકભાઈ કાનાણી, ડો.કાનાબાર, ભરતભાઈ જોષી, ડો. અરવિંદ શર્મા (એમ.ડી.), ડો. સાગર, બાઘાભાઈ સૂચક, દિનેશભાઈ લાડવા, મહેશભાઈ જયાણી, હિતેશભાઈ સરૈયા, રાજુભાઈ નાગ્રેચા, અશોકભાઈ ખુમાણ, પ્રવીણભાઈ સાવજ, જતીનભાઈ સૂચક તથા હોસ્પીટલમાં સ્ટાફ અને સામાજિક આગેવાનો હાજર રહ્યા હતા.

સાવરકુંડલામાં કોરોના દર્દીઓ માટે રાહત દરે ફ્રુટનું વેચાણ

(અમારા પ્રતિનિધિ દ્વારા)

અમરેલી તા.૩

કોરોના સંક્રમણ અજગર ભરડો લીધો છે તેવી સ્થિતિમાં ગરીબ દર્દીઓને રાહત આપવા અને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે મદદરૂપ બનવા માણસ પોતાની રીતે એક યા બીજી રીતે મદદ કરે છે. ત્યારે સાવરકુંડલા એસ.ટી. ડેપોમાં ફ્રુટનો વેપાર કરી પોતાના કુટુંબીજનોનું માંડ માંડ પુરૂ કરતા યુનુસભાઈ પઠાણની ફ્રુટની લારીએ ફ્રુટ લેવા જાય કોઈ પણ વ્યકિત કે દર્દીને ૨૦ ટકા રાહતે ફ્રુટ આપવામાં આવશે.

જોવો નાના માણસની ખુદદારી કે ધંધામાં ૧૦ થી ૧૫ ટકા નફો હોય છે તેમાંય ગરીબ માણસો અને ગરીબ દર્દીઓને ફ્રુટ લે તેમાં ૨૦ ટકા રાહત દરે આપવું એટલે ફ્રુટના વેપાર કરતા યુનુસભાઈ પઠાણે મૂળગા અથવા ૫ ટકા ખોટ ખાયને ફ્રુટનો વેપાર કરનાર યુનુસભાઈ પઠાણની ગરીબ પ્રત્યેની લાગણીને સમજીને મદદ કરે છે. યુનુસભાઈ પઠાણ ગરીબ દર્દીઓ પોતાની નબળી સ્થિતિમાં તેમને મદદરૂપ બનવું તે એક માણસાઈ કહેવાય તેવી ઈન્સાનીયતના નાતે મદદ કરવી તે એક નેકીનું કામ છે.

રાજકોટ જીલ્લા ગ્રામ પંચાયત કોમ્પ્યુટર સાહસિક દ્વારા

સી.એમ.ફંડમાંથી વીસીઈને મરણોત્તર સહાય ચુકવવા અપીલ

મૃત્યુ પામેલા કર્મચારીઓને રૂ.૨૫ લાખની સહાયના ઠરાવમાં વીસીઈને સામેલ કરવા અપીલ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૩

ગુજરાત રાજયની ગ્રામ પંચાયતમાં ફરજ બજાવતા ઇ-ગ્રામ વીસીઇ હાલમાં કોરોના મહામારી ચાલી રહી છે. તેમ છતાં વગર પગારે પોતાની ફરજ બજાવી રહ્યા છીએ. ગુજરાતની તમામ ગ્રામ પંચાયતમાં અંદાજીત ૧૪૦૦૦ વીસીઇ સકારના ઇ-ગ્રામ પ્રોજેક્ટ અન્વયે પીપીપી ધોરણે કમિશન બેઝ ઉપર ફરજ બજાવી રહ્યા છે. સરકારની યોજનાઓ અંતર્ગત તમામ કામગીરી વીસીઇ કરી રહ્યા છીએ. ગુજરાતની ગ્રામ પંચાયતમાં ફરજ બજાવતા અંદાજીત કોરોના મહામારીમાં ૨૧ થી વધુ વીસીઇ જીવ ગુમાવેલ છે.

વીસીઇ ફક્ત પીપીપી કરારથી ફરજ બજાવતા હોઇ હાલના સમયમાં આવકનું એકમાત્ર સાધન છે, જેના થકી તેમના પરીવારનું ગુજરાન ચાલે છે. જેથી ઇ-ગ્રામ સેન્ટર પણ બંધ રાખવામાં આવે તો વીસીઇને આર્થિક નુકસાની વેઠવી પડે છે.

રાજયમાં નોવેલ કોરોના વાયરસના કારણે કર્મચારીના અવસાન ના પ્રસંગે રૂ. ૨૫ લાખની સહાય આપવાનો ઠરાવ કરેલ છે, જે અન્વયે વીસીઇને પણ આ ઠરાવમાં સામેલ કરી જે વીસીઇ કોરોના સંક્રમિત થઈ અવસાન પામે તેના પરીવારને પણ જે કોઈ પણ રકમની સી.એમ.ફંડમાંથી સહાય કરવા ગુજરાતના તમામ વીસીઇ વતી ગુજરાત રાજ્ય મંડળ દ્વારા અપીલ કરી છે.(૧૪.૨)

રાજુલામાં એનએસયુઆઈ દ્વારા રકતદાન કેમ્પ યોજાયો

(અમારા પ્રતિનિધિ દ્વારા)

રાજુલા,તા.૩

ત્યારે જરૂરીયાતમંદ દર્દીઓને લોહી મળી રહે અને લોહીની અછતનાં સર્જાય તે હેતુથી રાજુલા એનએસયુઆઇ સંગઠન દ્વારા રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું તેમાં આ વિસ્તારના યુવા ધારાસભ્ય અંબરીશભાઈ ડેર નગરપાલિકા પ્રમુખ ઘનશ્યામ લાખણોત્રા, એનએસયુઆઇ પ્રમુખ રવિરાજ ધાખડા, યુવા નેતા અજય શિયાળ, પીપાવાવ સરપંચ ભાણાભાઈ ગુજરીયા, કોંગ્રેસ અગ્રણી દિપક ત્રિવેદી, હિતેશ સોલંકી સહિતના આગેવાનો તેમજ આ રક્તદાનને સફળ બનાવવા સમીર કનોજીયા, નીતિન જાદવ, નિશાલ પરમાર, કોમિલ મરઘાણી, ઝહીર પોપટીયા, આરીફ સેલોત, રાહુલ સરવૈયા, ભુપતભાઇ સહિતના યુવાનો એ ભારે જહેમત ઉઠાવી હતી જેમાં કુલ ૫૧ રક્તદાતાઓ એ રક્તદાન કરી ૫૧ બોટલ એકત્ર થઇ હતી.

સુરતમાં પૂરપાટ જતી બાઈક અને ટ્રક વચ્ચે અકસ્માતમાં યુવાનનું મોત, બાઈક ૫૦ ફૂટ સુધી ઢસડાયું



(અમારા પ્રતિનિધિ દ્વારા)

સુરત, તા.૩

સુરતના ભેસ્તાન વિસ્તારમાં પૂરપાટ જતી બાઈક અને ટ્રક વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં યુવાનનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું. જ્યારે અકસ્માતમાં બાઈક ૫૦ ફૂટ સુધી ઢસડાયું હતું. યુવાનના અકસ્માતની ઘટના સીસીટીવીમાં કેદ થઇ જવા પામી હતી. હાલમાં યુવાનના મોત મામલે પોલીસે સીસીટીવીના આધારે ગુનો દાખલ કરી ટ્રક ચાલકને ઝડપી પાડવાની કવાયત હાથ ધરી છે.

સુરતના ભેસ્તાન વિસ્તારમાં ૧૮ વર્ષીય યુવાન રફીક રહીમ ગુલઝાર પોતાની બાઈક પર જઈ રહ્યો હતો તે સમયે ઘર નજીક આ યુવાનનો ટ્રક સાથે અકસ્માત થયો હતો. જેને લઈને તેને ગંભીર ઇજા થવા પામી હતી. આ અકસ્માતને લઈને યુવાનનું ઘટના સ્થળ પર જ કરુણ મોત થયું હતું. આ મામલે નજીકના સીસીટીવી જોતા યુવાનના અકસ્માતની ઘટના સીસીટીવીમાં કેદ થઇ જવા પામી હતી. હાલમાં યુવાનના મોત મામલે પોલીસે સીસીટીવીના આધારે ગુનો દાખલ કરી ટ્રક ચાલકને ઝડપી પાડવાની કવાયત હાથ ધરી છે.

સુરતમાં સતત અકસ્માત ની ઘટના બની રહી છે, ત્યારે રસ્તા પર બેફામ ગતિએ દોડતી બાઇક અથવા ભારે વાહનોને કારણે અનેક વાર અકસ્માત થતા લોકોના કમોતે મોત થતા હોય છે. આ અકસ્માત કોની સાથે થયો તે સ્થાનિક લોકો જોઈ શક્યા નહી હોવાને લઈને ઘટનાની જાણકારી સ્થાનિકોએ પોલીસને આપતા ડિંડોલી પોલીસે તાત્કાલિક બનાવ સ્થળ પર દોડી આવી હતી અને નજીકના સીસીટીવી ચેક કરતા આ બાઈક સવાર યુવાનનો ટ્રક સાથે અકસ્માત થયો હોવાનું સામે આવ્યું હતું.

પોલીસે સીસીટીવીના આધારે આ મામલે ગુનો દાખલ કરી અજાણ્યા ટ્રક ચાલકને ઝડપી પાડવાની તજવીજ હાથ ધરી હતી. મૃતક યુવાન પણ પોતાની બાઈક બેફામ ગતિએ ચલાવતો સીસીટીવીમાં નજરે પડે છે. જોકે ટ્રક ચાલકે યુ-ટર્ન લેતા સમયે ધ્યાન નહીં રાખતા આ અકસ્માત થયો હોવાનું સામે આવ્યું છે. અકસ્માત એટલો ગંભીર હતો કે, યુવાનનું બાઈક લગભગ ૫૦ ફૂટ દૂર સુધી ઢસડાયું હતું. જ્યારે યુવાન ટક્કર થતાની સાથે ફંગોળાઈ ડિવાઈડરે ભટકાયો હોવાનું સીસીટીવીમાં નજરે પડે છે.

કોરોનાના નવા ૧૮૮૩ કેસ, એક જ દિવસમાં ૨૯૧૮ દર્દીઓ સાજા થયા



(અમારા પ્રતિનિધિ દ્વારા)

સુરત, તા.૩

શહેરમાં જિલ્લામાં કોરોનાના કેસમાં ઘટાડો જોવા મળી રહ્યો છે. જેને પગલે કોરોનાના દર્દીઓના મૃત્યુ દરમાં પણ ઘટાડો થયો છે. ૨૫ દિવસ બાદ રવિવારે શહેરમાં કોરોનાના દર્દીના મોતની સંખ્યા ઘટીને દસની નીચે પહોંચી ૦૯ નોંધાય છે. ગત ૭ એપ્રિલના રોજ શહેરમાં ૦૮ અને જિલ્લામાં ૦૨ મોત નોંધાયા હતા.

શહેરમાં ૧૪૯૫ જિલ્લામાં ૩૮૯ કેસ સાથે શહેર જિલ્લામાં રવિવારે કોરોનાના વધુ ૧૮૮૩ કેસ પોઝિટિવ નોંધાયા છે. શહેર-જિલ્લામાં પોઝિટિવ કેસની કુલ સંખ્યા ૧૧૯૧૬૪ થઈ છે. રવિવારે શહેરમાં ૦૯ અને જિલ્લામાં ૦૪ મળી શહેર જિલ્લામાં ૧૩ કોરોના દર્દીઓનો સારવાર દરમિયાન મોત નિપજ્યા છે.આ સાથે શહેર જિલ્લામાં કોરોનાનો કુલ મૃતાંક ૧૭૯૮ થઈ ગયો છે. તેની સામે શહેરમાંથી ૨૩૧૬ અને જિલ્લામાંથી ૬૦૨ મળી શહેર જિલ્લામાંથી ૨૯૧૮ કોરોના પોઝિટિવ દર્દીઓ કોરોનાને માત આપી સાજા થયા છે. આ સાથે અત્યાર સુધીમાં શહેર જિલ્લામાં ૯૬૯૯૭ કોરોના દર્દીઓ કોરોનાને માત આપી ચુક્યા છે. શહેર જિલ્લામાં એક્ટિવ કેસની સંખ્યા ઘટીને ૨૦૩૬૯ થઈ ગઈ છે.

નવા પોઝિટિવ કેસની સામે સાજા થનારા દર્દીઓની સંખ્યા વધુ રહેતા એક્ટિવ કેસમાં ધીમે ધીમે ઘટાડો થઈ રહ્યો છે. શહેર અને જિલ્લામાં હાલ કોરોનાના ૨૧૪૧૭ એક્ટિવ કેસ છે. જેમાંથી માત્ર ૩૪૪૭ દર્દીઓ હાલ હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે. જેમાં સિવિલ હોસ્પિટલમાં ૭૫૨ અને સ્મીમેર હોસ્પિટલમાં ૪૦૨ તેમજ ૨૨૯૩ દર્દીઓ આઈસોલેશન સેન્ટર અને પ્રાઈવેટ હોસ્પિટલમાં દાખલ છે. એટલે કે કુલ એક્ટિવ કેસ પૈકી ૧૬.૦૯ % દર્દીઓ હોસ્પિટલમાં દાખલ થઈ સારવાર લઈ રહ્યા છે.

સુરતના છુટાછવાયા વિસ્તારમાં પરોઢિયે ઝરમર વરસાદ, તાપી-સોનગઢમાં માવઠું

(અમારા પ્રતિનિધિ દ્વારા)

સુરત, તા.૩

આજે વાદળછાયુ વાતાવરણ રહેશે, બફારો વધશે

રવિવારે શહેરમાં હળવા વરસાદની આગાહી વચ્ચે દિવસભર વાદળછાયું વાતાવરણ રહ્યું હતું. જો કે, નોંધપાત્ર વરસાદ પડ્યો નથી. માત્ર મળસ્કે કેટલાક વિસ્તારમાં સામાન્ય ઝરમર વરસાદ થયો હતો. તાપી-સોનગઢમાં માવઠું થયું હતું. શહેરમાં બપોર પછી ઉઘાડ નીકળતા અસહ્ય ગરમી અને બફારાથી લોકો ત્રસ્ત થયા હતા. આજે એક જ દિવસમાં દોઢ ડિગ્રી તાપમાન વધતાં ફરી એકવાર આકરી ગરમી શરૂ થઇ છે. આવતીકાલે વાદળછાયુ વાતાવરણ રહી શકે છે. જેથી તાપમાનમાં ઉત્તરોત્તર વધારો જોવા મળી શકે છે. શહેરનું મહત્તમ તાપમાન ૩૮.૨ ડિગ્રી અને લઘુત્તમ ૨૭.૬ ડિગ્રી નોંધાયું હતું. ગઇકાલની સરખામણીમાં મહત્તમ તાપમાનમાં ૧.૪ ડિગ્રીનો વધારો થયો છે. જ્યારે લઘુત્તમમાં ૦.૬ ડિગ્રીનો ઘટાડો નોંધાયો છે. વાતાવરણમાં સવારે ભેજનું પ્રમાણ ૮૪ ટકા અને સાંજે ૪૯ ટકા હતું. દક્ષિણ-પશ્ચિમ દિશાથી ૭ કિ.મીની ગતિએ પવન ફૂંકાઇ રહ્યા છે. આ સિઝનમાં સૌથી વધુ ગરમી ૪૦.૮ ડિગ્રી એપ્રિલ માસના અંતમાં નોંધાઇ હતી.

વેક્સિનનો સ્ટોક ઘટતા સેન્ટર પર ૨૦૦ને બદલે ૧૦૦ને જ રસી મુકાશે

કોવિન એપ પર આજની તમામ એપોઈન્ટમેન્ટ ફુલ, રજિસ્ટ્રેશન કરાવ્યા બાદ ૧૭૩૨ લોકોએ રસી ન મુકાવી

(અમારા પ્રતિનિધિ દ્વારા)

સુરત, તા.૩

પાલિકા પાસે વેક્સિનનો જથ્થો ઓછો હોવાથી દરેક સેન્ટર પર હવે ૧૦૦ને જ રસી આપવા નિર્ણય લીધો છે. શનિવારે સેન્ટરો પર ૨૦૦ને રસી અપાઈ હતી. જો કે રવિવારે દૈનિક ૫ હજારને જ એપોઈન્ટમેન્ટ આપી હતી. ૧૮થી ૪૪ વય જુથના લોકોનાં રસીકરણના બીજા દિવસે ૫ હજારની એપોઈન્ટમેન્ટ સામે ૪૫૧૧ લોકો જ આવ્યા હતાં અને ૪૮૯ ગેરહાજર રહ્યા છે. બે દિવસમાં ૧૭૩૨ લોકોએ રજીસ્ટ્રેશન કરાવવા છતાં રસી લેવા આવ્યા ન હતાં. આવી સ્થિતિ રાજ્યના તમામ મોટા શહેરોમાં છે તેથી પાલિકાને રોજેરોજ પ્લાનિંગ કરવા રાજ્ય સરકારની સૂચના છે. ફ્રન્ટ લાઇન વર્કરો, હેલ્થકેર વર્કરો, ૪૫થી વધુ ઉંમરના ૧૨૮૮૫ને રસી આપવામાં આવી છે. કોવિન એપ્લિકેશન પર સોમવારના તમામ સ્લોટ બુક થયા છે.

શહેરમાં ૪૫થી વધુ ઉંમરના નાગરિકો માટે કોરોના રસીકરણ શરૂ થયાને બે મહિનાનો સમય પૂર્ણ થયો છે. જો કે તેમ છતાં હજી પણ શહેરમાં અંદાજે ૩ લાખ લોકો રસીકરણથી દૂર રહ્યા છે. તાજેતરમાં સ્થાયી સમિતિએ ૪૫થી વધુ ઉંમરના નાગરિકોની નામ સહિતની યાદી મંગાવી હતી અને સ્થાનિક નગરસેવકો અને કાર્યકર્તાઓની મદદથી ઘરે ઘરે જઇને આ નાગરિકો રસી મુકાવે તે માટેના પ્રયાસો શરૂ કર્યા છે.

સાત કોવિડ હોસ્પિટલોમાં ફાયર સેફ્ટીનો અભાવ, નોટિસ ફટકારાઈ

ચૌટાબજાર જેવા ગીચ વિસ્તારમાં આવેલી સુરત જનરલ હોસ્પિટલમાં ફાયરની મોકડ્રીલ

(અમારા પ્રતિનિધિ દ્વારા)

સુરત, તા.૩

રાજ્યના વિવિધ શહેરોમાં કોવિડ હોસ્પિટલોમાં લાગેલી આગમાં મોટી હોનારતો સર્જાઇ હતી. જેમાં ફાયર સેફ્ટીનો અભાવ સામે આવ્યો હતો. શહેરમાં પણ ફાયર વિભાગ દ્વારા વિવિધ હોસ્પિટલોમાં ફાયર સેફ્ટી મેઝરમેન્ટની ચકાસણી કરવામાં આવી રહી છે અને જ્યાં પણ ખામી જણાઇ આવે છે તે હોસ્પિટલને નોટિસ ફટકરાઇ છે.

રવિવારે ફાયર વિભાગ દ્વારા કતારગામ અને વરાછા-એ (સરથાણા) વિસ્તારની ૭ કોવિડ હોસ્પિટલોમાં ચકાસણી હાથ ધરાઇ હતી. જેમાં ફાયર સેફ્ટીની ખામી જણાતા ઇન્ચાર્જ ચીફ ફાયર ઓફિસર બસંત પરિકે તમામને નોટિસ ફટકારી અઠવાડિયામાં સેફ્ટી સાધનો સુધારવા તાકીદ કરવામાં આવી છે.ફાયર વિભાગે રવિવારે ચૌટાબજાર ખાતે આવેલી સુરત જનરલ હોસ્પિટલમાં મોકડ્રીલ કર્યું હતું. કંટ્રોલરૂમ ને કોલ મળ્યા બાદ મુગલીસરા, નવસારી બજાર તેમજ ઘાંચીશેરીની ટીમો ઘટના સ્થળે પહોંચી હતી. હોસ્પિટલમાં કુલ ૩૫ જેટલા તબીબ અને કર્મચારીઓ અને ૪૦ દર્દીઓ તેમજ તેઓના સગા સંબંધીઓ હતા. દુર્ઘટના બીજા માળે આઈસીયુમાં થતાં ત્યાંથી ૪ દર્દીઓને સલામત સ્થળે ખસેડાયા હતાં. આ મોકડ્રીલમાં ફાયર ખાતાના, સેન્ટ્રલ ઝોનના અધિકારીઓ, પોલીસ વિભાગની ટીમ હાજર રહી હતી. કુલ ૭૫ લોકોને બેઝીક ફાયર ફાઈટીંગ તાલીમ અપાઇ હતી. ઝોન મુજબ ફાયર વિભાગના વાહનોનું ડિસેન્ટ્રલાઇઝેશન કરવામાં આવ્યું છે. રાત્રિના સમયમાં ફાયરના ૧૨ વાહનો સ્ટેન્ડ બાય રાખવામાં આવ્યા છે. જો કોઈ વિસ્તારની હોસ્પિટલમાં આગનો બનાવ બને તો ત્વરિત પહોંચી આગને કાબુમાં લઇ શકાય તે માટે સ્ટાફ પણ સ્ટેન્ડ બાય મૂકાયાનું સીએફઓ બસંત પરિકે જણાવ્યું હતું.

સુરતમાં મૃત્યુદર ઘટ્યો, રવિવારે કોરોનાથી માત્ર ૯ મોત

(અમારા પ્રતિનિધિ દ્વારા)

સુરત, તા.૩

સુરતમાં કોરોના કહેર બાદ રાહતના સમાચાર મળી રહ્યા છે. શહેર અને જિલ્લામાં ધીમે ધીમે કોરોનાના કેસમાં ઘટાડો થઈ રહ્યો છે. જેને પગલે કોરોનાના દર્દીઓના મૃત્યુ દરમાં પણ ઘટાડો થયો છે. ૨૫ દિવસ બાદ રવિવારે શહેરમાં કોરોનાના દર્દીના મોતની સંખ્યા ઘટીને દસની નીચે પહોંચીને ૯ નોંધાઈ છે.

સુરતના તમામ સ્મશાનમાં પણ એકલ દોકલ મૃતદેહ જ અંતિમસંસ્કાર માટે લવાયા હતા. સુરતના અશ્વિનીકુમાર, ઉમરા અને કુરુક્ષેત્ર સ્મશાનગૃહો છેલ્લા લગભગ ૨૫ દિવસથી ૨૪ કલાક ચાલુ રહેતાં હતાં અને અંતિમસંસ્કાર માટે ૧૮થી ૨૪ કલાકનું વેઈટિંગ ચાલતું હતું તે હવે સુમસામ થઈ રહ્યાં છે. જે દર્શાવે છે કે શહેરમાં મૃત્યુ પામતા લોકોની સંખ્યા ખૂબ જ ઘટી ગઈ છે. હોસ્પિટલોમાં પણ નવા દાખલ દર્દીઓની સંખ્યા ૬૦ ટકા જેટલી ઘટી ગઈ છે. હોસ્પિટલોમાં ઓપીડીમાં ધરખમ ઘટાડો થઈ રહ્યો છે. ડોક્ટરોનું કહેવું છે કે હોસ્પિટલોમાં ૧૦ દિવસ પછી બેડનું ભારણ પણ ઘણું ઓછુ થઈ જશે.

કાપડ માર્કેટ મહિનો બંધ છે તેવી અફવા, ૫ મે સુધી જ બંધ

બંધની જગ્યાએ હવે ઓડ ઈવન પદ્ધતિથી માર્કેટ કાર્યરત કરવા માર્કેટની સંસ્થાઓએ નિર્ણય લીધો

(અમારા પ્રતિનિધિ દ્વારા)

સુરત, તા.૩

તારીખ ૨૮મી એપ્રિલથી ૫ મે સુધી કાપડ માર્કેટ બંધ રાખવા માટે પોલીસ કમિશનરે જાહેરનામુ પાડીને આદેશ કર્યો હતો. જો કે રવિવારે બપોરથી કોઈક ટીખળખોર દ્વારા કાપડ માર્કેટની આગેવાની કરતી સંસ્થા ફોસ્ટાના લેટર પેઈડ સાથે ચેડા કરીને તારીખ ૩૧ મે કરીને સોશિયલ મીડિયામાં પત્ર ફરતો કરી દીધો હતો.

રવિવારે ટેકસટાઇલ માર્કેટ ૩૧મી તારીખ સુધી બંધ રહેશે તેવો ફોસ્ટાના નામનો પત્ર ઇન્ટરનેટ પર વહેતો કરી દેતા વેપારીઓમાં મુંઝવણ પ્રવર્તી હતી. આ સાથે વેપારીઓના મત લીધા વગર જ તંત્ર દ્વારા માર્કેટ મહિનો બંધ કરી દેવાના નિર્ણય સામે વેપારીઓ અકળાયા પણ હતાં. જો કે, ખોટો મેસેજ હોય તેમ જણાવી કાપડ માર્કેટની સંસ્થા ફોસ્ટાએ તેના લેટર પેઈડ પર તારીખ ૩૧મી મે સુધી માર્કેટ બંધની વાતનું સ્પષ્ટિકરણ કરવાની નોબત આવી હતી. આ સાથે ૫ મે પછી કાપડ માર્કેટ બંધ રાખવાની જગ્યાએ ઓડ ઇવન પદ્ધતિથી કામકાજ કરવા માર્કેટની સંસ્થાઓએ પણ નિર્ણય લીધો છે. ૫ મે સુધી શહેરના રિંગરોડમાં આવેલી ૧૬૫ માર્કેટની ૭૦ હજાર દુકાનો બંધ રાખવામાં આવી છે.

રાજકોટ મોચી સમાજ દ્વારા સંતશ્રી લાલાબાપાની પૂણ્યતિથિએ ભાવવંદના

કોરોનામાં મૃત્યુ પામેલા જ્ઞાતિજનો માટે બે મિનિટનું મૌન પાડવામાં આવ્યું

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૩

આજે સંત શ્રી લાલાબાપા ની ૮૦ મી પુણ્યતિથિ નિમિત્તે મોચી સમાજના તમામ ટ્રસ્ટીઓ અને સભ્યો દ્વારા સંત લાલાબાપાની ભાવ વંદના કરવામાં આવી હતી. મોચી જ્ઞાતિજનો કોરોનામાં દુઃખદ રીતે અવસાન પામેલ છે તેમના માટે બે મિનિટનું મૌન પાળીને શ્રદ્ધાંજલિ પાઠવવામાં આવેલ હતી.સંત લાલાબાપા આવનારા સમયમાં સમસ્ત મોચી સમાજ ને તંદુરસ્ત અને દીર્ઘાયુ જીવન આપે તેવી પ્રાર્થના કરવામાં આવી હતી.

સંત શ્રી લાલાબાપાની ૮૦ મી પુણ્યતિથી નિમિત્તે રાજકોટ મોચી જ્ઞાતિ સમાજ ટ્રસ્ટ મોચી વાડી સંસ્થાના પ્રમુખ બીપીનભાઈ જેઠવા, દિનેશભાઈ ચૌહાણ,દિવ્યેશ પરમાર,રસિકભાઈ ઝાલા,રાકેશભાઈ વાળા, તેજસભાઈ ચૌહાણ,સુરેશભાઈ ચૌહાણ, લાલજીભાઈ ગોહેલ, કોઠારીયાની લાલાબાપા સેવા સમિતિના શૈલેષભાઈ ચુડાસમા તેમજ લાલાબાપા યુવક મંડળ મોચી બજારના સભ્યો હાજર રહેલા મોચી બજાર

રાજકોટ ખાતે આવેલ લાલાબાપા ના ફોટા અને નામ નું નવીનીકરણ કરવામાં આવેલ છે.

ઉપલેટામાં રેમડેસિવિર ઈજેકશનના અભાવે દર્દીઓના ટપોટપ મોત થતા હોવાનો આક્ષેપ

મૃતકના સ્વજનોમાં વહીવટીતંત્ર પ્રત્યે ભારે આક્રોશઃ હજુ ૧૦૦ દર્દીઓ ઓકિસજન ઉપર

(અમારા પ્રતિનિધિ દ્વારા)

ઉપલેટા,તા.૩

ઉપલેટા શહેર અને ગ્રામ્ય વિસ્તારોમાં કોરોનાનો રાફડો ફાટ્યો છે અને હોસ્પિટલો પણ ઉભરાઈ પડી છે ત્યારે હવે દર્દીઓ કોરોનાની સારવાર ઘરેથી જ લઇ રહ્યા છે જેમાં હાલ ઉપલેટા શહેરમાં જ ૧૦૦ કરતા પણ વધારે દર્દીઓ કોરોનાને કારણે ઓકિસજન સાથે સારવાર લઇ રહ્યા છે તો બીજી તરફ ઉપલેટા શહેરમાં અને ગ્રામ્ય વિસ્તારોમાં પણ જાણે મોતનું મહા તાંડવ જોવા મળી રહ્યું છે અને લોકો કોરોનાથી જીવ ગુમાવી રહ્યા છે.

ઉપલેટા પંથકમાં છેલ્લા ૧૫ દિવસથી કોરોના દર્દીઓ અને તેમના પરિવારજનો રાતા પાણીએ રોઈ પણ રહ્યા છે અને પરિવારના સદસ્યોને ગુમાવી પણ રહ્યા છે કારણ કે દર્દીઓના પરિવારજનોનું કહેવું છે કે તેમને સમયસર રેમડેસીવીર ઈન્જેક્શન નથી મળી રહ્યું જેના કારણે દર્દીની અને તેમના પરિવારજનોની હાલ મુશ્કેલીઓ પણ વધી છે ઉપરાંત કોરોનાને કારણે દર્દીઓના ટપો-ટપ મોત પણ થઈ રહ્યા હોવાનું જણાઈ રહ્યું છે.

ધોરાજી અને ઉપલેટા વિસ્તારના લોકોને રેમડેસીવીરનો પુરતો જથ્થો નહિ મળતો હોવાની વાતને લઈને કોંગ્રેસ ધારાસભ્ય લલિત વસોયાએ ધરણા, ઉપવાસ અને જળ ત્યાગ પણ કરેલ હતો જેમાં તેમની અટકાયત પણ કરેલ ત્યારબાદ વહીવટી તંત્ર દ્વારા પરિસ્થિતિને પહોંચી વળવા અને અછતને પૂરી કરવા અને પહોંચી વળવા માટે લેખિતમાં ખાતરી આપી જથ્થો પૂરો પાડવાની બાંહેધરી પણ આપેલ અને અંદોલન અને ઉપવાસના પારણા કરાવેલ છતાં આજે પણ જેટલી જરૂરિયાત છે તેમના કરતા માત્ર ૨ થી ૫% જ જથ્થો મળતો હોવાની વિગતો સામે આવી છે અને દર્દીના પરિવારજનો પણ જણાવે છે.

કોરોના વાયરસને પગલે સંક્રમિત થયેલા ઘણા દર્દીઓ કે જે હાલ ઓકિસજન સાથે સારવાર લઇ રહ્યા છે ત્યારે તેમના માટે ઇન્જેક્શની ખુબ જ જરૂરીયાત છે છતાં તેમને સમયસર ઇન્જેકશન નથી મળતા જેના પરિણામ સ્વરૂપ દર્દી કોરોના સામેની જંગ હારી જાય છે અને મોતને ભેટે છે તેવું પણ માલુમ પડે છે ત્યારે આવા મોતના તાંડવ દર્દીની પીડા અને પરિવારજનોની વેદના અને દુઃખ સાથે અનેકો સવાલોથી સવાલોના સિખરો ઉભા થઇ રહ્યા છે.

વેક્સીનના લીધેલા બે ડોઝના કારણે દંપતીના ચહેરા પરનું સ્મિત અકબંધ

દર્દીનારાયણની સેવાની સાથે કોવીડ પોઝીટીવ માતા – પિતાની સેવા ફરજનીષ્ટ ડો. મુકેશ પટેલ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૩

કોરોના મહામારી સામે લડવાનું અસરકારક શસ્ત્ર વેકસીનના રૂપમાં આપણી પાસે આજે ઉપલબ્ધ બન્યુ છે. તબીબી ક્ષેત્રના પ્રતિષ્ઠીત તબીબોની સાથે છેલ્લા એકાદ વર્ષથી કોરોનાની સારવાર સાથે જોડાયેલા તબીબોનું પણ કહેવું છે કે, આ વેકસીન લીધા પછી જે લોકોને કોરોના થાય છે તેમને તેની અસર બહુ ઓછી થાય છે. તેમ છતાં કેટલાક લોકો તેમની અણસમજના કારણે આ વેકસીનથી દૂર રહે છે. આવા લોકોને વેકસીન લેવા પ્રેરીત કરે તેવી ઘટના તાજેતરમાં રાજકોટ સિવિલમાં ફરજ બજાવતા સાઇકિયાટ્રિસ્ટ ડો. મુકેશ પટેલના પરિવારમાં બની છે.

સાઇકિયાટ્રિસ્ટ ડો. મુકેશ પટેલ જણાવે છે કે, જૂનાગઢમાં રહેતા મારા બા - બાપુજીએ અને મેં સમયાંતરે વેક્સીનના બંને ડોઝ લઈ લીધા છે. પરંતુ થોડા દિવસ પહેલા બાપુજીને કળતળ, માથાના દુખાવાની ફરિયાદ થતાં તેમનો કોરોના ટેસ્ટ કરાવતા બાપુજીને કોરોના પોઝિટિવ આવ્યો, તેથી તેમને અને મારા બા ને બન્નેને હું રાજકોટ લઈ આવ્યો. બાપુજીને હોમ આઇસોલેશનમાં રાખ્યા. પરંતુ બા ને પણ બીજા દિવસ કોરોનાના લક્ષણો દેખાયા, એટલે બન્નેની ઘરે જ સારવાર શરુ કરી દિધી. ડો. મુકેશ પટેલના ૭૨ વર્ષીય પિતાજી કેશુભાઈ રોકડ રિટાયર્ડ જિલ્લા કૃષિ અધિકારી છે. તેઓ જણાવે છે કે, અમે બધાએ વેક્સીન સમયસર લઈ લીધી હતી, તે ખુબ સારું કર્યું. જેથી કરીને મને કોઈ ગંભીર અસર ન થઈ અને મારા પત્નીને તો બિલકુલ તકલીફ પડી નથી.

સાયબર અંગે અવેરનેશ ફેલાવવા માટે સી. એસ.ટી.સી ના ગોપાલ વિઠ્ઠલાણીની પસંદગી

સાયબર ગુરુ તરીકે સી.આઈ.ડી ક્રાઈમમાં જોડાયને અન્ય યુવાઓને પણ પ્રેરણા આપશે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૩

દિવસને દિવસે જેમ ડિજિટલાઇઝેશનમાં વધારો થઇ રહ્યો છે તેની સાથે સાઇબર ક્રાઇમમાં પણ ખાસો વધારો થઇ રહ્યો છે, પોલીસ વિભાગ દ્વારા સતત જાગૃતિ ફેલાવવા તથા વધુ ને વધુ કેસ સોલ્વ કરવા પ્રયત્નો કરવામાં આવે છે. હાલ તો કોરોના કાળ ચાલી રહેલ છે. ત્યારે પોલીસ વિભાગ તથા સરકારી તંત્ર કોરોનાને મહાત આપવા સેવાકીય કામકાજથી સતત દોડધામમાં છે. ત્યારે હેકરો અને સાઇબર ક્રિમિનલ્સ આ તકનો ગેરલાભ ઉઠાવી ખુબજ ફ્રોડ આચરી રહ્યા છે. જેથી સાઇબર ક્રાઇમમાં નોંધપાત્ર વધારો થયો છે. દરરોજ સાઇબર ફ્રોડ અને નાણાકીય ઉચાપતની નવી નવી ટેકનિકો સામે આવી રહી છે.ન

ગવર્મેન્ટ એજન્સી નેશનલ ક્રાઇમ રેકોર્ડસ બ્યુરોના આંકડા મુજબ વર્ષ ૨૦૧૮ માં ૨૮,૨૪૮ સાઇબર ફરિયાદો નોંધાઈ હતી. જે વર્ષ ૨૦૧૯ માં વધીને ૪૪,૫૪૬ થઇ હતી, ગોપાલ વિઠ્ઠલાણીના જણાવ્યા મુજબ આ વર્ષે તેમાં ૩૫ થી ૫૦ ટકા સુધીનો વધારો થઇ શકે છે. ગુજરાત પોલીસ દ્વારા સાઇબર વોલ્યુન્ટરને અલગ-અલગ કેટેગરીમાં આવકારતું અભીયાન ચાલી રહેલ છે. જેમાં ગુજરાત રાજ્ય DGP આશીષ ભાટિયાથી લઇ સંપૂર્ણ પોલીસ વિભાગ સાઇબર જાગૃતતા ફેલાવવા માટે સરાહનીય કામગીરી કરી રહ્યા છે.

જેમાં વોલ્યુન્ટર તરીકે સાઇબર ગુરુ કેટેગરીમાં સેવા આપવા ગોપાલ વિઠ્ઠલાણી CID ક્રાઇમ ગાંધીનગર ખાતે જોડાયેલ અને સાઇબર અવેરનેસ વધુને વધુ ફેલાવવા ગુજરાત પોલીસને મદદ કરી રહેલ છે.

ત્યારે મહિલા સાઇબર એકસપટ્ર્સ સહીતના સાઇબર નિષ્ણાંતો અને સાઇબર સિક્યોરિટી ટ્રેનિંગ સેન્ટરના ૫૦ જેટલા યુવા વિદ્યાર્થીઓ ફાઉન્ડરના આ નિર્ણય અને કાર્યોથી પ્રેરીત થઇ ગુજરાત રાજ્ય ના અલગ-અલગ શહેરોથી જોડાયા છે.

Dt.03-05-2021 **8**
સોમવાર
અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતિ
સાંધ્ય દૈનિક

“મારૂ ગામ કોરોના મુક્ત”

રાજકોટના ૬ તાલુકાના ૧૧ ગામો સંક્રમણથી મુકત

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ) રાજકોટ, તા.૩

સમગ્ર વિશ્વ આજે કોરોના મહામારી સામે લડી રહયું છે. આ માટે કોરોના સંક્રમણને અટકાવવા અને લોકોને તેનાથી બચાવવા માટે પ્રત્યેક રાજ્ય - દેશ અને દુનિયા યથાર્થ પ્રયાસો કરી રહી છે. કોરોનાના આ એક વર્ષથી વધુના સમયગાળા દરમિયાન પ્રત્યેક ગામ - શહેરના કોઈને કોઈ વ્યકિત કોરોનાની ઝપેટમાં આવી જ ગયા છે. પરંતુ કોરોનાના આ કપરા કાળમાં આજે પણ રાજકોટ જિલ્લાના ૧૧ ગામો એવા છે કે જ્યાં હજુ સુધી કોરોના પ્રવેશી શક્યો નથી.

રાજકોટ જિલ્લાના મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી નિલેશ શાહે આ બાબતે માહિતી આપતાં જણાવ્યું હતુ કે, રાજકોટ જિલ્લામાં આવેલા આરોગ્ય કેન્દ્રોના ડોકટર - નર્સ સહિતના આરોગ્ય કર્મીઓ અને સબંધિત ગામના સરપંચ - તલાટી તેમજ ગામ સમસ્તની જાગૃતિના પરિણામે આજે રાજકોટ જિલ્લાના ૬ તાલુકાના ૧૧ ગામો હજુ સુધી કોરોના સંક્રમણથી મૂક્ત રહી શક્યા છે.

રાજકોટ જિલ્લામાં કોરોના સંક્રમણને દૂર રાખવામાં સફળ રહેલા આ ૧૧ ગામોમાં રાજકોટ તાલુકાના ગુંદાળા, લોધીકા તાલુકાના જસવંતપુર અને તરવડા, કોટડા તાલુકાના દેવળિયા, ખોખરી (જૂની) અને ખોખરી (નવી), વિંછીયા તાલુકાના ખારચીયા (જસ), ધોરાજી તાલુકાના વેલારીયા અને ઉપલેટા તાલુકાના જુના કલારીયા તથા ગાધા ગામોનો સમાવેશ થાય છે.

ગુંદાગામમાં ધારાસભ્ય અરવિંદ રૈયાણીના કૌટુંબિકજનોની દાદાગીરી!

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ) રાજકોટ, તા.૩

૨૧મી સદીમાં લોકો નાતજાતને ભુલી હાલની કોરોનાની મહામારીમાં એક જુથ બની લોકોની સેવા કાર્યમાં લાગ્યા છે ત્યારે ભાજપના ધારાસભ્ય અરવિંદ રૈયાણીના ગામ ગુંદા ગામે તેના કૌટુંબિકોએ અનુ.જાતિના લોકો પર અત્યાચાર ગુજારતા હોવાની અરજી કુવાડવા રોડ પોલીસ મંથકમાં કરવામાં આવી છે.

ભાજપ-સરકાર અને પોતાના કુટુંબની વ્યકિત પોતે ધારાસભ્ય હોવાથી અમારું કોઈ કાર્ય નહીં બગાડી શકે તેવું કહી ધારાસભ્યના કાકાનાં દિકરા સહિતનાઓએ ગામના મહિલા સરપંચ અને અનુ.જાતિના લોકોને અકસ્માત કરી જાનથી મારી નાખવાની અરજી પોલીસ તથા ઉચ્ચ કક્ષાએ કરવામાં આવતા પોલીસ તપાસનો ધમધમાટ શરુ કર્યો છે.

અત્યાચારનો ભોગ બન્યાની મહિલા સરપંચ દ્વારા ઉચ્ચ કક્ષાએ રજૂઆત

વિજયભાઈ રૂપાણી, (માન. મુખ્યમંત્રી, ગુજરાત રાજય), ગૃહમંત્રી (ગુજરાત રાજય), સમાજ કલ્યાણ મંત્રી, (સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય), મહેસુલ મંત્રી (ગુજરાત રાજય), આસી. ડાયરેકટર (રાષ્ટ્રીય અનું.જાતી આયોગ, ક્ષેત્રીય કાર્યલય, માવલંકર હવેલી, વસંત ચોક, લાલ દરવાજા, અમદાવાદ) વિજીલન્સ કમિશ્નર (ગુજરાત રાજય), ટી.ડી.ઓ. (રાજકોટ) ડી.ડી.ઓ. (રાજકોટ) સહિતના ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરવામાં આવી છે.

ગુંદા ગામના અનુ.જાતિ સમાજ દ્વારા પોલીસને રજૂઆત

ગુદા ગામ ની અંદર નાત જાતના ભેદભાવ ૧૯૯૨ માં સરપંચ બાબુભાઈ મનજીભાઈ રૈયાણી ગયા વખતે અનુ.જાતિ સમાજને બીસ્કાર કરેલ છે અને ફોજદારી કેસ થયેલ હતો. આશરે ત્રણ-ચાર મહીના એસ.આર.પી. બેસાડેલ હતી. તો તેને તે ધ્યાનમાં રાખીને તેમના ભત્રીજા એમ.એલ.એ. અરવિંદભાઈ ગોરધનભાઈ રૈયાણી, કાકા બાબુભાઈ મનજીભાઈ તથા બીજા કાકા મકનભાઈ મનજીભાઈ રૈયાણી તેમના ભાયુના ભાઈ નથુભાઈના દીકરા સુરેશભાઈ નથુભાઈ રૈયાણીને ધરૂ પીવડાવીને અનુ.જાતિ સમાજને હેરાન પરેશાન કરે છે. બાબા સાહેબનો ફોટો ગ્રામ પંચાયતમાં હતો તેમની સાથે મળીને ફાડેલો હતો ફોટો સાથે આ કૃત્ય કરેલ હતું. તેમનો ફોજદારી કેસ ચાલે છે કેસ

(અનુ.પાના નં.૪ ઉપર)

મહિલા સરપંચના પરિવાર પર જોખમ

મહિલા સરપંચ પારુલબેન અગ્રાવતે પોલીસમાં લેખિતમાં અરજી કરી છે કે, ગુંદા ગ્રામ પંચાયતમાં અમે સરપંચનો હોદો ધરાવીએ છીએ અને અમારી રજુઆત છે કે ગુંદા ગામ પટેલ અનુ.જાતિ સમાજ વચ્ચેના આશરે ૨૦-૨૫ વર્ષ થી પટેલ સમાજ બહિષ્કાર કરેલ અનુ.જાતિ સાથે ગેરવર્તન હેરાન કરે છે. તો અનુ.જાતિ સમાજના આગેવાન મનજીભાઈ આંબાભાઈ અમને રજુઆત કરેલ કે અમને એમ.એ.એલ. અરવિંદભાઈના કાકા મકનભાઈ મનજીભાઈ રૈયાણી ભાયુના દીકરા સુરેશભાઈ નથુભાઈ ને મોકલીને અમને બાબા સાહેબનો ફોટો ફાળી તેના ઉપર જ તેને કૃત્ય કરેલ છે. તેને ધ્યાનમાં રાખીને મનજીભાઈ આંબાભાઈ ને ધાક ધમકી આપે છે અને કહેશે કે ફરીયાદ પાછી ખેંચી લેજો નહીતર મારી નાખીશ અથવા ટાટયા ભાંગી નાખીશ તેમ કહે

(અનુ.પાના નં.૪ ઉપર)

રાજકોટવાસીઓની ભીડ કરવાની લાઇલાજ બિમારીનો ઇલાજ છે કોઇની પાસે?

(તસવીરઃ પંકજ ડાભી)

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ) રાજકોટ : રાજકોટમાં કોરોનાની મહામારી દૈનિક ધોરણે ચાર થી પાંચ ડઝન માનવ જીંદગીઓને મોતના ખપ્પરમાં હોમી રહી છે. રોજે રોજ કોરોના મહાસંક્રમણના ફેલાવાના અહેવાલોથી અખબારોના પાના ભરાયેલા રહે છે. ઇલેકટ્રોનીક મીડિયા ટચુકડા પડદા ઉપરથી પણ પળે પળના કોરોના અહેવાલો, મોત અને કેસના આંકડા, દર્દથી કણસતા દર્દીઓની તસ્વીરો, હૈયા ફાટ રૂદન કરતા પરિજનોના દ્રશ્યો પ્રસારીત થતા રહે છે. નિષ્ણાંતો અને તબીબો ગળા ફાડીફાડીને એવું કહીને થાકયા છે કે, કોરોનાથી બચવું હોય તો ભીડ ન કરો, ગીરદીમાં ન રહો, સામાજીક અંતર જાળવો અને ઘરની બહાર નીકળો તો માસ્ક પહેરી જ રાખો. ઉપરની તસ્વીર જુઓ તમામ તબીબો અને નિષ્ણાંતોના ઉપદેશો ભેંસ આગળ ભાગવત જેવા પુરવાર થઇ રહયા છે અને તેની પાછળનું કારણ રાજકોટવાસીઓની ઘોર ગંભીર બેદરકારી છે. એમને માસ્ક ફાવતા નથી, સામાજીક અંતર એમને આંખના કણાની જેમ ખુચે છે, ગીરદી કરવામાં અનેરો પાશવી આનંદ અનુભવે છે, અમારા તસ્વીરકારોના કેમેરામાં દૈનિક ધોરણે આવા દ્રશ્યો ઝીલાતા રહે છે એ જોઇને કાળજું કંપી ઉઠે છે કેમ કે, આવું બે જવાબદાર વર્તન જો રાજકોટવાસીઓ ચાલુ રાખશે તો મહામારીનો કદી અંત નહીં આવે તેવી પુરેપુરી ભીતી છે. ગઇકાલે રવિવાર હતો એટલે લોકડાઉનનો અમલ કરવાની અને ઘરમાં પરીવાર સાથે રહેવાની પુરેપુરી તક હતી. પણ આતો રાજકોટીયન છે તેને રવિવારે બહાર રખડવાની એક એવી બિમારી લાગુ પડી છે જેનો કોઇ હકીમ કે ડોકટર પાસે ઇલાજ નથી. અહીં થી સૌરાષ્ટ્ર ક્રાંતી અખબાર ખાસ જાહેર અપીલ કરે છે કે, લોકડાઉનો અમલ હોય કે ન હોય કોરોનાની મહામારીથી પોતાના અને પોતાના પરીવારનું રક્ષણ કરો અને એ માટે સામાજીક જવાબદારી સમજી તેનું ચુસ્ત પણે પાલન કરો.

આજે વિશ્વ પત્રકારિતા દિવસ, પારકી છઠ્ઠીના જાગતલોને સલામ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ : આજે વિશ્વ પત્રકારીત્વ દિવસ ઉજવી રહયું છે. પત્રકાર એ સમાજની સાચા અર્થમાં આરસી ગણાય છે. જયાં જયાં ખોટું થતું હોય, જયાં લોકો પરેશાન થતા હોય અને સમસ્યાઓના જાળા જામ્યા હોય ત્યાં ગમે તેવા સંજોગોમાં જાન મુઠ્ઠીમાં લઇને પત્રકાર પહોંચી જતો હોય છે અને સાચી હકીકતોને શોધી કાઢી સમાજ સમક્ષ મુકે છે. યુધ્ધ હોય કે મહામારી, તોફાનો હોય કે દંગલો કે ગોળીઓના વરસાદ હોય પણ જરાય ડગયા વિના અડીખમ રહીને પત્રકાર પોતાની ફરજ બજાવે છે. આ પ્રકારની સેવા બજાવતા અનેક પત્રકારો શહીદીને વળ્યા છે. છેલ્લા લાંબા સમયથી કોરોના નામની મહામારીએ દેશ અને વિશ્વ આખાને ઘેરી લીધુ છે. લોકો જયારે મહામારીથી બચવા ઘરોમાં ભરાઇ રહે છે, શહેરના શહેર અને ગામો લોકડાઉનની સુરક્ષામાં ઠબુરાઇ જતા હોય છે ત્યારે ખુલ્લા મેદાનમાં, જાહેર માર્ગો પર ફરીને જાનના જોખમે અહેવાલોનું સંપાદન કરતા પત્રકારો ખરા અર્થમાં યોધ્ધાઓ છે. કોરોના મહામારી દરમ્યાન પ્રીન્ટ અને ઇલેકટ્રોનીક મીડિયાના ૭૭ જેટલા પત્રકારોએ પોતાની ફરજ બજાવતી વખતે જાન ગુમાવ્યો છે. એ તમામને બે હાથ જોડીને વંદન અને સલામ. અંગત ઝાડતી ગરમી હોય, થીજાવી દેતી ટાઢ હોય કે આંધી તોફાન યા ભયાનક વરસાદ પત્રકાર હંમેશા ઘર અને પરીવારને છોડીને અણીના સમયે મોરચા પર જ હોય છે. ખુબ દિલેરી અને સાહસ બતાવી અસત્યના પડદા પાછળથી સત્યને બહાર ખેંચી લાવનાર જવામર્દોને સલામ.

રાજકોટમાં રેમડેસિવિર ઇન્જેકશન પુરતા હોવાના દાવા છતાં દર્દીના પરિજનોની હાડમારી યથાવત

મુખ્ય વેંચાણ કેન્દ્રમાંથી ઈન્જેકશન અપાતા હોવાથી સેંકડો લોકોને ધરમ ધક્કા, કાં તો વધુ બારીઓ ખોલો અથવા તો મધ્યસ્થ કેન્દ્ર પરથી વધુ મોટા પ્રમાણમાં ઈન્જેકશન આપો, શહેરીજનોમાં ઉગ્ર બનતી જતી માંગણી, મધ્યસ્થ કેન્દ્ર હોવાથી શહેરભરમાંથી રોજ સેંકડો લોકો ઉમટે છે, કલેકટર તંત્રની કામગીરી આજના સાધન-સરંજાથી ભરપુર યુગમાં પણ બાવા આદમના સમયની!!

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ) રાજકોટ, તા.૩

રાજકોટ મહાનગરમાં કોરોના દર્દીઓ માટે એક માત્ર ઉપાય અને આશા સમાન રેમડેસિવિર ઇન્જેકશન મેળવવા માટે કલેકટર તંત્ર દ્વારા મીનાબેન કુંડલીયા કોલેજમાં શરૂ કરવામાં આવેલા મધ્યસ્થ કેન્દ્ર પરથી રેમડેસિવિર ઇન્જેકશનનું ખુબ જ ઓછા પ્રમાણમાં વેંચાણ થઇ રહયું હોવાથી સેંકડો લોકો કલાકો સુધી લાઇનમાં તપવા છતાં વંચિત થઇને પાછા ફરી જતા હોવાની ફરીયાદો સાંભળવા મળી છે. વિતરણ વ્યવસ્થામાં કોઇ સેન્સ જણાતી નથી તેમ લાગે છે જેના કારણે કલેકટર તંત્ર પાસે એમના દાવા મુજબ ઇન્જેકશનનો પુરતો પુરવઠો હોવા છતાં ગોકળગાય જેવી વિતરણ વ્યવસ્થાને કારણે હજુ પણ રોજે રોજ સેંકડો લોકો રેમડેસિવિરની ખેંચ અનુભવી રહયા છે અને કલેકટર તંત્રના દાવાથી વિપરીત પરિસ્થિતિ મધ્યસ્થ કેન્દ્ર પર જોવા મળી રહી છે.

જાણવા મળતી વિગત મુજબ કલેકટર તંત્ર દ્વારા દરરોજ રેમડેસિવિર ઇન્જેકશન મધ્યસ્થ કેન્દ્રમાં મોકલવામાં આવે છે. આ આટલી નાની સંખ્યાનો પુરવઠો માંગને પહોંચી વળી શકે નહીં. રોજ સેંકડો લોકો અહીં કતારમાં ઉભેલા જોવા મળે છે. પરંતુ એક બારી પરથી જ ઇન્જેકશનનું વિતરણ થાય છે . પરીણામે રોજ અનેક લોકો ડેલીએ હાથ દઇને પાછા આવવાની પીડાનો અનુભવ કરી રહયા છે. એટલે વીતરણ વ્યવસ્થા અને સ્ટોક બન્ને દ્રષ્ટિએ કલેકટર તંત્રની કામગીરી અનેક સવાલો લોકોમાં ઉભા કરી રહી છે. એકથી વધુ બારી ખોલવામાં આવે અને વધુ ઇન્જેકશનનો સ્ટોક વેંચાણ માટે મુકવામાં આવે એવી દર્દીઓના પરિજનોની ઉગ્ર માંગણી છે. એ દિશામાં પધ્ધતિસર

(અનુ.પાના નં.૪ ઉપર)

કોરોના સામે જંગ આમ જીતાય : નાનકડું જસવંતપુરા રાહ ચિંધે છે

કોરોનાથી મૃત્યુતો બાજુ એ રહયું અત્યાર સુધીમાં એક પણ કેસ નહીં, સ્વચ્છતા, સ્વયંમ સ્થિતના સહારે મહામારીને મ્હાત કરતું અનોખું ગામડું, કોઇ ચોરા પર કે ઓટા પર બેસતુ નથી, કોઇ સમાજિક કાર્યક્રમો નહીં કે ભીડ નહીં, પરિણિતાઓ પિયર પણ જતી નથી સમગ્ર ગુજરાત માટે પથદર્શક બન્યા ૫૦ ખોરડાં

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ) રાજકોટ, તા.૩

કોરોનાની મહામારીએ બીજી લહેરના અતિસય ચેપી, ઘાતકી અને વ્યાપક આક્રમણમાં ભાગ્યે જ કોઇ ગામ કે શહેર બાકી રાખ્યું છે. સૌરાષ્ટ્રના ખુણે-ખુણે શહેર હોય કે ગામડા કોરોના મહામારી લપેટી રહી છે અને કુદકે ને ભુસકે સંક્રમણ વેગ પકડી રહયું છે. આવા સંજોગોમાં કોઇ એવું કહે કે એક ગામ એવું છે જયાં કોરોનાને ગામના દરવાજાની અંદર પ્રવેશ મળી શકતો નથી તો કોઇ આ વાતને ટાઢા પોરનું ટપ્પુજ માની લેશે. પણ આ કોઇ કલ્પના નથી કે વાર્તા નથી કે ફિલ્મી કહાની નથી. આવું એક ગામ છે જેને કોરોના જેવી મહામારીને ગામની નજીક પણ ફરકવા દીધી નથી અને એ ગામ પણ રાજકોટની પડોશમાં આવેલુ છે. ગામનું નામ જસવંતપુર રાજકોટથી કલાવડ રોડ પર આવેલા આ ગામમાં માત્ર ૫૦ ખોરડાંની વસ્તી છે અહીં કોરોનાથી મૃત્યુ થવાનું તો દુર રહયું અત્યાર સુધીમાં કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી. સલામ કરવી પડે આ આખા ગામને.

કોરોનાથી બચવા સૌરાષ્ટ્ર અને આખુ ગુજરાત સંઘર્ષ કરી રહયું છે ત્યારે આ નાનકડું ગામ કઇ રીતે બચી શકયું? તેની પાછળ આ ગામના ૫૦ ખોરડાંમાં વસ્તા ૩૦૦ ગ્રામજનોનો સહયારો પુરૂષાર્થ, શિસ્ત અને એકતા યશભાગી છે. ગામના ઉપસરપંચ બાબુભાઇ હિરાણી કહે છે કે, આ જ દિન સુધીમાં અમારા ગામમાં કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી. ૫૦ ખોરડાંનું ગામ છે પરંતુ કોરોનાના પ્રોટોકોલનો ચુસ્ત પણે એકે એક ગ્રામવાસીએ અમલ કર્યો છે. બહારથી કોઇ પણ ફેરીયા કે વિક્રેતાને ગામમાં આવવા દેતા નથી, તમામ કાર્યક્રમો અને પ્રસંગો મોકુફ કરી દેવામાં આવ્યા છે, તમામ દુકાનો સજ્જડ બંધ રહે છે, પરણીત મહિલાઓ એમના પીયર જવા માટે પણ ગામ મુકતી નથી અને ગામમાંથી શાકભાજીની એકત્ર કરીને એક જ જગ્યાએથી એટલે કે ગામની શાળાના કમ્પાઉન્ડમાંથી વેંચાણ કરીએ છીએ. લોકોને કોઇ પણ જરૂરી ચીજ-વસ્તુ લેવા માટે ગામની બહાર જવું પડતું નથી.

ઉપસરપંચે એવો પણ દાવો કર્યો હતો કે, ગામની અડધાથી વધુ વસ્તી રસીકરણ કરાવી ચુકી છે. આ રીતે સ્વયંમ શિસ્ત અને મક્કમતા સાથે ગ્રામજનોએ કોવિડ ગાઇડલાઇનનો અમલ કરીને મહામારીને દુર રાખી છે અને ગામમાં પ્રવેસી શકી નથી. એકે એક ગ્રામવાસી સ્વચ્છતા અને સેનીટાઇઝેશનના નિયમોનું પાલન કરે છે, દરેક વ્યકિત માસ્ક પહેરી રાખે છે, સેનીટાઇઝર દરેક ઘરમાં પહોંચાડી દેવામાં આવે છે

(અનુ.પાના નં.૪ ઉપર)

SAURASHTRA KRANTI (DAILY EVENING) Editor, Printer Publisher & Owner : GADHAVI ASHOK MULUBHA, Place of Publication : SAURASHTRA KRANTI KARYALAYA 125, STAR CHAMBER, HARIHAR CHOWK, PANCHNATH PLOT, RAJKOT-360001,ph.No.(0281) 2222306 Printed at: SAURASHTRA PRINTERY, PRAYAG INDUSTRIES PARK, RUDANAGAR, ANANDPAR (NAVAGAM) DIST. RAJKOT-360003 GUJARAT.